# VYAS PANCHANG

ज्योतिष-पंचांग-पूजा पाठ एवं ज्योतिष परामर्श

बालागाम,ता.केशोद,जिला.जूनागढ़,गुजरात,भारत(इन्डिया) पिन:362220

www.vyaspanchang.com, help@vyaspanchang.com, MO.NO.94087 28736 (11 AM TO 06 PM)

॥ श्रीः ॥

# ॥ बालबोधज्योतिषसारसंग्रहः ॥

संस्कृत-गुजरती

VYAS PANCHANG

॥ श्रीः

॥ बालबोध ज्योति

ग्रहगोचरेण

गुर्ज मण्डलान्तर्वर्ति अमद

माणेकलालसुत ज्योति

लिखित गुर्जर टीका

प्रसि

सुन्दरभाई उमेद

बुकसेलर, गांधीरोड

( सर्व हक्क

श्री "सत्यनारायण" प्रिन्टि

छाप्यो. नारायण

संवत् १९७१

आवृत्ति २ जी.

किंमत

द्यापीठ ग्रंथालय
वीराशिक विभाग
वर्गांक
५ ज्योतिष शाख

॥ श्रीः ॥

# ॥ बालबोधज्योतिषसारसंग्रहः ॥

गुर्जरमण्डलान्तर्वर्ति अमदावादनिवासि भट्ट पाह

माणेकलालसुत ज्योतिर्विद् वृन्दावनभट्ट

लिखित गुर्जर टीका सहितः ।

प्रसिद्ध कर्त्ता,

झवेरभाई उमेदभाई पटेल,

बुकसेलर, रीचीरोड—अमदावाद.

( सर्व हक स्वाधीन ).

श्री "सत्यनारायण" प्रिन्टिंग प्रेसमां पटेल मोतीलाल काळीदासे छाप्यो. पानाभाईनी वाडीमां—अमदावाद.

संवत् १९७२ सन १९१६.

आवृत्ति २ जो. प्रत २१००.

किम्मत चार आना.

विद्यापीठ ग्रंथालय

# प्रस्तावना.

यथा शीखा मयूराणां नागानां मणयो यथा ॥
तद्वद्वेदांग शास्त्राणां ज्योतिषं मूर्धनि स्थितम् ॥ १ ॥
अप्रत्यक्षाणि शास्त्राणि विवादस्तेषु केवलम् ॥
प्रत्यक्षं ज्योतिषं शास्त्रं चंद्रार्कौ यत्र साक्षिणौ ॥ २ ॥

આ વિષયના ગ્રંથો અનેક જગ્યાએ પ્રસિદ્ધ થયા છે પરંતુ તે ગ્રંથોમાં ક્રમવિરૂદ્ધતા તથા જે વિષય યોગ્ય છે તે વિષય ન હોવાના કારણથી આ "बालबोध ज्योतिष सारसंग्रह" ગ્રંથ ગુર્જર ટીકા સહિત લખીને પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથ અમદાવાદ જયોતિષ પાઠશાળાના મુખ્ય શાસ્ત્રી ગુરૂવર્ય જયોતિર્વિદ દલસુખરામ હીરાભાઈને બતાવવાથી તથા તેમની અનુમતિથી છપાવીને પ્રકાશિત કર્યો છે. આ બાળબોધ ગ્રંથમાં સંવત્સરાદિ ક્રમથી સર્વ વિષયો આપેલા છે. પાંચ રત્નોથી વિભૂષિત આ બાળબોધ ગ્રંથ જયોતિષ શાસ્ત્રાધ્યયનાભિલાષિયોને પ્રથમ ભણવા યોગ્ય છે.

☞ **વિશેષ વિજ્ઞાપ્ત**–આ ગ્રંથની પ્રથમાવૃત્તિ ખપી જવાથી તથા વિશેષ માંગણી હોવાથી પ્રથમાવૃત્તિમાં રહેલા દોષો જયોતિઃશાસ્ત્રના ઘણા ગ્રંથોદ્વારા દૂર કરી તથા તેમાં ઘણોજ સુધારો વધારો કરી આ ગ્રંથ પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે પ્રથમાવૃત્તિ સાથે સરખાવતાં સમજી શકાશે. વિશેષ જયોતિઃ-શાસ્ત્રાનુરાગી મહાશયો આ ગ્રંથનો સ્વિકાર કરી લાભ મેળવશે તો મને થયેલો શ્રમ સફળ થયેલો સમજી કૃતાર્થ થઈશ.

सर्वहितेषी.

ज्येष्ट शुक्र ३ | जोशी वृन्दावन माणेकलाल.
भौम १९६४ | कालुपूर नवादरवाजा–अमदावाद.

# विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठांक. |
|---|---|
| **संज्ञारत्न १.** | |
| मंगलाचरण | १ |
| संवत्सरज्ञान | ,, |
| संवत्सरनाम | २ |
| अयन ज्ञान | ३ |
| ऋतुज्ञान | ४ |
| मास भेद ज्ञान | ,, |
| मास प्रयोजन | ,, |
| मास ज्ञान | ५ |
| पक्ष तिथिज्ञान | ,, |
| तिथि स्वामि | ६ |
| नंदादि संज्ञा | ,, |
| वार ज्ञान | ७ |
| नक्षत्र ज्ञान | ,, |
| नक्षत्र स्वामी | ८ |
| अवकहडचक्र | ९ |
| राशि ज्ञान | १० |
| राशि स्वामी | १२ |
| तिर्यङ्मुख नक्षत्र | ,, |
| अधोमुख नक्षत्र | १३ |
| ऊर्ध्वमुख नक्षत्र | ,, |
| नक्षत्र संज्ञा | १४ |
| पंचक ज्ञान | १५ |
| योग ज्ञान | १६ |
| करण ज्ञान | १८ |
| भद्रा ज्ञान | १९ |
| करण चक्र | २० |
| भद्रा नाम | २१ |
| भद्रा वास ज्ञान | ,, |
| भद्राङ्ग ज्ञान | २२ |
| भद्राङ्ग फल | ,, |
| भद्रा प्रयोजन | २३ |
| चन्द्रमा वास | २४ |

## योगरत्न २.


| | |
|---|---|
| सिद्धियोग ज्ञान | २५ |
| विरुद्धयोग ज्ञान | २७ |
| सिद्धियोग | २९ |
| अमृतसिद्धियोग | ,, |
| संवर्त्तक योग | ३० |
| क्रकच योग | ,, |
| यमघंट योग | ,, |
| यमदंष्ट्र योग | ३१ |
| मृत्यु योग | ३२ |
| दग्ध योग | ३३ |
| मुशल वज्र योग | ,, |
| रवियोग | ३४ |
| त्रिपुष्कर योग | ,, |
| ज्वालामुखी योग | ३५ |
| उत्पदादि याग | ३६ |
| उत्पादादि चक्र | ,, |
| आनंदादि योग | ३७ |
| आनंदादि योग ज्ञान | ,, |
| दुष्टयोग परिहार | ३८ |
| आनंदादि योग चक्र | ३९ |
| पुष्कर योग | ४१ |
| कपिलाषष्ठी योग | ,, |
| अर्धोदय योग | ,, |
| खर्परयोग | ४२ |
| राज्य भंग योग | ,, |
| युगादि | ४३ |


## मुहूर्तरत्न ३.


| | |
|---|---|
| वर्ज्य योग | ४३ |
| घात चन्द्र | ४४ |
| स्त्रीघात चन्द्र | ४५ |
| घात चन्द्र परिहार | ,, |
| चन्द्र फल | ४६ |
| तारा फल | ४८ |
| नूतन वस्त्र धारण | ४९ |
| स्त्री वस्त्र धारण | ५० |
| देव प्रतिष्ठा मुहूर्त | ,, |
| गृहारंभे भूमि शयन | ५१ |

| | |
|---|---|
| गृहारंभेवृष चक्र | ५२ |
| गृहारंभ मुहूर्त | ,, |
| खात मुहूर्त | ५३ |
| स्तंभ चक्र | ५४ |
| मोभ चक्र | ,, |
| द्वारशाखा चक्र | ५५ |
| कमाड चक्र | ५६ |
| वास्तु पूजन मुहूर्त | ,, |
| गृहप्रवेश मुहूर्त | ५७ |
| कलश चक्र | ५८ |
| जलाशयारंभ मुहूर्त | ,, |
| कूप चक्र | ५९ |
| हळ प्रवाह मुहूर्त | ६० |
| हळ चक्र | ,, |
| बीजोप्ति मुहूर्त | ६१ |
| चुल्ही चक्र | ,, |
| कोल्हू चक्र | ,, |
| चूडी धारण मुहूर्त | ६२ |
| चूडी चक्र | ,, |
| हवन चक्र | ६३ |
| अग्नि वास | ६४ |
| भैषज्य कर्म मुहूर्त | ,, |
| रोगमुक्त स्नान | ६५ |
| उत्पन्न रोगे शुभाशुभ | ,, |
| सर्प दंशे शुभा शुभ वि. | ६६ |
| वाणिज्य कर्म | ,, |
| क्रय विक्रय मुहूर्त | ६७ |
| तैलाभ्यंग | ,, |
| पशुक्रय विक्रय मुहूर्त | ६८ |
| संक्रान्ति पुण्य काळ | ,, |
| अस्तमां वर्जनीय कर्म | ६९ |
| शुक्र विचार | ,, |
| यात्रा मुहूर्त | ७० |
| दिक्शूळ | ७२ |
| नक्षत्र शूळ | ७३ |
| शूळदोष निवारणार्थ भ. | ,, |
| काळ वास | ७४ |
| काळ राहु | ,, |

| | |
|---|---|
| योगिनी वास | ७५ |
| चन्द्रमा वास | ७६ |
| कालवेला विचार | ७७ |


## संस्कार रत्न ४.


| | |
|---|---|
| ऋतुमतीस्नान | ७८ |
| गर्भाधान मुहूर्त | ,, |
| पुंसवन सीमंत मुहूर्त | ७९ |
| प्रसूती स्नान मुहूर्त | ८० |
| नाम करण मुहूर्त | ८१ |
| दोलारोहरण मुहूर्त | ८२ |
| अन्नप्राशन मुहूर्त | ,, |
| कर्णवेध मुहूर्त | ८४ |
| मुण्डन मुहूर्त | ८५ |
| क्षौरकर्म मुहूर्त | ,, |
| अक्षरारंभ मुहूर्त | ८७ |
| विद्यारंभ मुहूर्त | ८८ |
| व्रतबंध मुहूर्त | ,, |
| विवाह मुहूर्त | ९२ |
| पुनर्विवाह मुहूर्त | ,, |
| दत्तक पुत्र मुहूर्त | ९२ |
| ज्येष्ठ विचार | ९३ |
| मंगल विचार | ९५ |
| वरकन्ययोः प्रीतिविचार | ९५ |
| वर्ण ज्ञान | ९६ |
| वश्य विचार | ,, |
| ताराबल विचार | ९७ |
| योनि विचार | ९८ |
| वैर योनि | ९९ |
| राशि स्वामी | ,, |
| ग्रह मैत्रि विचार | १०० |
| ग्रह मैत्रि चक्र | १०१ |
| गण मैत्रि | १०२ |
| भकूट विचार | १०३ |
| मृत्युषडष्टक | ,, |
| प्रीतिषडष्टक | १०४ |
| द्विर्द्वादश | १०४ |
| नव पंचक | १०५ |
| नाडी विचार | ,, |

| | |
|---|---|
| नाडी फल | १०६ |
| वर्ग विचार | १०७ |
| वर्ग चक्र | ,, |
| कर्तरी दोष विचार | १०८ |
| सूर्य बल विचार | ,, |
| गुरु बल विचार | १०९ |
| दशग्रहा दोष विचार | १११ |
| पंचशलाकाचक्र | ,, |
| लत्ता दोष | ११२ |
| लत्ता फल | ११३ |
| पात दोष | ,, |
| पात फल | ११४ |
| युति दोष | ११५ |
| वेध विचार | ,, |
| वेध परिहार | ११६ |
| यामित्र दोष | ,, |
| पंचक विचार | ११७ |
| एकार्गल विचार | ११८ |
| उपग्रह दोष | ११९ |
| क्रान्तिसाम्यदोष | १२० |
| दग्धा तिथि | ,, |
| वधू प्रवेश मुहूर्त | १२२ |
| द्विरागमनमुहूर्त | १२३ |

## मिश्ररत्न ५.

| | |
|---|---|
| जन्मपत्रलेखनप्रकार | १२४ |
| लग्न प्रमाण | ,, |
| जन्मपत्रलेखनोदाहरण | १२५ |
| द्वादश भाव | १२८ |
| दृष्टि विचार | १२९ |
| उच्चनीचग्रह | १३० |
| पुरुषजातक | १३१ |
| वर्षप्रवेशज्ञान | १४० |
| वर्षदशाज्ञान | १४१ |
| रविवार कर्म | १४२ |
| सोमवार कर्म | ,, |
| भौमवार कर्म | १४३ |
| बुधवार कर्म | ,, |
| गुरुवार कर्म | ,, |

| | | | |
|---|---|---|---|
| शुक्रवार कर्म | १४४ | समर्घ महर्घ विचार | १४९ |
| शनिवार कर्म | ,, | गर्भिणी प्रश्न | १५० |
| कार्याकार्य प्रश्न | १४५ | नेत्र स्फुरण | ,, |
| पंथा प्रश्न | ,, | अंग स्फुरण | १५१ |
| कार्यसिद्धि प्रश्न | १४६ | राशि प्रधानता | ,, |
| पशु प्रश्न | ,, | जन्मस्थ चंद्रे वर्ज्य | १५२ |
| नष्ट वस्तु प्रश्न | १४७ | ग्रंथ समाप्ति समय | ,, |



તૈયાર છે.   જ્યોતિષનો અમૂલ્ય ગ્રંથ.   તૈયાર છે.

વર્ષફળ બનાવવાનો તથા તેનું ફળાદેશ જોવાનો
અત્યુત્તમ અદ્વિતીય ગ્રંથ.

# તાજિકસારસંગ્રહ.

**શુદ્ધ ગુજરાતી ટીકા અને સ્પષ્ટ ઉદાહરણ સહિત.**

**આ ગ્રંથમાં ત્રણ અધ્યાય પાડવામાં આવ્યા છે.**

પહેલા ગણિતાધ્યાયમાં વર્ષફળ બનાવવાનું ગણિત સ્પષ્ટ ઉદાહરણ સાથે, બીજા ભાવાધ્યાયમાં ચળિ ગયેલા સૂર્યાદિ ગ્રહોનું ફળ તથા ત્રીજા ફળાધ્યાયમાં વર્ષફળનું સર્વોત્કૃષ્ટ ફળાદેશ આપવામાં આવ્યું છે. આ ગ્રંથનો સંગ્રહ કરવાથી પોતાના હાથેજ પોતાનું વર્ષફળ બનાવી શકાય છે તથા તેનું ફળાદેશ જોઈ શકાય છે. આ ગ્રંથનાં પ્રસિદ્ધ વિદ્વાનોનાં ઉત્તમ સર્ટીફિકેટો મળ્યાં છે. કીંમત **૧ રૂપીઓ. ટપાલ ખર્ચ ૨ આના. ગ્રંથ મળવાનું ઠેકાણું.**

ગ્રંથકર્ત્તા—**જોશી વૃંદાવન માણેકલાલ**

કાળુપૂર નવાદરવાજા— **અમદાવાદ.**

॥ श्री गणेशायनमः ॥

# ॥ बालबोध ज्योतिष सारसंग्रहः ॥

## ॥ गुर्जर भाषानुवाद सहितः ॥

॥ मंगलाचरणम् ॥

गणाधिपं नमस्कृत्य ज्योतिःसारसुसंग्रहम् ॥
भट्टवृन्दावनः कुर्वे लोकानां हितकाम्यया ॥ १ ॥

ગણપતિને નમસ્કાર કરીને જ્યોતિષશાસ્ત્રના સુંદર સારનો સંગ્રહ ભટ્ટ વૃંદાવન લોકોના હીત કામનાને વાસ્તે કરે છે. ૧

## प्रथमं संज्ञारत्नं प्रारभ्यते.

### संवत्सर ज्ञान.

संवत्कालो ग्रहयुतः कृत्वाशून्यरसैर्हृतः ॥
शेषाः संवत्सराज्ञेयाः प्रभवाद्याबुधैः क्रमात् ॥ २ ॥

વિક્રમીય સંવત્‌ના અંકોમાં નવ યુક્ત કરી સાઠનો ભાગ આપવાથી જે શેષ રહે તે પ્રભવાદિ સંવત્સરનાં નામ પંડિતોએ ક્રમપૂર્વક જાણવાં. ૨.

### संवत्सर नाम.

प्रभवो विभवः शुक्लः प्रमोदोऽथ प्रजापतिः ॥
अङ्गिराः श्रीमुखो भावोयुवाधाता तथैवच ॥ ३ ॥
ईश्वरोबहुधान्यश्च प्रमाथीविक्रमोवृषः ॥
चित्रभानुः सुभानुश्च तारणः पार्थिवोव्ययः ॥ ४ ॥
सर्वजित्सर्वधारीच विरोधी विकृतिः खरः ॥
नन्दनोविजयश्चैव जयोमन्मथ दुर्मुखौ ॥ ५ ॥
हेमलम्बी विलम्बी च विकारी शार्वरी प्लवः ॥
शुभकृच्छोभनः क्रोधी विश्वावसु पराभवौ ॥ ६ ॥
प्लवंगः कीलकः सौम्यः साधारण विरोधकृत् ॥
परिधावी प्रमादीच ह्यानन्दोराक्षसोनलः ॥ ७ ॥
पिंगलः कालयुक्तश्च सिद्धार्थीरौद्रदुर्मती ॥
दुंदुभी रुधिरोद्गारी रक्ताक्षी क्रोधनः क्षयः ॥ ८ ॥

૧ પ્રભવ, ૨ વિભવ, ૩ શુક્લ, ૪ પ્રમોદ, ૫ પ્રજાપતિ, ૬ આંગિરા, ૭ શ્રીમુખ, ૮ ભાવ, ૯ યુવા, ૧૦ ધાતા, ૧૧ ઈશ્વર, ૧૨ બહુધાન્ય, ૧૩ પ્રમાથી, ૧૪ વિક્રમ, ૧૫ વૃષ, ૧૬

ચિત્રભાનુ, ૧૭ સુભાનુ, ૧૮ તારણ, ૧૯ પાર્થિવ, ૨૦ વ્યય, ૨૧ સર્વજિત, ૨૨ સર્વધારી, ૨૩ વિરોધી, ૨૪ વિકૃતી, ૨૫ ખર, ૨૬ નંદન, ૨૭ વિજય, ૨૮ જય, ૨૯ મન્મથ, ૩૦ દુર્મુખ, ૩૧ હેમલંબી, ૩૨ વિલંબી, ૩૩ વિકારી, ૩૪ શાર્વરી, ૩૫ પ્લવ, ૩૬ શુભકૃત, ૩૭ શોભન, ૩૮ ક્રોધી, ૩૯ વિશ્વાવસુ, ૪૦ પરાભવ, ૪૧ પ્લવંગ, ૪૨ કીલક, ૪૩ સૌમ્ય, ૪૪ સાધારણ, ૪૫ વિરોધકૃત, ૪૬ પરિધાવી, ૪૭ પ્રમાદી, ૪૮ આનંદ, ૪૯ રાક્ષસ, ૫૦ નલ, ૫૧ પિંગલ, ૫૨ કાલયુક્ત, ૫૩ સિદ્ધાર્થી, ૫૪ રૌદ્ર, ૫૫ દુર્મતી, ૫૬ દુંદુભી, ૫૭ રૂધિરોદ્ગારી, ૫૮ રક્તાક્ષી, ૫૯ ક્રોધન, ૬૦ ક્ષય. ૩–૮.

## अयन ज्ञान.

मकराद्राशिषट्केर्के प्रोक्तं चैवोत्तरायणम् ॥
षट्सुकर्कादितिर्ज्ञेयं दक्षिणं ह्ययनं रवेः ॥ ९ ॥

મકરાદિ ૬ રાશિના સૂર્યને ઉત્તરાયણ કહે છે અને કર્કાદિ ૬ રાશિના સૂર્યને દક્ષિણાયન કહે છે. ૯.

## ऋतु ज्ञान.

मीन मेषगते सूर्ये वसंतः परिकीर्तितः ॥
वृषभेमिथुनें ग्रीष्मो वर्षा सिंहेऽथकर्कटे ॥ १० ॥

कन्यायां च तुलायां च शरदृतुरुदाहृतः ॥
हेमंतो वृश्चिक द्वंद्वे शिशिरोमृगकुंभयोः ॥ ११ ॥

મીન અને મેષનો સૂર્ય હોય તો વસંતઋતુ, વૃષભ અને મિથુનનો સૂર્ય હોય તો ગ્રીષ્મઋતુ, કર્ક અને સિંહનો સૂર્ય હોય તો વર્ષાઋતુ, કન્યા અને તુળાનો સૂર્ય હોય તો શરદ્ઋતુ, વૃશ્ચિક અને ધનનો સૂર્ય હોય તો હેમંતઋતુ તથા મકર અને કુંભનો સૂર્ય હોય તો શિશિરઋતુ જાણવી. ૧૦-૧૧.

मास भेद ज्ञान.

मासोदर्शावधिश्चान्द्रः सौरः संक्रमणाद्रवेः ॥
त्रिंशद्दिनः सावनिको नाक्षत्रोविधु संभ्रमात् ॥१२॥

શુક્લપક્ષની પ્રતિપદાથી અમાવાસ્યા સુધી ચાંદ્રમાસ કહેવાય છે. સૂર્યની એક રાશિ ભોગવવાથી સૌરમાસ કહેવાય છે, કૃષ્ણપક્ષની પ્રતિપદાથી પૂર્ણિમા સુધી સાવનમાસ કહેવાય છે તથા ચંદ્ર નક્ષત્ર પર્યંત નાક્ષત્ર માસ કહેવાય છે. ૧૨.

मास प्रयोजन.

विवाहादौ स्मृतः सौरो यज्ञादौ सावनः स्मृतः ॥
पितृकार्येषु चान्द्रंस्याद्दार्क्षं दान व्रतेषु च ॥ १३ ॥

વિવાહાદિ કાર્યોમાં સૌરમાસ કહેલા છે, યજ્ઞાદિ કાર્યોમાં સાવનમાસ કહેલા છે, પિતૃકાર્યમાં ચાંદ્રમાસ અને દાનવ્રતમાં નાક્ષત્રમાસ ગ્રહણ કરવા એવું પંડિતો કહે છે. ૧૩.

### मास ज्ञान.

मासश्चैत्रोथ वैशाखो ज्येष्ठ आषाढ संज्ञकः ॥
ततस्तु श्रावणो भाद्रपदाथाश्विन संज्ञकः ॥ १४ ॥
कार्तिको मार्गशीर्षश्च पौषो माघोथ फाल्गुनः ॥१५॥

૧ ચૈત્ર, ૨ વૈશાખ, ૩ જયેષ્ઠ, ૪ આષાઢ, ૫ શ્રાવણ, ૬ ભાદ્રપદ, ૭ આશ્વિન, ૮ કાર્તિક, ૯ માર્ગશીર્ષ, ૧૦ પૌષ, ૧૧ માઘ, ૧૨ ફાલ્ગુન આ બાર માસનાં નામ છે. ૧૪–૧૫

### पक्षतिथि ज्ञान.

शुक्ल कृष्णावुभौ पक्षौ देव पित्रे च कर्मणि ॥
प्रतिपच्च द्वितीया च तृतीया तदनंतरम् ॥ १६ ॥
चतुर्थी पंचमी षष्ठी सप्तमी चाष्टमी तथा ॥
नवमी दशमी चैवैकादशी द्वादशी ततः ॥ १७ ॥
त्रयोदशी ततोज्ञेया ततः प्रोक्ता चतुर्दशी ॥
पौर्णिमा शुक्लपक्षेतु कृष्णपक्षेत्वमास्मृता ॥ १८ ॥

દેવકર્મમાં શુક્લપક્ષ અને પિતૃકર્મમાં કૃષ્ણપક્ષ એમ બે પક્ષ છે. તિથિઓનાં નામઃ—પ્રતિપદા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી, અષ્ટમી, નવમી, દશમી, એકાદશી, દ્વાદશી, ત્રયોદશી, ચતુર્દશી અને શુક્લપક્ષમાં પૂર્ણિમા તથા કૃષ્ણપક્ષમાં અમાવાસ્યા કહી છે. ૧૬–૧૮.

## तिथि स्वामी.

क्रमात्तिथीनां पतयोऽग्निधातृ गौरी गणेशोऽहि गुहो रविश्च ॥ महेश दुर्गान्तक विश्व विष्णु कामेश सोमाः पितरोहिदर्शे ॥ १९ ॥

પ્રતિપદાનો સ્વામી અગ્નિ, દ્વિતીયાનો સ્વામી બ્રહ્મા, તૃતીયાનો સ્વામી પાર્વતી, ચતુર્થીનો ગણેશ, પંચમીનો સર્પ, ષષ્ઠીનો કાર્તિકસ્વામી, સપ્તમીનો સૂર્ય, અષ્ટમીનો શીવ, નવમીની દુર્ગાદેવી, દશમીનો યમ, એકાદશીનો વિશ્વદેવ, દ્વાદશીનો વિષ્ણુ, ત્રયોદશીનો કામદેવ, ચતુર્દશીનો શીવ, પૂર્ણિમાનો ચંદ્ર અને અમાવાસ્યાનો પિતૃદેવ આ પ્રમાણે તિથિયોના સ્વામીઓ કહેલા છે. ૧૯

## नन्दादि संज्ञा.

नंदा भद्रा जया रिक्ता पूर्णाश्चतिथयः क्रमात् ॥
वारत्रयं समावर्त्य तिथयः प्रतिपन्मुखाः ॥ २०

પ્રતિપદાથી આરંભીને ત્રણ ત્રણવાર ગણવાથી નંદા આદિ તિથિઓની સંજ્ઞા હોય છે. ૧-૬-૧૧ નંદા, ૨-૭-૧૨ ભદ્રા, ૩-૮-૧૩ જયા, ૪-૯-૧૪ રિક્તા, ૫-૧૦-૧૫ પૂર્ણાતિથિ કહેવાય છે. ૨૦

## वार ज्ञान.

आदित्यश्चन्द्रमाभौमो बुधश्चाथ बृहस्पतिः ॥
शुक्रः शनैश्चर श्चैते वासराः परिकीर्त्तिताः ॥ २१ ॥

આદિત્ય (સૂર્ય), ચંદ્રમા, ભૌમ (મંગળ), બુધ, બૃહસ્પતિ (ગુરૂ), શુક્ર અને શનિ આ સાત વાર કહેલા છે. ૨૧.

गुरुश्चन्द्रोबुधः शुक्रः शुभावाराः शुभे स्मृताः ॥
क्रूरास्तु क्रूरकृत्येषु ग्राह्या भौमार्क सूर्यजाः ॥ २२ ॥

ગુરૂ, ચંદ્ર, બુધ અને શુક્ર આ શુભવાર કહેલા છે તે શુભ કાર્યમાં શુભ ફળને આપે છે. તથા મંગળ, સૂર્ય અને શનિ આ ક્રૂરવાર કહેલા છે તે ક્રૂરકર્મમાં ગ્રાહ્ય છે. ૨૨

## नक्षत्र ज्ञान.

अश्विनी भरणीचैव कृतिका रोहिणी मृगः ॥
आर्द्रा पुनर्वसुः पुष्यस्ततोऽश्लेषा मघा तथा ॥ २३ ॥

पूर्वाफाल्गुनिका तस्मादुत्तराफाल्गुनी ततः ॥
हस्तश्चित्रा तथा स्वाती विशाखा तदनंतरम् ॥२४॥
अनुराधा ततोज्येष्ठा ततो मूलं निगद्यते ॥
पूर्वाषाढोत्तराषाढस्त्वभिजिच्छ्रवणस्तथा ॥ २५ ॥
धनिष्ठा शततारास्यं पूर्वाभाद्रपदा ततः ॥
उत्तरा भाद्रपाच्चैव रेवत्येतानि भानिच ॥ २६ ॥

૧ અશ્વિની, ૨ ભરણી, ૩ કૃતિકા, ૪ રોહિણી, ૫ મૃગશીર્ષ, ૬ આર્દ્રા, ૭ પુનર્વસુ, ૮ પુષ્ય, ૯ આશ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વાફાલ્ગુનિ, ૧૧ ઉત્તરાફાલ્ગુનિ, ૧૩ હસ્ત, ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતી, ૧૬ વિશાખા, ૧૭ અનુરાધા, ૧૮ જયેષ્ઠા, ૧૯ મૂળ, ૨૦ પૂર્વાષાઢા, ૨૧ ઉત્તરાષાઢા, ૨૨ અભિજિત, ૨૩ શ્રવણ, ૨૪ ધનિષ્ઠા, ૨૫ શતભિષા, ૨૬ પૂર્વાભાદ્રપદ, ૨૭ ઉત્તરા ભાદ્રપદ, ૨૮ રેવતી આ અઠ્ઠાવીસ નક્ષત્રો છે.

नक्षत्र स्वामि.

दस्रोयमोऽनलो धाता चन्द्रोरुद्रोऽदितिर्गुरुः ॥
भुजंगमश्चपितरो भगोऽर्यम दिवाकरौ ॥ २७ ॥

त्वष्टावायुश्च शक्राग्नि मित्रः शुक्रश्चनिर्ऋतिः ॥
जलं विश्वविधिर्विष्णु र्वासवो वरुणस्तथा ॥ २८ ॥
अजैकपादहिर्बुध्न्यः पुषेति कथितोबुधैः ॥
अष्टाविंशति मंख्यानां नक्षत्राणामधीश्वराः ॥ २९ ॥

અશ્વિનીનો સ્વામી અશ્વિનીકુમાર, ભરણીનો યમ, કૃતિકાનો અગ્નિ, રોહિણીનો બ્રહ્મા, મૃગશીર્ષનો ચંદ્રમા, આર્દ્રાનો શીવ, પુનર્વસુનો અદિતિ, પુષ્યનો બ્રહસ્પતિ, આશ્લેષાનો સર્પ, મઘાનો પિતૃદેવ, પૂર્વાફાલ્ગુનિનો ભગદેવ, ઉત્તરાફાલ્ગુનિનો અર્યમા, હસ્તનો સૂર્ય, ચિત્રાનો વિશ્વકર્મા, સ્વાતીનો વાયુ, વિશાખાનો ઇંદ્ર અને અગ્નિ, અનુરાધાનો સૂર્ય, જયેષ્ઠાનો ઇંદ્ર, મૂળનો નિર્ઋતિ, પૂર્વાષાઢાનો જળ, ઉત્તરાષાઢાનો વિશ્વદેવ, અભિજીતનો વિધિ, શ્રવણનો વિષ્ણુ, ધનિષ્ઠાનો વસુ, શતભિષાનો વરૂણ, પૂર્વાભાદ્રપદનો અજચરણ, ઉત્તરા ભાદ્રપદનો અહિર્બુધ્ન્ય અને રેવતીનો પુષા; આ પ્રમાણે અઠાવીશ નક્ષત્રોના સ્વામીઓ પંડિતોએ કહેલા છે. ૨૭–૨૯.

चूचेचोला अश्विनी, लीलूलेलो भरणी, आईऊए कृत्तिका, ओवावीवू रोहिणी, वेवोकाकीमृगशीर्ष, कुघङछ आर्द्रा, केकोहाही पुंनर्वसु, हूहेहोडा

पुष्य, डीडूडेडो आश्लेषा; मामीमूमे मघा, मोटाटी-
टू पूर्वाफाल्गुनि, टेटोपापी उत्तराफाल्गुनि, पूषणठ
हस्त, पेपोरारी चित्रा, रुरेरोता स्वाती, तीतूतेतो
विशाखा, नानीनूने अनुराधा, नोयायीयू ज्येष्ठा,
येयोभाभी मूल, भूधाफाढा पूर्वाषाढा, भेभोजाजी
उत्तराषाढा, जूजेजोखा अभिजित्, खीखूखेखो
श्रवण, गागीगूगे धनिष्ठा, गोसासीसू शतभिषा,
सेसोदादी पूर्वाभाद्रपद, दूथझञ उत्तराभाद्रपद, देदो-
चाची रेवती.

એક નક્ષત્રના ચાર ચરણ હોય છે અને તે દરેક ચરણમાં જુદા જુદા અક્ષરો આવે છે જેવી રીતે ચૂચેચોલા અશ્વિની, લીલૂલેલો ભરણી આ પ્રમાણે દરેક નક્ષત્રોના ચરણના અક્ષરો ઉપર પ્રમાણે સમજી લેવા.

### राशि ज्ञान.

सप्तविंशति भानांच नवभिर्नवभिःपदैः ॥
अश्विनी प्रमुखानां च मेषाद्या राशयः स्मृताः ॥ २०

અભિજિત્‌ને છોડીને અશ્વિની આદિ સત્તાવીસ નક્ષત્રોનાં નવ નવ ચરણો મળીને મેષાદિ બાર રાશિયો કહી છે. ૨૦.

अश्विनी भरणी कृत्तिका पादमेकं मेषः ॥ १ ॥
कृत्तिकायास्त्रयःपादारोहिणी मृगशिरार्द्धं वृषभः॥२॥
मृगशिरार्द्धमार्द्रा पुनर्वसु पादत्रयं मिथुनः ॥ ३ ॥
पुनर्वसु पादमेकं च पुष्यमाश्लेषान्तं कर्कः ॥ ४ ॥
मघा पूर्वाउत्तराफाल्गुनी पादमेकं सिंहः ॥ ५ ॥
उत्तराफाल्गुनित्रयः पादाः हस्तश्चित्रार्द्धं कन्या ॥६॥
चित्रार्द्धं स्वाती विशाखा पादत्रयं तुला ॥ ७ ॥
विशाखा पादमेकमनुराधा ज्येष्ठान्तं वृश्चिकः॥ ८॥
मूलं च पूर्वाषाढोत्तराषाढा पादमेकं धनुः ॥ ९ ॥
उत्तरायास्त्रयः पादाः श्रवण धनिष्ठार्द्धं मकरः ॥ १० ॥
धनिष्ठार्द्धं शतभिषा पूर्वाभाद्रपदा पादास्त्रयः कुंभः ११
पूर्वाभाद्रपदापादमेकमुत्तराभाद्रपदा रेवत्यंतं मीनः१२

અશ્વિનીના ચાર ચરણ તેમજ ભરણીના ચાર ચરણ અને કૃત્તિકાનો એક ચરણ એવાં નવ ચરણ મળી એક મેષ રાશિ થઇ. કૃત્તિકાના ત્રણ ચરણ, રોહિણીના ચાર ચરણ અને મૃગ શીર્ષના બે ચરણ મળી વૃષભ રાશિ થઈ. આ પ્રમાણે મિથુન આદિ રાશિયોને નીચેના ચક્રમાં સ્પષ્ટ સમજી લેવી.

आलाई मेष, बावाऊ वृषभ, काछाघा मिथुन, डाहा कर्क, माटा सिंह, पाठण कन्या, राता तुला, नोया वृश्चिक, भाधाफाढा धन, खाजा मकर, गोसा कुंभ, दाचाझाथाक्षा मीन.

राशि स्वामि.

मेष वृश्चिकयो र्भौमः शुक्रोवृष तुलाधिपः ॥
बुधः कन्या मिथुनयोः कर्कस्याधिपतिर्विधुः ॥३१॥
स्यान्मीन धनुषोर्जीवः शनिर्मकरकुंभयोः ॥
सिंहस्याधिपतिः सूर्यः कथितो गणकोत्तमैः ॥३२॥

મેષ અને વૃશ્ચિકનો સ્વામી મંગળ, વૃષભ અને તુલાનો સ્વામી શુક્ર, કન્યા અને મિથુનનો સ્વામી બુધ, કર્કનો સ્વામી ચંદ્રમા, મીન અને ધનનો સ્વામી ગુરૂ, મકર અને કુંભનો સ્વામી શનિ તથા સિંહનો સ્વામી સૂર્ય છે. ૩૧-૩૨.

तिर्यङ्मुख नक्षत्र.

रेवती युगलं ज्येष्ठा मैत्रं हस्त त्रयं मृगः ॥
पुनर्वसुश्च विज्ञेयो गणस्तिर्यङ्मुखो बुधैः ॥ ३३ ॥

बीजरोपंच वाणिज्यं सर्वसिद्धं च कारयेत् ॥
वाहनानि च यंत्राणि गमनं च विधियते ॥ ३४ ॥

રેવતી, અશ્વિની, જયેષ્ઠા, અનુરાધા, હસ્ત, ચિત્રા, સ્વાતી, મૃગશીર્ષ અને પુનર્વસુ આ તિર્યંગમુખ નક્ષત્રો જાણવાં. આ નક્ષત્રોમાં બીજરોપણ, વાણિજ્યકર્મ, વાહન, યંત્ર અને ગમન આ સર્વ સિદ્ધિકારક છે. ૩૩-૩૪.

### अधोमुख नक्षत्र.

पूर्वात्रयं मघाश्लेषा विशाखा कृत्तिका यमः ॥
मूलं चाधोमुखोज्ञेयो नवकोयं गणोबुधैः ॥ ३५ ॥
भूकार्यमुग्रकार्यं च खननं विवरस्य च ॥
युद्धं चाधोमुखं यच्चतत्कार्यं कारयेद्बुधः ॥ ३६ ॥

પૂર્વાફાલ્ગુનિ, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, આશ્લેષા, વિશાખા, કૃતિકા, ભરણી અને મૂળ આ અધોમુખ નક્ષત્રો જાણવાં. આ નક્ષત્રોમાં ભૂમિ ગ્રામાદિ કામ, ઉગ્રકામ, ખોદવાનું કામ, ગુફા તથા યુદ્ધકાર્ય કરવું શ્રેષ્ઠ છે. ૩૫-૩૬.

### ऊर्ध्वमुख नक्षत्र.

उत्तरात्रितयं पुष्यो रोहिण्यार्द्रा श्रुति त्रयम् ॥
ऊर्ध्व वक्रो गणो ज्ञेयो नक्षत्राणां मनीषिभिः ॥३७॥

प्रासादच्छत्र गेहानि प्राकारध्वज तोरणम् ॥
नानाभिषेकमश्वं च कुर्यादूर्ध्वमुखे गणे ॥ ३८ ॥

ઉત્તરાફાલ્ગુનિ, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, પુષ્ય, રોહિણી, આર્દ્રા, શ્રવણ, ધનિષ્ઠા અને શતભિષા આ નક્ષત્રો ઊર્ધ્વમુખ જાણવાં. આ નક્ષત્રોને વિષે દેવમંદિર બાંધવું, છત્ર ધારણ કરવું, ઘર બાંધવું, કોટ બાંધવો, ધ્વજા તોરણ બાંધવાં, રાજ્યાભિષેક કરવો, તથા અશ્વ ઉપર આરોહણ કરવું શુભ છે. ૩૭–૩૮.

नक्षत्र संज्ञा.

चरं चलं स्मृतं स्वाती पुनर्वसु श्रुतित्रयम् ॥
क्रूरमुग्रं मघा पूर्वा त्रितयं भरणी तथा ॥ ३९ ॥
ध्रुवं स्थिरं विनिर्दिष्टं रोहिणी चोत्तरात्रयम् ॥
तीक्ष्ण दारुणमश्लेषा ज्येष्ठार्द्रामूलमेवच ॥ ४० ॥
लघुक्षिप्रं स्मृतं पुष्यं हस्तोऽश्विन्यभिजित्तथा
मृदुमैत्रं स्मृतं चित्राऽनुराधा रेवती मृगः ॥ ४१ ॥
मिश्रं साधारणं प्रोक्तं विशाखा कृतिका तथा ॥
नक्षत्रेष्वेषु कर्माणि नामतुल्यानि कारयेत् ॥ ४२ ॥

સ્વાતી, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા, અને શતભિષા આ નક્ષત્રો ચર અને ચળ સંજ્ઞક છે. મઘા, પૂર્વાફાલ્ગુનિ, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ અને ભરણી આ નક્ષત્રો ક્રૂર અને ઉગ્ર સંજ્ઞક છે. રોહિણી, ઉત્તરા ફાલ્ગુનિ, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ આ નક્ષત્રો ધ્રુવ અને સ્થિર સંજ્ઞક છે. આશ્લેષા, જ્યેષ્ઠા, આર્દ્રા અને મૂળ આ નક્ષત્રો તીક્ષ્ણ અને દારૂણ સંજ્ઞક છે. પુષ્ય, હસ્ત, અશ્વિની અને અભિજિત્ આ નક્ષત્રો લઘુ અને ક્ષિપ્ર સંજ્ઞક છે. ચિત્રા, અનુરાધા, રેવતી અને મૃગશીર્ષ આ નક્ષત્રો મૃદુ અને મૈત્ર સંજ્ઞક છે. વિશાખા અને કૃત્તિકા આ નક્ષત્રો મિશ્ર અને સાધારણ સંજ્ઞક છે. આ નક્ષત્રોનું સંજ્ઞાફળ નામાનુસાર સમજી તે તે નક્ષત્રોમાં ઉક્ત કાર્ય કરવું. ૩૯–૪૨.

### पंचक ज्ञान.

**वासवोत्तरदलादि पंचके याम्यदिग्गमनगेह गोपनम्**
**प्रेतदाह तृण काष्ठ संग्रह शय्यकावितनं च वर्जयेत्**

ધનિષ્ઠા નક્ષત્રના ઉત્તરાર્ધથી આરંભીને રેવતી પર્યંત પાંચ નક્ષત્રોને પંચક કહે છે. અર્થાત્ કુંભ અને મીનના ચંદ્રમા પંચક કહેવાય છે. તેમાં દક્ષિણ દિશાની યાત્રા, ગૃહાચ્છાદન, પ્રેતદાહ, ઘાસ અને કાષ્ઠનો સંગ્રહ તથા શય્યા ( ખાટલો ) ભરવો ઈત્યાદિ વર્જિત છે. ૪૩.

### योग ज्ञान.

**वाक्पतेरर्के नक्षत्रं श्रवणाच्चान्द्रमेव च ॥**
**गणयेत्तद्युतिंकुर्याद्योगः स्याद्दक्षशेषतः ॥ ४४ ॥**

પુષ્ય નક્ષત્રથી સૂર્ય નક્ષત્ર સુધી ગણી અને શ્રવણ નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણી તે બન્ને સંખ્યાઓને યુક્ત કરી સત્તાવીસનો ભાગ આપવાથી જે શેષ રહે તે વિષ્કંભાદિ યોગ જાણવા. ઉદાહરણ—સંવત ૧૯૬૫ના ફાલ્ગુન સુદી પૂર્ણિમા અને શનિવારનો યોગ જાણવો છે તો સૂર્ય નક્ષત્ર પૂર્વાભાદ્રપદ છે. પુષ્ય નક્ષત્રથી પૂર્વાભાદ્રપદ સુધી ગણવાથી ૧૮ સંખ્યા થઈ અને શ્રવણથી દિન નક્ષત્ર પુર્વાફાલ્ગુનિ સુધી ગણવાથી ૧૭ સંખ્યા થઈ, તે બન્નેનો યોગ કરવાથી ૩૫ સંખ્યા થઈ; તેને ૨૭નો ભાગ આપવાથી શેષ ૮ રહી તે વિષ્કંભથી ગણવાથી આઠમો ધૃતિ યોગ આવે છે. એ પ્રમાણે સત્તાવીસે યોગો જાણી લેવા. ૪૪.

**विष्कंभः प्रीतिरायुष्मान् सौभाग्यः शोभनस्तथा ॥**
**अतिगण्डः सुकर्माच धृतिः शूलस्तथैव च ॥ ४५ ॥**
**गण्डो वृद्धिर्ध्रुवश्चैव व्याघातो हर्षणस्तथा ॥**
**वज्र सिद्धि व्यतीपातो वरीयान् परिघः शिवः ॥ ४६ ॥**

सिद्धः साध्यः शुभः शुक्लो ब्रह्मैन्द्रोवैधृतिः क्रमात्॥
सप्तविंशति योगास्तु कुर्युर्नाम समं फलम् ॥ ४७॥

૧ વિષ્કંભ, ૨ પ્રીતિ, ૩ આયુષ્યમાન્, ૪ સૌભાગ્ય, ૫ શોભન, ૬ અતિગંડ, ૭ સુકર્મા. ૮ ધૃતિ, ૯ શૂળ, ૧૦ ગંડ, ૧૧ વૃદ્ધિ, ૧૨ ધ્રુવ. ૧૩ વ્યાઘાત, ૧૪ હર્ષણ, ૧૫ વજ્ર, ૧૬ સિદ્ધિ, ૧૭ વ્યતીપાત, ૧૮ વરીયાન્, ૧૯ પરિઘ, ૨૦ શિવ, ૨૧ સિદ્ધ, ૨૨ સાધ્ય, ૨૩ શુભ, ૨૪ શુક્લ, ૨૫ બ્રહ્મ. ૨૬ ઐન્દ્ર, ૨૭ વૈધૃતિ આ સત્તાવીસ યોગો નામના તુલ્ય ફળ આપે છે. ૪૫–૪૭.

विरुद्धसंज्ञा इहयेचयोगास्तेषामनिष्टः खलुपाद आद्यः
सवैधृतिस्तुव्यतिपातनामा सर्वोप्यनिष्टः परिघस्य
चार्धम् ॥ ४८॥ तिस्रस्तु योगे प्रथमे च वज्रे व्या-
घात संज्ञे नवपंच शूले ॥ गण्डेऽतिगण्डे च षडे
वनाड्यः शुभेषु कार्येषु विवर्जनीयाः॥ ४९ ॥

પૂર્વોક્ત યોગોમાંથી જે વિરૂદ્ધ યોગ હોય તેનો પ્રથમનો ચતુર્થાંશ (ચોથોભાગ) વર્જિત છે, વ્યતીપાત અને વૈધૃતિ સંપૂર્ણ વર્જિત છે, પરિઘ યોગ અડધો વર્જિત છે, વિષ્કંભ અને વજ્રની ત્રણ ત્રણ ઘડી, વ્યાઘાતની નવ ઘડી, શૂળની પાંચ

ઘડી અને ગંડ તથા અતિગંડની છ છ ઘડી શુભ કાર્યમાં વર્જિત છે. ૪૮–૪૯.

### करण ज्ञान.

गताश्चतिथयोद्वाभ्यांनिघ्नाः शुक्लादितः क्रमात् ॥
बवाच्च करणं पूर्वेज्ञेयं सैकं परेदले ॥ ५० ॥

શુક્લપક્ષની પ્રતિપદાથી આરંભીને ગત તિથિયોની સંખ્યાને બેથી ગણી સાતનો ભાગ આપવાથી જે શેષ રહે તે પૂર્વાર્દ્ધને વિષે બવાદિ કરણો જાણવા, તથા તેમાં એક ઉમેરવાથી બીજા દલને વિષે બવાદિ કરણો આવે છે. ૫૦.

बवश्च बालवश्चैव कौलवस्तैतिल स्तथा ॥
गरश्चवणिजो विष्टिः सप्तैतानि चराणिच ॥ ५१ ॥
कृष्ण पक्षे चतुर्दश्यां शकुनिः पश्चिमे दले ॥
चतुष्पदश्च नागश्च अमावास्या दलेद्वये ॥ ५२ ॥
शुक्ल प्रतिपदायाश्च किंस्तुघ्नः प्रथमेदले ॥
स्थिराण्येतानि चत्वारि करणानिजगुर्बुधाः ॥ ५३ ॥
शुक्लप्रतिपदांते च बवाख्यः करणोभवेत् ॥
एकादशैव ज्ञेयानि चर स्थिर विभागतः ॥ ५४ ॥

૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતિલ, ૫ ગર, ૬ વ- ણિજ, ૭ વિષ્ટિ આ સાત કરણ ચર સંજ્ઞક જાણવા. કૃષ્ણપક્ષ- ની ચતુર્દશીના બીજા દલને વિષે શકુની નામ કરણ હોય છે. અમાવાસ્યાના પૂર્વદલમાં ચતુષ્પદ કરણ તથા પશ્ચિમ દલમાં નાગ કરણ હોય છે. શુકલપક્ષની પ્રતિપદાના પ્રથમ દલમાં કિંસ્તુઘ્ન કરણ હોય છે. પંડિતોએ આ ચાર કરણને સ્થિર સંજ્ઞક કહેલા છે. શુકલ પ્રતિપદાના અંતમાં બવ કરણ હોય છે. આ પ્રમાણે અગીઆર કરણો ચર અને સ્થિર ભેદથી બે પ્રકારના હોય છે તે પૃષ્ટ ૨૦ નીચેના શુકલ અને કૃષ્ણ પક્ષનાં કોષ્ટકો ઉપરથી સ્પષ્ટ સમજી લેવા. ૫૧–૫૪.

### भद्रा ज्ञान.

**दशम्यांच तृतीयायां कृष्णे पक्षे परेदले ॥**
**सप्तम्यां च चतुर्दश्यां विष्टिः पूर्वेदलेस्मृता ॥ ५५ ॥**
**एकादश्यां चतुर्थ्यांच शुक्लपक्षे परेदले ॥**
**अष्टम्यां पूर्णिमायांच भद्रा पूर्वेदलेस्मृता ॥ ५६ ॥**

કૃષ્ણપક્ષમાં દશમી અને તૃતીયાના બીજા ભાગમાં ભદ્રા હોય છે, તેમજ સપ્તમી અને ચતુર્દશીના પહેલા ભાગમાં હોય છે. શુકલપક્ષમાં એકાદશી અને ચતુર્થીના બીજા ભાગમાં તથા અષ્ટમી અને પૂર્ણિમાના પહેલા ભાગમાં ભદ્રા કહી છે. ૫૫–૫૬.

## ॥ शुक्लपक्षकरणचक्र. ॥

| प्रतिपदा | द्वितीया | तृतीया | चतुर्थी | पंचमी | षष्ठी | सप्तमी | अष्टमी | तिथयः |
|---|---|---|---|---|---|---|---|---|
| किंस्तुघ्न | बालव | तैतिल | वणिज | बव | कालव | गर | विष्टि | पूर्वदल |
| बव | कौलव | गर | विष्टि | बालव | तैतिल | वणिज | बव | परदल |
| नवमी | दशमी | एकादशी | द्वादशी | त्रयोदशी | चतुर्दशी | पूर्णिमा | | तिथयः |
| बालव | तैतिल | वणिज | बव | कौलव | गर | विष्टि | | पूर्वदल |
| कौलव | गर | विष्टि | बालव | तैतिल | वणिज | बव | | परदल |

## ॥ कृष्णपक्षकरणचक्र ॥

| प्रतिपदा | द्वितीया | तृतीया | चतुर्थी | पंचमी | षष्ठी | सप्तमी | अष्टमी | तिथयः |
|---|---|---|---|---|---|---|---|---|
| बालव | तैतिल | वणिज | बव | कौलव | गर | विष्टि | बालव | पूर्वदल |
| कौलव | गर | विष्टि | बालव | तैतिल | वणिज | बव | कौलव | परदल |
| नवमी | दशमी | एकाद. | द्वादशी | त्रयोदशी | चतुर्द. | अमावास्या | | तिथयः |
| तैतिल | वणिज | बव | कौलव | गर | विष्टि | चतुष्पद | | पूर्वदल |
| गर | विष्टि | बालव | तैतिल | वणिज | शकुनी | नाग | | परदल |

भद्रा नाम.

करालि नन्दनी रौद्री दुर्मुखी सुमुखी तथा ॥
मिश्री च वैष्णवी हंसी ह्यष्टानामानि भद्रया ॥५७॥

૧ કરાલી, ૨ નંદની, ૩ રૌદ્રી, ૪ દુર્મુખી, ૫ સુમુખી, ૬ મિશ્રી, ૭ વૈષ્ણવી, ૮ હંસી. આ આઠ ભદ્રાનાં નામ છે. ૫૭.

भद्रावास ज्ञान.

मीने मेषे च सिंहे अलिनि निवसते स्वर्गलोके च भद्रा। कन्यायां तौलिसंस्थे धनुषि च मकरे नागलोके स्थितिश्च ॥ कर्के कुंभेवृषेस्यान्मिथुनहिमकरे वर्तते मर्त्य लोके। ज्ञेयाचन्द्रप्रवाह।त्रिभुवनविजया मर्त्य संस्थाविवर्ज्या ॥ ५८ ॥

મીન, મેષ, સિંહ અને વૃશ્ચિકના ચંદ્રમા હોય તો ભદ્રાનો વાસ સ્વર્ગ લોકમાં જાણવો. કન્યા, તુળા, ધન અને મકરના ચંદ્રમા હોય તો ભદ્રાનો વાસ પાતાળ લોકમાં જાણવો. તથા કર્ક, કુંભ, વૃષભ અને મિથુનના ચંદ્રમા હોયતો ભદ્રાનો વાસ મૃત્યુલોકમાં જાણવો. આ પ્રકારે ચંદ્રમાની ગતિથી ગમન કરવાવાળી ભદ્રા ત્રિભુવનને વિષે વિજય કરે છે. મનુષ્ય લોકમાં રહેલી ભદ્રા શુભ કાર્યમાં વર્જિત છે. ૫૮.

भद्राङ्गज्ञान.

नाड्यस्तुपंचवदनेऽथगले तथैका
वक्षोदशैकसहितं नियतंचतस्रः ॥
नाभ्यांकटौषडथ पुच्छलताचतिस्रो
विष्टेर्बुधैरभिहितोऽङ्ग विभागएषः ॥ ५९ ॥

ભદ્રાસ્થિતિનું પ્રમાણ ૩૦ ઘડીનું છે. તેમાં ૫ ઘડી મૂખમાં, ૧ઘડી કંઠમાં, ૧૧ ઘડી વક્ષઃસ્થળમાં, ૪ ઘડી નાભિમાં અને ૬ ઘડી કમરમાં તથા ૩ ઘડી પુચ્છમાં; આ પ્રમાણે પંડિતોએ ભદ્રાના અંગ વિભાગ વર્ણન કર્યા છે. ૫૯.

भद्राङ्गफल.

मुखेकार्यध्वस्तिर्भवति मरणं चाथगलके
धनेहानिर्वक्षस्यथकटितटे बुद्धिविलयः ॥
कलिर्नाभौदेशे विजयमथ पुच्छेचजगदुः
शरीरे भद्रायाः पृथगितिफलंपूर्वमुनयः ॥ ६० ॥

ભદ્રાના મુખવાળી ઘડીમાં કાર્ય કરે તો કાર્યનો નાશ થાય, કંઠવાળી ઘડીમાં કાર્ય કરે તો મરણ થાય, વક્ષઃસ્થળની ઘડીમાં કાર્ય કરે તો ધનની હાનિ થાય, કમરની ઘડીમાં કાર્ય કરે તો બુદ્ધિનો નાશ થાય, નાભિની ઘડીમાં કાર્ય કરે તો કલેશ થાય.

પુચ્છની ઘડીમાં કાર્ય કરે તો વિજય થાય. આ પ્રમાણે ભદ્રાના શરીર વિભાગથી પૂર્વ મુનિયોએ પૃથક્ પૃથક્ ફળ કહેલું છે. ૬૦

स्वर्गे भद्रा शुभंकार्यं पाताले च धनागमम् ॥
मृत्युलोके यदाविष्टि सर्वकार्य विनाशिनी ॥ ६१ ॥
दिवाभद्रा यदा रात्रौ रात्रिभद्रा यदादिवा
तदा विष्टिकृतं दोषं न भवेत्सर्वसौख्यदः ॥ ६२ ॥

સ્વર્ગમાં ભદ્રા હોય તો તે શુભ જાણવી. પાતાળમાં ભદ્રા હોય તો ધનનો લાભ કરે અને મૃત્યુલોકમાં ભદ્રા હોય તો સર્વ કાર્યનો નાશ કરવાવાળી જાણવી. દિવસની ભદ્રા રાત્રિને વિષે હોય અને રાત્રિની ભદ્રા દિવસમાં હોય ત્યારે ભદ્રાનો દોષ જાણવો નહિ અને તે સર્વ પ્રકારનું સુખ આપે છે. ૬૧-૬૨

### भद्रा प्रयोजन.

युद्धे भूपतिदर्शने भयवने घातेच पाठे हठे
वैद्यस्वागमने जलप्रतरणे शत्रोस्तथोच्चाटने ॥
सिंहोष्ट्रेखर माहिषे अजमृगे अश्वगृहे. पातने
स्त्रीसेवा ऋतुमर्दनेषु शकटे भद्रासदा गृह्यते ॥६३॥

યુદ્ધ, રાજદર્શન, ભય, વન, ઘાત, પાઠ, હઠ, વૈદ્યાગમન, જળપ્રતરણ, શત્રોચ્ચાટન, સિંહ, ઊંટ, ગધેડું, ભેંશ, મેષ,

મૃગ, અશ્વ, ગૃહપાતન, સ્રીસેવન, ઋતુમર્દન, ગાડી, ઉપર કહેલાં સર્વ કાર્યોમાં હમેશાં ભદ્રા ગ્રહણ કરવી. ६३

**चन्द्रमावास.**

**मेषेच सिंहे धनु पूर्वभागे वृषे च कन्या मकरे च याम्ये ॥ युग्मेतुले कुंभ सुपश्चिमायां कर्कालिमीनेषु तथोत्तरायाम् ॥ ६४ ॥**

મેષ, સિંહ અને ધનનો ચંદ્રમા પૂર્વ દિશામાં જાણવો. વૃષભ, કન્યા અને મકરનો ચંદ્રમા દક્ષિણ દિશામાં જાણવો. મિથુન, તુળા અને કુંભનો ચંદ્રમા પશ્ચિમ દિશામાં જાણવો. કર્ક, વૃશ્ચિક અને મીનનો ચંદ્રમા ઉત્તર દિશામાં જાણવો. ६४

**अलौमेष सिंहेऽरुणेयुद्धकारी वृषेकर्कटे तौलिकेश्वेतसिद्धिः॥ धनुर्मीन युग्मेषु पीते च लक्ष्मी मृगेकुंभकन्या शशीश्याम मृत्युः ॥ ६५ ॥**

વૃશ્ચિક, મેષ અને સિંહનો ચંદ્રમા રક્તવર્ણ અને યુદ્ધકારી જાણવો. વૃષભ, કર્ક અને તુળાનો ચંદ્રમા શ્વેતવર્ણ અને સિદ્ધિકારક જાણવો. ધન, મીન અને મિથુનનો ચંદ્રમા પીતવર્ણ અને લક્ષ્મીકારક જાણવો. મકર, કુંભ અને કન્યાનો ચંદ્રમા શ્યામવર્ણ અને મૃત્યુકારક જાણવો. ६५.

॥ प्रथम संज्ञारत्नं समाप्तम् ॥

# द्वितीययोगरत्नप्रारंभः ।

## सिद्धियोगज्ञान.

आदित्येचाष्टमी हस्ते अश्विनीचोत्तरात्रयम्
मूलंपुष्योधनिष्ठाच सिद्धियोगाः प्रकीर्तिताः ॥१॥

રવિવારને દિવસે અષ્ટમી તિથિ અને હસ્ત, આશ્વની, ત્રણે ઉત્તરા, મૂળ, પુષ્ય, ધનિષ્ઠા નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ કહ્યો છે. ૧.

सोमे च नवमी पुष्ये श्रवणेरोहिणीमृगः ॥
दशम्यां वरुणं भंच सिद्धियोगाः प्रकीर्तिताः ॥२॥

સોમવારને દિવસે નવમી, દશમી તિથિ અને પુષ્ય, શ્રવણ, રોહિણી, મૃગશીર્ષ, શતભિષા નક્ષત્ર હોય તો સિદ્ધિ યોગ કહ્યો છે.૨

भौमेषष्ठीतृतीयाच अष्टमीच त्रयोदशी ॥
मूलाश्विनीमघाश्लेषासिद्धाण्युत्तरभाद्रपात् ॥ ३ ॥

મંગળવારને દિવસે ષષ્ઠી, તૃતીયા, અષ્ટમી તથા ત્રયોદશી તિથિ અને મૂળ, અશ્વિની, મઘા, આશ્લેષા, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ જાણવો. ૩.

बुधवारे द्वितीयाच सप्तमीद्वादशीषुच
मृगानुराधापुष्यश्चसिद्धा कृत्तिकरोहिणी ॥ ४ ॥

બુધવારને દિવસે દ્વિતીયા, સપ્તમી તથા દ્વાદશી તિથિ અને મૃગશીર્ષ, અનુરાધા, પુષ્ય, કૃતિકા, રોહિણી નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ જાણવો. ૪.

गुरौचदशपंचम्यांपौर्णिमास्यांविशाखयोः
पौष्णाश्विन्याऽनुराधाचसिद्धापुष्यपुनर्वसुः ॥ ५ ॥

ગુરૂવારને દિવસે દશમી, પંચમી અને પૂર્ણિમા તિથિ; વિશાખા, રેવતી, અશ્વિની, અનુરાધા, પુષ્ય, પુનર્વસુ નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ જાણવો. ૫.

शुक्रेप्रतिपदाषष्ठ्यैकादशीचत्रयोदशी ॥
रेवती पूर्वभाश्विन्योश्रुतिश्चित्रादितिःशुभाः ॥ ६ ॥

શુક્રવારને દિવસે પ્રતિપદા, ષષ્ઠી, એકાદશી અને ત્રયોદશી તિથિ તથા રેવતી, પૂર્વાભાદ્રપદા, અશ્વિની, શ્રવણ, ચિત્રા, પુનર્વસુ નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ જાણવો. ૬.

शनौ चतुर्थी नवमी चतुर्दशी च रोहिणी ॥
श्रवणं च मघा स्वाती पूर्वाफाल्गुनि सिद्धिदा ॥ ७ ॥

શનિવારને દિવસે ચતુર્થી, નવમી અને ચતુર્દશી તિથિ તથા રોહીણી, શ્રવણ, મઘા, સ્વાતી, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હોય તો સિદ્ધિયોગ જાણવો. ૭.

विरुद्धयोगज्ञान.

सूर्ये विशाखा भरणीद्वादशी च चतुर्दशी ॥
अनुराधा मघा ज्येष्ठा विरुद्धा सप्तमी सदा ॥ ८ ॥

રવિવારને દિવસે વિશાખા, ભરણી, દ્વાદશી, ચતુર્દશી, અનુરાધા, મઘા, જયેષ્ઠા અને સપ્તમી હોય તો સદા વિરૂદ્ધ યોગ જાણવો અર્થાત્ રવિવારને દિવસે એ તિથિ તથા નક્ષત્ર ત્યાજ્ય છે. ૮.

चन्द्रे चित्रोत्तराषाढा पूर्वाषाढा विशाखयोः ॥
एकादश्यांत्रयोदश्यांषष्ठीयत्नेन वर्जयेत् ॥ ९ ॥

સોમવારને દિવસે ચિત્રા, ઉત્તરાષાઢા, વિશાખા, એકાદશી, ત્રયોદશી અને ષષ્ઠી હોય તો વિરૂદ્ધ યોગ જાણવો. તેને યત્ન પૂર્વક વર્જિત કરવો. ૯.

भौमेआर्द्रा धनिष्ठा च प्रतिपत् पूर्वभाद्रपत् ॥
शतभिषक् चोत्तराषाढा दशमी च विवर्जयेत् ॥१०॥

મંગળવારને દિવસે આર્દ્રા, ધનિષ્ઠા, પ્રતિપદા, પૂર્વાભાદ્રપદા, શતભિષા ઉત્તરાષાઢા અને દશમી વર્જિત કરવી. ૧૦.

बुधे धनिष्ठा भरणी अश्विनी मूल संयुता ॥
तृतीया नवमी चैव प्रतिपद्रेवती त्यजेत् ॥ ११ ॥

બુધવારને દિવસે ધનિષ્ઠા, ભરણી, અશ્વિની, મૂળ, તૃતીયા નવમી પ્રતિપદા અને રેવતી એ ત્યાગ કરવાં. ૧૧.

जीवेऽष्टमी चतुर्थ्यांतु आर्द्रा चोत्तर फाल्गुनी
रोहिणी शतभिषक्षष्ठी कृत्तिकामृगवर्जिता ॥१२ ॥

ગુરૂવારને દિવસે અષ્ટમી, ચતુર્થી, આર્દ્રા, ઉત્તરાફાલ્ગુની, રોહિણી, શતભિષા, ષષ્ઠી, કૃતિકા અને મૃગશીર્ષ એ વર્જિત છે.

भार्गवेरोहिणी ज्येष्ठाद्वितीया सप्तमीषुच ॥
पुष्याष्लेषामघा चैवसर्वकर्माणिवर्जयेत् ॥ १३ ॥

શુક્રવારને દિવસે રોહિણી, જયેષ્ટા, દ્વિતીયા, સપ્તમી, પુષ્ય, આશ્લેષા અને મઘા એ સર્વ કાર્યમાં ત્યાજ્ય છે. ૧૩.

सौरे चित्रोत्तराषाढा रेवती त्रीणिसप्तमी ॥
षष्ठी चोत्तरा फाल्गुण्यां पूर्वाषाढा विवर्जयेत् ॥१४॥

શનિવારને દિવસે ચિત્રા, ઉત્તરાષાઢા, રેવતી, અશ્વિની, ભરણી, કૃતિકા, સપ્તમી, ષષ્ઠી, ઉત્તરાફાલ્ગુની અને પુર્વાષાઢા વર્જિત છે. ૧૪.

इतिशुभाशुभयोगाः

सिद्धियोग.

शुक्रेनन्दा बुधेभद्रा जयाभौमेप्रकीर्तिता ॥
शनौरिक्ता गुरौपूर्णा सिद्धियोगा उदाहृताः ॥१५॥

શુક્રવારને દિવસે નંદા ૧-૬-૧૧ તિથિ, બુધવારને દિવસે ભદ્રા ૨-૭-૧૨ તિથિ, મંગળવારને દિવસે જયા ૩-૮-૧૩ તિથિ, શનિવારને દિવસે રિક્તા ૪-૯-૧૪ તિથિ અને ગુરૂવારને દિવસે પુર્ણા ૫-૧૦-૧૫ તિથિ હોય તો સિદ્ધિયોગ જાણવો. ૧૫

अमृतसिद्धियोग.

आदित्य हस्ते गुरु पुष्य योगे
बुधानुराधा शनि रोहिणी च ॥
*सोमेच सौम्यं भृगु रेवती च
भौमाश्विनी चामृतसिद्धियोगः ॥१६॥

રવિવારને દિવસે હસ્ત, ગુરૂવારને દિવસે પુષ્ય, બુધવારને દિવસે અનુરાધા, શનિવારને દિવસે રોહિણી, સોમવારને દિવસે મૃગશીર્ષ, શુક્રવારને દિવસે રેવતી અને મંગળવારને દિવસે અશ્વિની નક્ષત્ર હોય તો અમૃતસિદ્ધિયોગ જાણવો.૧૬.

---

* सोमेचविष्णुर्भृगुरेवतीच.

### संवर्त्तकयोग.

सप्तम्यां चरवेर्वारोबुधस्य प्रतिपद्दिने ॥
संवर्ताख्यस्तदा योगोवर्जितव्यसदाशुभे ॥ १७ ॥

સપ્તમીને દિવસે રવિવાર અને પ્રતિપદાને દિવસે બુધવાર હોય તો સંવર્ત્તક નામનો યોગ જાણવો. આ યોગ શુભ કાર્યમાં વર્જિત છે. ૧૭

### क्रकच ( कर्क ) योग.

षष्ठीतु शनिवारेण शुक्रेणैव च सप्तमी ॥
अष्टमी गुरुवारेण नवमी चन्द्रजेनतु ॥ १८ ॥
दशमी भूमि पुत्रेण सोमे एकादशी तथा ॥
सूर्येच द्वादशी प्रोक्ताकर्कयोगाः प्रकीर्तिताः ॥ १९ ॥

શનિવારને દિવસે ષષ્ઠી તિથિ, શુક્રવારને દિવસે સપ્તમી, ગુરૂવારને દિવસે અષ્ટમી, બુધવારને દિવસે નવમી, મંગળવારને દિવસે દશમી, સોમવારને દિવસે એકાદશી અને રવિવારને દિવસે દ્વાદશી હોયતો કર્ક (ક્રકચ) નામનો યોગ કહ્યો છે. ૧૮-૧૯

### यमघंटयोग.

मघार्कवारे शशीने विशाखा
आर्द्रा कुजेइन्दुसुते च मूलम् ॥

गुरू कृतिका भृगु रोहिणी च
शनौ च हस्तो यमघंट योगः ॥ २० ॥
यमघंटे गते मृत्युः कुलोच्छेदः करगृहे ॥
कर्त्तुर्मृत्युः प्रतिष्ठायां शिशुर्जातो न जीवति ॥२१ ॥

રવિવારને દિવસે મઘા, સોમવારને દિવસે વિશાખા, મંગળવારને દિવસે આદ્રા, બુધવારને દિવસે મૂળ, ગુરૂવારને દિવસે કૃતિકા, શુક્રવારને દિવસે રોહિણી અને શનિવારને દિવસે હસ્તનક્ષત્ર હોય તો યમઘંટ નામનો યોગ થાય છે. આ યમઘંટ યોગમાં ગામ જાય તો મૃત્યુ પામે, પાણીગૃહણ કરે તો કુળનું છેદન થાય, દેવપ્રતિષ્ઠા કરે તો મૃત્યુ થાય અને બાળક જન્મે તો તેનો નાશ થાય છે. ૨૦—૨૧.

यमदंष्ट्रयोग.

मघा धनिष्ठा सूर्येतुचन्द्रेमूलविशाखके ॥
कृत्तिकाभरणी भौमेसौम्येपुषापुनर्वसुः ॥ २२ ॥
गुरौऊषाश्विनी शुक्रेरोहिणी चानुराधिका ॥
शनौविष्णुः शतभिषक्र्यमदंष्ट्राप्रकीर्तिता ॥ २३ ॥

રવિવારને દિવસે મઘા અને ધનિષ્ઠા, સોમવારને દિવસે મૂળ અને વિશાખા, મંગળવારને દિવસે કૃતિકા અને ભરણી,

બુધવારને દિવસે રેવતી અને પુનર્વસુ, ગુરૂવારને દિવસે ઉત્તરાષાઢા અને અશ્વિની, શુક્રવારને દિવસે રોહિણી અને અનુરાધા તથા શનિવારને દિવસે શ્રવણ અને શતભિષા નક્ષત્ર હોય તો યમદંષ્ટ્ર નામનો યોગ થાયછે; તે શુભ કાર્યમાં વર્જિતછે. ૨૨-૨૩.

मृत्युयोग.

रवौ भौमे भवेन्नन्दा भद्रा भार्गव चन्द्रयोः ॥
बुधे जया गुरौरिक्ता शनौ पूर्णाच मृत्युदा ॥ २४ ॥

રવિવાર અને મંગળવારને દિવસે નંદા ૧-૬-૧૧ તિથિ, શુક્રવાર અને સોમવારને દિવસે ભદ્રા ૨-૭-૧૨ તિથિ, બુધવારને દિવસે જયા ૩-૮-૧૩ તિથિ, ગુરૂવારને દિવસે રિક્તા ૪-૯-૧૪ તિથિ અને શનિવારને દિવસે પૂર્ણા ૫-૧૦-૧૫ તિથ હોય તો મૃત્યુયોગ જાણવો. ૨૪.

त्यजरवि अनुराधां उत्तराषाढ चन्द्रे
शतभिषमपि भौमे चन्द्रजे चाश्विनौ च ॥
मृगशिरसि सुरेज्ये नागदेवं च शुक्रे
रविसुतमपि हस्ते मृत्युयोगा भवन्ति ॥ २५ ॥

રવિવારને દિવસે અનુરાધા, સોમવારને દિવસે ઉત્તરાષાઢા, મંગળવારને દિવસે શતભિષા, બુધવારને દિવસે અશ્વિની, ગુરૂ-

વારને દિવસે મૃગશીર્ષ, શુક્રવારને દિવસે આશ્લેષા અને શનિવારને દિવસે હસ્ત નક્ષત્ર હોય તો મૃત્યુયોગ જાણવો. ૨૬

दग्धयोग.

बुधे तृतीया कुजे पंचमी च
षष्ठ्यां गुरावष्टमी शुक्रवारे॥
एकादशी सोम शनिर्नवम्यां
द्वादश्यथार्केष्विति दग्धयोगः ॥ २७ ॥

બુધવારને દિવસે તૃતીયા, મંગળવારને દિવસે પંચમી, ગુરૂવારને દિવસે ષષ્ઠી, શુક્રવારને દિવસે અષ્ટમી, સોમવારને દિવસે એકાદશી, શનિવારને દિવસે નવમી અને રવિવારને દિવસે દ્વાદશી હોય તો દગ્ધયોગ થાય છે. ૨૭.

मुशलवज्रयोग.

चन्द्रे चित्रा भृगौ ज्येष्ठा शनौ चैवतु रेवती ॥
चन्द्रजे तु धनिष्ठोक्ता रवौ तु भरणी तथा ॥२८॥
ऊषाश्चैव तु भौमे च गुरौ चैवोत्तरा तथा ॥
अयं मुशलवज्राख्ययोगो वर्ज्यः शुभे बुधैः ॥२९॥

સોમવારને દિવસે ચિત્રા, શુક્રવારને દિવસે જયેષ્ઠા, શનિવારને દિવસે રેવતી, બુધવારને દિવસે ધનિષ્ઠા, રવિવારને દિવસે ભરણી, મંગળવારને દિવસે ઉત્તરાષાઢા અને ગુરૂવારને દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તો મુશળવજ્ર યોગ જાણવો. આ મુશળવજ્રયોગ પંડિતોએ શુભકાર્યમાં વર્જિત કહ્યો છે.૨૮—૨૯.

### रवियोग.

सूर्यभाद्वेदगोतर्कदिग्विश्वनखसंमिते ॥
चन्द्रर्क्षेरवियोगाः स्युर्दोषसंघविनाशकाः ॥३० ॥

સૂર્યના નક્ષત્રથી ચંદ્રમાના નક્ષત્ર સુધી ગણવાથી જો ચાર નવ, છ, દશ, તેર અને વીસ સંખ્યા આવે તો દોષના સમૂહને નાશ કરનારો રવિયોગ જાણવો. ૩૦.

### त्रिपुष्करयोग.

भद्रा तिथी रविजभूतनयार्कवारे
द्वीशार्यमाजचरणादितिवह्निवैश्वे ॥
त्रैपुष्करो भवति मृत्युविनाशवृद्धौ .
त्रैगुण्यदो द्विगुणकृद्वसुतक्षचान्द्रे ॥ ३१ ॥

ભદ્રા ૨–૭–૧૨ તિથિ, શનિ, મંગળ અને રવિવાર તથા વિશાખા, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ, પુનર્વસુ, કૃતિકા, અને ઉત્તરાષાઢા નક્ષત્ર આ ત્રણે આપસમાં મળવાથી ત્રિપુષ્કર નામનો યોગ થાય છે. આ યોગ મૃત્યુ, વિનાશ અને વૃદ્ધિમાં ત્રણ ઘણું ફળ આપે છે, ભદ્રાતિથિ શનિ, મંગળ અને રવિવાર તથા ધનિષ્ઠા, ચિત્રા અને મૃગશીર્ષ નક્ષત્ર હોય તો દ્વિપુષ્કર નામનો યોગ થાય છે. આ યોગ બમણું ફળ આપે છે. ૩૧.

ज्वालामुखीयोग.

पडिवै मूलं पंचमी भरणी
अष्टमी कृत्ति रोहिणी नवमी ॥
अश्लेषा दशमी दिनपहिया
ए योग ज्वालामुखी कहिया ॥ ३२ ॥

जायेसोजीवइनही, वसैसु उज्जडहोई ॥
नारी पहिरै चूडलो, सोआभरगनहोई ॥. ३३ ॥

પ્રતિપદાને દિવસે મૂળ, પંચમીને દિવસે ભરણી, અષ્ટમીને દિવસે કૃતિકા, નવમીને દિવસે રોહિણી, દશમીને દિવસે આશ્લેષા નક્ષત્ર હોય તો જ્વાલામુખી યોગ થાય છે, આ યોગમાં

બાળક જન્મે તો મરણ પામે, વાસ કરે તો ઉજડ થાય અને સ્ત્રી ચૂડો પહેરે તો આભરણ વિનાની થાય. ૩૨-૩૩.

उत्पादादियोग.

विशाखादि चतुष्कंतु भास्करादि क्रमेणतु ॥
उत्पात मृत्यु कालाख्य सिद्धियोगाःप्रकीर्तिताः॥३४॥

સૂર્યાદિ સાતવારને વિષે વિશાખાદિ ચાર ચાર નક્ષત્ર આવવાથી ઉત્પાત, મૃત્યુ, કાલ અને સિદ્ધિ યોગ જાણવા તે ચક્રમાં સ્પષ્ટ સમજી લેવા. ૩૪.

॥ उत्पादादियोगचक्र ॥

| सू. | चं. | मं. | बु. | बृ. | शु. | श. | वार. |
|---|---|---|---|---|---|---|---|
| वि. | पूषा. | ध. | रे. | रो. | पु. | उफा. | उत्पात. |
| अनु. | उषा. | श. | अ. | मृ. | अश्ले. | ह. | मृत्यु. |
| ज्ये. | अभि. | पूभा. | भ. | आ. | म. | चि. | काल. |
| मू. | श्र. | उभा. | कृ. | पु. | पूफा | स्वा. | सिद्धि. |

## आनन्दादियोग.

आनन्दाख्यः कालदण्डश्च धूम्रो
धाता सौम्यो ध्वांक्षकेतू क्रमेण ॥
श्रीवत्साख्यो वज्रकं मुद्गरश्च
छत्रं मित्रं मानसं पद्मलुम्बौ ॥ ३५ ॥
उत्पातमृत्यू किल काणसिद्धी
शुभोऽमृताख्यो मुसलं गदश्च ॥
मातङ्गरक्षश्चरसुस्थिराख्याः
प्रवर्धमानाः फलदाः स्वनाम्ना ॥ ३६ ॥

૧ આનંદ, ૨ કાલદંડ, ૩ ધૂમ્ર, ૪ ધાતા, ૫ સૌમ્ય, ૬ ધ્વાંક્ષ, ૭ કેતુ, ૮ શ્રીવત્સ, ૯ વજ્ર, ૧૦ મુદ્ગર, ૧૧ છત્ર, ૧૨ મિત્ર, ૧૩ માનસ, ૧૪ પદ્મ, ૧૫ લુંબ, ૧૬ ઉત્પાત, ૧૭ મૃત્યુ, ૧૮ કાણ, ૧૯ સિદ્ધિ, ૨૦ શુભ, ૨૧ અમૃત, ૨૨ મુશળ, ૨૩ ગદ, ૨૪ માતંગ, ૨૫ રાક્ષસ, ૨૬ ચર, ૨૭ સુસ્થિર, ૨૮ પ્રવર્ધમાન આ યોગોનું જેવું નામ છે તેવુંજ ફળ સમજી લેવું. ૩૫–૩૬

## आनंदादियोग जाणवानो पकार.

दास्रादर्के मृगादिंदौ सार्पाद्भौमे कराद्बुधे ॥

मैत्राद्गुरौ भृगौ वैश्वाद्गण्या मंदे च वारुगात् ॥३७॥

રવિવારને દિવસે અશ્વિનીથી, સોમવારને દિવસે મૃગશીર્ષથી, મંગળવારને દિવસે આશ્લેષાથી, બુધવારને દિવસે હસ્તથી, ગુરૂવારને દિવસે અનુરાધાથી, શુક્રવારને દિવસે ઉત્તરાષાઢાથી અને શનિવારને દિવસે શતભિષાથી અઠાવિસ નક્ષત્ર ગણવાથી આનંદાદિયોગ જાણવા. તે ચક્ર ઉપરથી સ્પષ્ટ સમજી લેવો. ૩૭.

दुष्टयोगपरिहार.

ध्वांक्षे वज्रे मुद्गरे चेषुनाड्यो
वर्ज्या वेदाः पद्मलुंबे गदेऽश्वाः ॥
धूम्रे काणे मूशले भूर्द्वयं द्व
रक्षोमृत्यूत्पातकालाश्चसर्वे ॥ ३८ ॥

ધ્વાંક્ષ, વજ્ર, અને મુદ્ગર યોગની આદિની પાંચ ઘટી, પદ્મ અને લુંબની ચાર ઘટી, ગદની સાત ઘટી, ધમ્રની એક ઘટી, કાણની બે ઘટી, મુશળની બે ઘટી, અને રાક્ષસ, મૃત્યુ, ઉત્પાત અને કાળયોગની સંપૂર્ણ ઘટી વર્જિત છે. ૩૮.

# आनंदादियोगचक्र.

| वार | सू | च | मं | बु | बृ | शु | श |
|---|---|---|---|---|---|---|---|
| आनंद. | अ | मृ | ऽश्ले | ह | ऽनु | उषा | श |
| कालदंड | भ | आ | म | वि | ज्ये | ऽभि | पू |
| धूम्र | कृ | पु | पू | स्वा | मू | श्र | उ |
| प्रजापति | रो | पु | उ | त्रि | पू | ध | रे |
| सौम्य | मृ | ऽश्ले | ह | ऽनु | उ | श | अ |
| ध्वांक्ष | आ | म | चि | ज्ये | ऽभि | पू | भ |
| ध्वज | पु | पू | स्वा | मू | श्र | उ | कृ |
| श्रीवत्स | पु | उ | त्रि | पू | ध | रे | रो |
| वज्र | ऽश्ले | ह | ऽनु | उ | श | अ | मृ |
| मुद्गर | म | चि | ज्ये | ऽभि | पू | भ | आ |
| छत्र | पू | स्वा | मू | श्र | उ | कृ | पु |
| मित्र | उ | त्रि | पू | ध | रे | रो | पु |
| मानस | ह | ऽनु | उ | श | अ | मृ | ऽश्ले |
| पद्म | चि | ज्ये | ऽभि | पू | भ | आ | म |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| लुंब | स्वा | मू | श्र | उ | कृ | पु | पू |
| उत्पात | वि | पू | ध | रे | रो | पु | उ |
| मृत्यु | ऽनु | उ | श | अ | मृ | ऽश्ले | ह |
| काण | ज्ये | ऽभि | पू | भ | आ | म | चि |
| सिद्धि | मू | श्र | उ | कृ | पु | पूफा | स्वा |
| शुभ | पू | ध | रे | रो | पु | उ | वि |
| अमृत | उ | श | अ | मृ | ऽश्ले | ह | ऽनु |
| मुशल | ऽभि | पू | भ | आ | म | चि | ज्ये |
| गद | श्र | उ | कृ | पु | पू फा | स्वा | मू |
| मातंग | ध | रे | रो | पु | उ.फा | वि | पू |
| राक्षस | श | अ | मृ | ऽश्ले | ह | ऽनु | उ |
| चर | पू | भ | आ | म | चि | ज्ये | अभि |
| सुस्थिर | उ | कृ | पु | पू | स्वा | मू | श्र |
| प्रवर्धमान | रे | रो | पु | उ | वि | पू | ध |

अयोगः सिद्धि योगश्च द्वावेतौ भवतो यदि ॥
अयोगो हन्यतेतेन सिद्धियोगः प्रवर्तते ॥ ३९ ॥

અયોગ અને સુયોગ બન્ને એકજ દિવસમાં હોય તો અ-

યોગનો નાશ કરીને સિદ્ધિ યોગ પ્રવર્ત્તે છે. અર્થાત્ અયોગ વિનષ્ટ થઇ જાય છે અને સિદ્ધિયોગ પોતાનું શુભ ફળ આપેછે.

### पुष्करयोग.

विशाखास्थो यदा भानुः कृत्तिकासु च चंद्रमाः ॥
संयोगः पुष्करो नाम पुष्करेष्वतिदुर्लभः ॥ ४० ॥

વિશાખા નક્ષત્ર ઉપર સૂર્ય હોય અને કૃતિકા નક્ષત્ર ઉપર ચંદ્રમા હોય એવા સંયોગનું નામ પુષ્કર યોગ જાણવું. આ યોગ પુષ્કરક્ષેત્રમાં પરમદુર્લભ છે. ૪૦.

### कपिलाषष्ठीयोग.

आश्विने कृष्णपक्षे च षष्ठयां भौमेऽथरोहिणी ॥
व्यतीपातस्तदा षष्ठी कपिलाऽनंतपुण्यदा ॥४१॥

આશ્વિનમાસ, કૃષ્ણપક્ષ, ષષ્ઠી તિથિ, મંગળવાર, રોહિણી નક્ષત્ર અને વ્યતીપાત યોગ આ સર્વ એક સાથે હોય તો કપિલાષષ્ઠી યોગ જાણવો. આ યોગ અનંત પુણ્ય આપવાવાળો છે.

### अर्धोदययोग.

पौषमासि रवौ दर्शे व्यतीपाते श्रवान्विते ॥
अर्धोदयाभिधो योगः किंचिन्न्यूनं महोदयः ॥४२॥

પૌષ માસની અમાવાસ્યાને દિવસે રવિવાર, વ્યતીપાત તથા શ્રવણ નક્ષત્ર હોય તો અર્ધોદય નામનો યોગ જાણવો. અને આનાથી કિંચિત્ ન્યૂન હોય તો મહોદય નામનો યોગ જાણવો. ૪૨.

खर्परयोग.

यस्यान्हे रविसंक्रमो भवति चेत्तद्दारयुक्ताकुहुः
योगो खर्परसंज्ञको समुदयत् प्रोक्तं च गर्गादिभिः ॥
पृथ्वि व्याकुलता विलोम गतिभिः सर्वेषु लोकेषुच
दुर्भिक्षं नृप नाशनं च अधुनालक्ष्मी अलोपा भवेत्

જે વારે રવિ સંક્રમણ હોય તેજ વારે અમાવાસ્યા આવે-તો ખર્પર નામનો યોગ જાણવો એમ ગર્ગાદિ મુનીઓ કહે છે. આ યોગમાં પૃથ્વી વ્યાકુળ થાય, વિલોમગતિ થાય, સર્વ લોકોને વિષે દુર્ભિક્ષ થાય, રાજાનો નાશ થાય તથા અલોપ લક્ષ્મી થાય. ૪૩

राज्यभंगादियोग.

यदि भवति कदाचिच्चाश्विनीनष्टचन्द्रा
शनि रवि कुजवारे स्वातिरायुष्म योगे ॥
गगनचर पशूनां जंगमस्थावराणां

नृपतिजन विनाशो राज्य भंगस्तुत्रोक्तः ॥ ४४ ॥

કદાચિત્ શનિ, રવિ, અને મંગળ આમાંના ગમે તે વાર કરીને યુક્ત અમાવાસ્યાને દિવસે અશ્વિની અથવા સ્વાતી નક્ષત્ર તથા આયુષ્માન યોગ હોય તો પક્ષી, પશુ, જંગમ, સ્થાવર, રાજા અને મનુષ્યોનો નાશ તથા રાજ્યભંગ થાય. ૪૪.

युगादि.

नवमी कार्तिके शुक्लावैशाखे च तृतीयका ॥
त्रयोदशी भाद्रपदे मावे दर्शोयुगादयः ॥ ४५ ॥

કાર્તિક શુક્લપક્ષની નવમીએ કૃતયુગનો આરંભ, વૈશાખ શુક્લપક્ષની તૃતીયાએ ત્રેતાયુગનો આરંભ, ભાદ્રપદ કૃષ્ણપક્ષની ત્રયોદશીએ કળિયુગનો આરંભ તથા માઘ કૃષ્ણ પક્ષની અમાવાસ્યાએ દ્વાપરયુગનો આરંભ જાણવો. ૪૫.

द्वितीयं योगरत्नं समाप्तम् ॥

---

## ॥ तृतीयमुहूर्तरत्नप्रारंभः ॥

तत्रादौवर्ज्ययोग.

सर्वेषु शुभकार्येषु क्रूरयोगान्परित्यजेत् ॥
दग्धं विद्धं च नक्षत्रं तिथिं दग्धं च वर्जयेत् ॥१॥

સંપૂર્ણ શુભ કાર્યોમાં ક્રૂરયોગને ત્યાગ કરે છે અને વેધ યુક્ત નક્ષત્ર તથા તિથિ વર્જિત કરે છે. ૧

**अर्धप्रहरकस्त्याज्यः कुलिको विष्टिरेव च ॥**
**एकार्गलं ग्रहर्क्षं च जन्मर्क्षं पर्वमेव च ॥ २ ॥**

પ્રહરાર્ધ ( અર્ધયામ ) કુલિક યોગ, ભદ્રા, એકાર્ગલ, ગ્રહણનું નક્ષત્ર, જન્મ નક્ષત્ર અને પર્વ એ સર્વ ત્યાગ કરે. ૨

**चतुर्दश्यष्टमी कृष्णा अमावास्या च पूर्णिमा ॥**
**पुण्यानि पंच पर्वाणि संक्रांतिर्दिनपस्य च ॥ ३ ॥**

કૃષ્ણપક્ષની ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા, પૂર્ણિમા અને સંક્રાંતિનો દિવસ એ પાંચ પુણ્ય પર્વ છે.

**दुष्टयोगे तिथौ रिक्ते क्षीणे चंद्रेऽधिमासके ॥**
**मांगल्ये शुभयात्रा च नकुर्याद्धितमिच्छता ॥ ४ ॥**

દુષ્ટયોગ, રિક્તાતિથિ ૪-૯-૧૪, ક્ષીણ ચંદ્રમા, મળમાસ, એ શુભ કર્મ અને ઉત્તમ યાત્રામાં વર્જિત છે, અર્થાત્ આમાં મંગળકાર્ય પોતાના હીતની ઈચ્છાથી ના કરે. ૪

घातचंद्र.

**चंद्रमूलमघानेत्रारसदिग्वन्हिसागराः ॥**

वेदाष्टकशिवादित्याघातचंद्राःप्रकीर्तिताः ॥ ५ ॥

મેષ રાશિને ઘાતચંદ્ર પહેલો, વૃષભ રાશિને પાંચમો, મિથુન રાશિને નવમો, કર્ક રાશિને બીજો, સિંહરાશિને છઠ્ઠો, કન્યારાશિને દશમો, તુળા રાશિને ત્રીજો, વૃશ્ચિક રાશિને સાતમો, ધનરાશિને ચોથો, મકરરાશિને આઠમો, કુંભરાશિને અગીઆરમો અને મીનરાશિને બારમો ચંદ્રમા ઘાતિક કહેલો છે. ૫

स्त्रीघातचन्द्र.

शशीनागशैलांकरागाग्निवेदः । कराशाशिवापाण्डवा चित्रभानुः ॥ विवाहेतथान्ये शुभे कामिनीनां । क्रमात्घातचन्द्राइमेवर्जनीया ॥ ६ ॥

મેષ રાશિને પહેલો, વૃષભ રાશિને આઠમો, મિથુન રાશિને સાતમો, કર્ક રાશિને નવમો, સિંહરાશિને છઠ્ઠો, કન્યા રાશિને ત્રીજો, તુળા રાશિને ચોથો, વૃશ્ચિક રાશિને બીજો, ધનરાશિને દશમો, મકર રાશિને અગીયારમો, કુંભ રાશિને પાંચમો અને મીનરાશિવાળી સ્ત્રીઓને બારમો ઘાત ચંદ્ર જાણવો, તે વિવાહાદિ બીજા શુભ કાર્યમાં વર્જિત છે. ૬

घातचंद्रपरिहार.

घातचंद्रा इमे वर्ज्या यात्रायां राजदर्शने ॥

विवादे वाहनारोहे युद्धे भैषज्यसेवने ॥ ७ ॥

યાત્રા, રાજદર્શન, વિવાદ, વાહનના ઉપર બેસતી વખતે યુદ્ધ તથા ઔષધ સેવનમાં ઘાત ચંદ્ર વર્જિત કરવો. ૭

तीर्थयात्राविवाहान्नप्राशनोपनयादिषु ॥
मांगल्यसर्वकार्येषु घातचंद्रं न चिंतयेत् ॥ ८ ॥

તીર્થયાત્રા, વિવાહ, અન્નપ્રાશન, ઉપનયન આદિ સર્વ મંગળ કાર્યમાં ઘાતચંદ્રનો વિચાર ન કરવો. ૮

चंद्रफल.

निजराशौ स्वोच्चराशौ श्रेष्ठं चंद्रबलं सदा ॥
जन्मस्थः कुरुते पुष्टिं द्वितीये च धनागमम् ॥ ९ ॥
तृतीये राज्यसन्मानं चतुर्थे कलहागमम् ॥
पंचमे मतिविभ्रंशो भवेच्चंद्रे न संशयः ॥ १० ॥
धनधान्यागमं षष्ठे संतोषं स्यात्तु सप्तमे ॥
अष्टमे प्राणसंदेहो नवमे क्लेशएवच ॥ ११ ॥
दशमे कार्यनिष्पत्ति ध्रुवमेकादशे जयः ॥
द्वादशेन शशांकेन मृत्युरेव न संशयः ॥ १२ ॥

જો ચંદ્રમા પોતાની રાશિ (કર્ક)માં અથવા પોતાની ઉચ્ચરાશિ (વૃષભ)માં હોય તો સદા ઉત્તમબળી જાણવો, પહેલો ચંદ્રમા પુષ્ટિકર્તા છે, બીજો ચંદ્રમા ધનનો આગમ કર્તા છે, ત્રીજો ચંદ્રમા રાજ્યસન્માન કર્તા છે, ચોથો ચંદ્રમા કલહાગમ કર્તા છે, પાંચમો ચંદ્રમા નિઃસંદેહ બુદ્ધિનો નાશ કર્તા છે, છઠ્ઠો ચંદ્રમા ધન ધાન્યનો આગમ કર્તા છે, સાતમો ચંદ્રમા સંતોષકર્તા છે, આઠમો ચંદ્રમા પ્રાણનો સંશય કર્તા છે, નવમો ચંદ્રમા કલેશકર્તા છે. દશમો ચંદ્રમા કાર્યનો ઉદય કર્તા છે, અગીઆરમો ચંદ્રમા અવશ્ય જય કર્ત્તા છે અને બારમો ચંદ્રમા નિઃસંદેહ મૃત્યુ કર્ત્તા છે. ૯–૧૨

**द्वितीयः पंचमश्चन्द्रो नवमश्च शुभप्रदः ॥**
**शुक्लपक्षे विशेषोयंतु द्वयमन्यत्तथोभयोः ॥ १३ ॥**

શુક્લપક્ષને વિષે બીજો, પાંચમો અને નવમો ચંદ્રમા વિશેષે કરીને શુભ ફળને આપનારો છે; તથા બીજા શુક્લ અને કૃષ્ણ બન્ને પક્ષને વિષે શુભ ફળને આપનારા છે. ૧૩

**गुरुर्विवाहे गमने च शुक्रो ज्ञाने बुधोर्दीक्षणके च शौरी ॥**
**युद्धे च भौमो नृपदर्शनेऽर्कः सर्वेषु कार्येषु बली शशांकः १४**

વિવાહને વિષે ગુરૂબળ, પ્રયાણને વિષે શુક્રબળ, જ્ઞાનને

વિષે ગુરુબળ, યજ્ઞની દીક્ષામાં શનિબળ, યુદ્ધને વિષે મંગળ-બળ, અને રાજ્ય દર્શનને વિષે સૂર્યબળ તથા સર્વ કાર્યને વિષે ચંદ્રબળ બળવાન્ છે. ૧૪

तारा ज्ञान.

जन्मभाद्गणयेदादौ दिनाधिष्ण्यावधिः किल ॥
नवभिस्तु हरेद्भागं शेषं तारा विनिर्दिशेत् ॥ १५ ॥
जन्मसंपद्विपद्क्षेमःप्रत्यरिःसाधकस्तथा ॥
वधोमैत्रातिमैत्रेयंतारानामसदृक्फलाः ॥ १६ ॥

જન્મ નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી તેમાં નવનો ભાગ આપવાથી જે શેષ રહે તે તારા સમજવી, એક શેષ રહે તો જન્મ, બે રહે તો સંપત્ત, ત્રણ રહે તો વિપત, ચાર રહે તો ક્ષેમ, પાંચ રહે તો પ્રત્યરિ, ૭ રહે તો સાધક, સાત રહે તો વધ, આઠ રહે તો મૈત્ર અને શૂન્ય રહે તો અતિમૈત્ર તારા સમજવી. આ તારા નામપ્રમાણે ફળ આપનારી જાણવી. ૧૫–૧૬

जन्मतारा द्वितीया च षष्ठी चैव चतुर्थिका ॥
अष्टमी नवमी चैव षट्कतारा: शुभावहाः ॥१७॥
प्रथमिनलवांश्चन्द्रस्तथापिक्लेशदायिनी ॥
तृतीयापंचमीतारासप्तमीचनृणांभवेत् ॥ १८ ॥

પહેલી, બીજી, છઠ્ઠી, ચોથી, આઠમી તથા નવમી આ ૭ તારા શુભ જાણવી. કૃષ્ણપક્ષમાં જો બળવાન્ ચંદ્ર હોય તો પણ ત્રીજી, પાંચમી અને સાતમી તારા મનુષ્યોને ક્લેશ આપનારી કહી છે. ૧૭–૧૮

कृष्णेबलवतीताराशुक्लपक्षेतुचन्द्रमा ॥
सदाग्राह्यान्बुधैरेवंकृष्णेतारानचन्द्रमा ॥ १९ ॥

કૃષ્ણપક્ષને વિષે તારા બળવાન છે અને શુક્લપક્ષને વિષે ચંદ્રમા બળવાન છે, તેથી કરીને પંડિત લોકોએ હમેશાં કૃષ્ણપક્ષને વિષે તારાગ્રહણ કરવી, ચંદ્રમા ગ્રહણ કરવો નહિ. ૧૯

## નૂતનવસ્ત્રધારણ.

रोहिणीषुकरपंचकेऽश्विभेत्र्युत्तरेपिचपुनर्वसुद्वये ॥
रेवतीषुवसुदैवतेचभेनव्यवस्त्रपरिधानमिष्यते ॥२०॥

રોહિણી, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, અશ્વિની, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, પુનર્વસુ, પુષ્ય, રેવતી અને ધનિષ્ઠા આ નક્ષત્રોને વિષે પુરૂષોએ નવીન વસ્ત્ર ધારણ કરવાં શ્રેષ્ઠ છે. ૨૦

स्त्रीवस्त्रधारण.

हस्तादिपंचकेऽश्विन्यां धनिष्ठायां च पूषणि ॥
गुरौ शुक्रे बुधे वारे धार्यं स्त्रीभिर्नवाम्बरम् ॥ २१ ॥

હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, અશ્વિની, ધનિષ્ઠા અને રેવતી આ નક્ષત્રો તથા ગુરૂ, શુક્ર અને બુધ આ આ વારોમાં સ્ત્રીએ નવીન વસ્ત્ર ધારણ કરવાં. ૨૧

जीर्णं रवौ सततमंबुभिरार्द्रमिंदौ
भौमे शुचे बुधदिने च भवेद्धनाय ॥
ज्ञानाय मंत्रिणि भृगौ प्रियसंगमाय
मंदे मलाय च नवाम्बरधारणं स्यात् ॥ २२ ॥

રવિવારને દિવસે નવું વસ્ત્ર ધારણ કરે તો શીઘ્ર જીર્ણ(જુનું) થાય, સોમવારને દિવસે અશૌચ નિમિત્ત સ્નાનના જળથી હંમેશાં ભીનું રહે, મંગળવારને દિવસે શોકની પ્રાપ્તિ, બુધવારને દિવસે ધનની પ્રાપ્તિ, ગુરૂવારને દિવસે જ્ઞાનની પ્રાપ્તિ, શુક્રવારને દિવસે પ્રિય માણસનો સંગમ તથા શનિવારને દિવસે નવું વસ્ત્ર ધારણ કરે તો હંમેશાં મલિન (મેલું) રહ્યા કરે.૨૨

देवाद्यादि प्रतिष्ठा मुहूर्त.

प्रासादा मरयोः कार्या प्रतिष्ठा चोत्तरायणे ॥

तथा जलाशयारामोत्सर्गः शस्तो विचैत्रके ॥ २३ ॥
शुक्लपक्षेनुराधांत्ये पुनर्भे रोहिणी मृगे ॥
श्रवत्रयोतराहस्तत्रये पुष्ये विधौ शुभे ॥ २४ ॥
सोमो बृहस्पतिश्चैव शुक्रश्चैव तथाबुधः ॥
एते वाराः शुभाः प्रोक्ताः प्रतिष्ठा यज्ञकर्मणि ॥ २५ ॥

ઉત્તરાયણના સૂર્યને વિષે ચૈત્ર રહિત બીજા મહિનાઓને વિષે, શુકલપક્ષને વિષે, અનુરાધા, રેવતી, પુનર્વસુ, રોહિણી, મૃગશીર્ષ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અને પુષ્ય આ નક્ષત્રોને વિષે તથા શ્રેષ્ઠ ચંદ્રમાને દિવસે દેવસ્થાન, જળાશય અને બગીચાની પ્રતિષ્ઠા શ્રેષ્ઠ છે. સોમવાર, ગુરૂવાર, શુક્રવાર અને બુધવાર આ વારો દેવસ્થાન, જળાશય અને બગીચાની પ્રતિષ્ઠાના કામને વિષે શુભ ફળ આપનારા કહ્યા છે. ૨૩–૨૫

गृहारंभे वृषभचक्र ज्ञान.

प्रद्योतनात्पंचनगाङ्कसूर्य नवेंदु षड्विंशमितानि भानि ॥ शेते महीनैव गृहं विधेयं, तडागवापीखननं न शस्तम् ॥ २६ ॥

સૂર્યના નક્ષત્રથી પાંચમું, સાતમું, નવમું, બારમું, ઓગણીસમું, અને છવીસમું નક્ષત્ર હોય તો ભૂમિશયન જાણવું. આને વિષે ગૃહારંભાદિ તથા વાવ, તળાવ અને કૂવાનું ખોદવું શ્રેષ્ઠ નથી. ૨૬

### ગૃહારંભે વૃષચક્ર.

त्रिवेदवेदाब्धियुगाग्निवेदत्रिकेषुभानोः
शशिभंगृहेषु ॥ दाहो विनाशःस्थिरता
धनं श्रीः शून्यं च दारिद्र्यमृतिःक्रमेण ॥ २७ ॥

સૂર્યના મહા નક્ષત્રથી ચંદ્રના નક્ષત્ર સુધી ગણતાથી ત્રણ નક્ષત્રને વિષે દાહ, બીજા ચાર નક્ષત્રોને વિષે વિનાશ, ત્રીજા ચાર નક્ષત્રોને વિષે સ્થિરતા, ચોથા ત્રણ નક્ષત્રોને વિષે ધનનો લાભ, પાંચમા ચાર નક્ષત્રોને વિષે લક્ષ્મીનો લાભ, છઠ્ઠા ત્રણ નક્ષત્રોને વિષે શૂન્યતા, સાતમા ચાર નક્ષત્રોને વિષે દરિદ્રતા તથા આઠમા ત્રણ નક્ષત્રોને વિષે મૃત્યુ આ પ્રમાણે વૃષચક્રનો વિચાર કરીને ગૃહારંભ કરવો. ૨૭

### ગૃહારંભ મુહૂર્ત.

मृगे धातृचित्राऽनुराधोत्तरान्त्ये
धनिष्ठाकरस्वातिपुष्याम्बुपेषु ॥

नभोमागेवैशाखपौषे तपस्ये

सन्मदे शुभाहे गृहारंभणं सत् ॥ २८ ॥

મૃગશીર્ષ, રોહિણી, ચિત્રા, અનુરાધા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રેવતી, ધનિષ્ઠા, હસ્ત, સ્વાતી, પુષ્ય અને શતભિષા આ નક્ષત્રોને વિષે, શ્રાવણ, માર્ગશીર્ષ, વૈશાખ, પોષ અને ફાલ્ગુન આ મહિનાઓને વિષે તથા શનિવાર સહિત શુભ ગ્રહ (ચં. બુ. ગુ. શુ. ) ના વારને વિષે ગૃહારંભ શ્રેષ્ટ છે. ૨૮

खात मुहूर्त.

हरियुवतितुलायांखण्यतेचाग्निकोणे

अलिधनमकरार्केईशकोणेवदन्ति ॥

घटशफरतथाजेवाव्यकोणेपिखातं

वृषमिथुनकुलीरेनैऋतेखातमाहुः ॥ २९ ॥

સિંહ, કન્યા અને તુલા સંક્રાંતિને વિષે અગ્નિ કોણમાં, વૃશ્ચિક, ધન અને મકર સંક્રાંતિને વિષે ઇશાન કોણમાં, કુંભ, મીન, અને મેષ સંક્રાંતિને વિષે વાવ્યકોણમાં તથા વૃષભ, મિથુન, અને કર્ક સંક્રાંતિને વિષે નૈઋત્ય કોણમાં ખાત મુહૂર્ત કરવું શુભ છે. ૨૯.

### स्तंभ चक्र.

सूर्याधिष्ठितभद्वयंप्रथमतोमध्येतथात्रिंशतिः
स्तंभाग्रेरससंख्ययामुनिवरैरुक्तोमुहूर्तं शुभः ॥
स्तंभाग्रेमरणंभवेद्गृहपतेर्मूलेधनार्थक्षयो ।
मध्येचैवतुसर्वसौख्यमतुलंप्राप्नोतिकर्ताशुभम् ।३०।

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને ક્રમથી પ્રથમ બે નક્ષત્ર સ્તંભના મૂળમાં તેનું ફળ ધન ક્ષય, બીજાં વીસ નક્ષત્ર સ્તંભના મધ્યમાં તેનું ફળ સર્વ સૌખ્યકારક, અને ત્રીજા ૭ નક્ષત્ર સ્તંભના અગ્રમાં, તેનું ફળ મરણ જાણવું. જે નક્ષત્રોમાં શુભફળ આવે તેજ નક્ષત્રોમાં સ્તંભારોપણ શુભ છે. ૩૦

### मोभचक्र.

मूलेमोभेत्रिऋक्षंगृहपतिमरणंपंचगर्भेसुखंस्यात्
मध्येदेयाष्टऋक्षंधनसुतसुखदंपुच्छदेशेऽष्टहानिः ॥
पश्चाद्देयंत्रिऋक्षंगृहपतिसुखदंभाग्यपुत्रार्थदेयं
सूर्यर्क्षाच्चान्द्रऋक्षंप्रतिदिनगणयेन्मोभचक्रंविलोक्य ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ત્રણ નક્ષત્ર મૂળમાં તેનું ફળ મૃત્યુ, બીજા પાંચ નક્ષત્ર ગર્ભમાં તેનું ફળ

સુખ, ત્રીજા આઠ નક્ષત્ર મધ્યમાં તેનું ફળ ધન, સુત અને સુખ, ચોથા આઠ નક્ષત્ર પુચ્છમાં તેનું ફળ મિત્રનાશ, અને પાંચમા ત્રણ નક્ષત્ર અગ્રમાં તેનું ફળ ઘર બનાવનારને સુખ, ભાગ્ય, પુત્ર અને ધનદાયક જાણવું. આ પ્રકારે મોભચક્ર જોઇને મોભારોપણ કરવું ૩૧

### द्वारशाखाचक्र.

अर्काच्चत्वारि ऋक्षाणि ऊर्ध्वे चैव प्रदापयेत् ॥
द्वौ द्वौ कोणेषुदद्याद्दै शाखायां च चतुश्चतुः ॥३२॥
अग्रश्च त्रीणि देयानि मध्ये चत्वारि दापयेत् ॥
ऊर्ध्वे तु लभते राज्यमुद्वासं कोणकेषु च ॥ ३३ ॥
शाखायां लभते लक्ष्मी मध्ये राज्यप्रदं तथा ॥
अग्रस्थे मरण प्रोक्तं द्वारचक्रं प्रकीर्तितम् ॥ ३४ ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ચાર નક્ષત્ર ઉર્ધ્વ ભાગમાં તેનું ફળ રાજ્ય પ્રાપ્તિ; દ્વારના ખુણા ચાર તો દરેક ખુણામાં બબે નક્ષત્ર તેનું ફળ ઉદ્વાસ; દ્વારની શાખા બે તો બનેમાં ચાર નક્ષત્ર તેનું ફળ લક્ષ્મીપ્રાપ્ત; દ્વારના મધ્યે ચાર નક્ષત્ર તેનું ફળ રાજ્યપ્રાપ્તિ; નીચે ત્રણ નક્ષત્ર તેનું ફળ મરણ; આ પ્રકારે દ્વારચક્ર જાણવું. ૩૨–૩૪

**कमाडचक्र.**

कृताकराब्धियुग्मराममंनकश्च वारिधिः ॥
करौ समुद्रसूर्यभाद्दिनर्क्षके फलं वदेत् ॥
धनागमं विनाशसौख्यबंधनं मृतिः क्षतिः ।
शुभं च रोगसौख्यदंशुभं कपाटचक्रयोः ॥ ३५ ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ચાર નક્ષત્ર ધનાગમ કરે, બીજા બે નક્ષત્ર વિનાશ કરે, ત્રીજા ચાર નક્ષત્ર સૌખ્યકારક જાણવાં, ચોથા બે નક્ષત્ર બંધનકારક જાણવાં, પાંચમા ત્રણ નક્ષત્ર મૃત્યુકારક જાણવાં, છઠ્ઠાં બે નક્ષત્ર ક્ષયકારક જાણવાં, સાતમાં ચાર નક્ષત્ર શુભકારક જાણવાં, આઠમાં બે નક્ષત્ર રોગકારક જાણવાં, અને નવમાં ચાર નક્ષત્ર સૌખ્યકારી જાણવાં આ કમાડ ચઢાવવાનું ચક્ર છે તે શુભ જાણીને ચઢાવવાં. ૩૫

**वास्तुपूजन मुहूर्त.**

श्रावणश्चाथवैशाखपौषश्चफाल्गुनस्तथा ॥
मासेषुमार्गशीर्षश्चवास्तुकर्मणिशस्यते ॥ ३६ ॥
चित्राशतभिषास्वातीहस्तःपुष्यःपुनर्वसुः ॥
रोहिणीरेवतीमूलंश्रवणोत्तरफाल्गुनि ॥ ३७ ॥

धनिष्ठाचोत्तराषाढातथाभाद्रोत्तरान्विता ॥
अश्विनीमृगशीर्षंचअनुराधातथैवच ॥ ३८ ॥
वास्तुपूजन मेतेषु नक्षत्रेषु करोतियः ॥
सप्राप्नोतिनरोलक्ष्मीमितिप्राहपराशरः ॥ ३९ ॥

શ્રાવણ, વૈશાખ, પોષ, ફાલ્ગુન્ અને માર્ગશીર્ષ આ મહિનાઓ વાસ્તુ કર્મમાં શુભ છે. ચિત્રા, શતભિષા, સ્વાતી, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, રોહિણી, રેવતી, મૂળ, શ્રવણ, ઉત્તરા-ફાલ્ગુની, ધનિષ્ઠા, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, અશ્વિની, મૃગશીર્ષ તથા અનુરાધા આ નક્ષત્રોને વિષે જે પુરૂષ વાસ્તુ પૂજન કરશે તે પુરૂષ લક્ષ્મીને પામશે. આ પ્રમાણે પરાશર મુની કહે છે. ૩૬–૩૯

### गृहप्रवेशमुहूर्त.

गृहारंभोदितैर्मासैर्धिष्ण्यैर्वारैर्विशेषद्गृहम् ॥
विशेत्सौम्यायनेहर्म्यंकृत्वाप्राग्वास्तुपूजनम् ॥ ४० ॥

ઉત્તરાયણના સૂર્યમાં ગૃહ પ્રવેશ કરવો તેમાં પ્રથમ વા-સ્તુ દેવતાનું પૂજન કરીને ગૃહારંભના મુહૂર્તમાં કહેલા માસ, નક્ષત્ર અને વારના દિવસે ગૃહ પ્રવેશ કરવો. ૪૦

### कलशचक्र.

प्रवेशःकलशेऽर्कक्षात्पंचनागाष्टषट्क्रमात् ॥
अशुभंचशुभंज्ञेयमशुभंचशुभंतथा ॥ ४१ ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ પાંચ નક્ષત્ર અશુભ, બીજાં આઠ નક્ષત્ર શુભ, ત્રીજાં આઠ નક્ષત્ર અશુભ, ચોથાં છ નક્ષત્ર શુભ જાણવાં. આ કળશચક્ર જોઈને ગ્રહ પ્રવેશ કરવો. ૪૧

### जलाशयारंभमुहूर्त.

अनुराधामघाहस्ते रेवतीषूत्तरात्रये ॥
रोहिणी युगले पुष्ये धनिष्ठाद्वितये तथा ॥ ४२ ॥
पूर्वाषाढाभिधेभे च शुभे मासि शुभे दिने ॥
वापीकूपतडागानामारंभःकथितोबुधैः ॥ ४३ ॥

અનુરાધા, મઘા, હસ્ત, રેવતી, ત્રણે ઉત્તરા, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ધનિષ્ઠા, શતભિષા અને પૂર્વાષાઢા આ નક્ષત્રોમાં તથા શુભ માસ શુભ દિવસમાં વાવ, કુવા, તળાવ આદિ જળાશયોનો આરંભ પંડિતોએ શુભ કહ્યો છે. ૪૨-૪૩

रविवारे जलं नास्ति सोमे पूर्णजलं भवेत् ॥
वालुका भौमवारे तु बुधे बहु जलं भवेत् ॥४४॥

गुरौ च मधुरं तोयं शुक्रे क्षारं प्रजायते ॥
शनैश्चरे जलं नास्ति कीर्तितं वारजं फलम् ॥४५॥

રવિવારે જળાશયનો આરંભ કરે તો જળ ન નીકળે, ચંદ્રવારે પૂર્ણ જળ નીકળે, મંગળવારે રેતી નીકળે, બુધવારે બહુ જળ નીકળે, ગુરૂવારે મીઠું જળ નીકળે, શુક્રવારે ખારૂં જળ નીકળે અને શનિવારે જળ ન નીકળે. આ પ્રકારે વાર ફળ કહેલું છે. ૪૪-૪૫

कूपचक्र.

सजलखण्डजले सजलाजले
शुभजलं लवणं च शिलाजलम् ॥
लवणमुष्णकराद्दिनभावधि
नवफलानि विदुस्त्रित्रयोडुभिः ॥ ४६ ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ત્રણ નક્ષત્રમાં સજળ, બીજા ત્રણ નક્ષત્રમાં ખંડજળ, ત્રીજા ત્રણ નક્ષત્રમાં જળ, ચોથા ત્રણ નક્ષત્રમાં નિર્જળ, પાંચમા ત્રણ નક્ષત્રમાં ઉત્તમજળ, છઠ્ઠા ત્રણ નક્ષત્રમાં ખારૂં જળ, સાતમા ત્રણ નક્ષત્રમાં કાંકરીઆળું જળ, આઠમા ત્રણ નક્ષત્રમાં ઉત્તમ જળ તથા નવમા ત્રણ નક્ષત્રમાં પારંભ કરે તો ખારૂં જળ નીકળે. ૪૬

### हलप्रवाह मुहूर्त.

अनुराधाचतुष्कं च मघादितियुगे करे ॥
स्वाती श्रुतिविधिद्वन्द्वे रेवत्यामुत्तरासु च ॥
गोस्त्रीयुग्मे हलः कार्यो मीने हेयः शनिः कुजः॥
षष्ठी रिक्ता द्वादशी च द्वितीया द्वयपर्व च ॥४८॥

અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, મઘા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતી, શ્રવણ, રોહિણી, મૃગશીર્ષ, રેવતી, ત્રણે ઉત્તરા, તથા વૃષભ, કન્યા, મિથુન અને મીન લગ્નમાં હળપ્રવાહ શ્રેષ્ઠ છે. શનિ અને મંગળવાર તથા ષષ્ઠી, રિક્તા, તિથિ, દ્વાદશી, દ્વિતીયા અને અમાવાસ્યા હળપ્રવાહમાં વર્જિત છે. ૪૭–૪૮

### हलचक्र.

त्रिकंत्रिकंत्रिकंपंचत्रिकंपंचत्रिकंत्रिकम् ॥
सूर्यभाद्दिनभंयावद्धानिवृद्धिहलेक्रमात ॥ ४९ ॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ ત્રણ નક્ષત્રમાં હાનિ, બીજા ત્રણ નક્ષત્રમાં વૃદ્ધિ, ત્રીજા ત્રણ નક્ષત્રમાં હાનિ, ચોથા પાંચ નક્ષત્રમાં વૃદ્ધિ, પાંચમા ત્રણ નક્ષત્રમાં હાનિ, છઠ્ઠા પાંચ નક્ષત્રમાં વૃદ્ધિ, સાતમા ત્રણ નક્ષત્રમાં હાનિ તથા આઠમા ત્રણ નક્ષત્રમાં વૃદ્ધિ આ પ્રમાણે હળચક્ર સમજી હળપ્રવાહ કરવો. ૪૯

बीजोप्तिमुहूर्त.

हस्ताश्विपुष्योत्तररोहिणीषु
चित्रानुराधामृगरेवतीषु ॥
स्वातौ धनिष्ठासुमघासुमूले
बीजोप्तिरुत्कृष्टफलप्रदिष्ठाः ॥ ५० ॥

હસ્ત, અશ્વિની, પુષ્ય, ત્રણે ઉત્તરા, રોહિણી, ચિત્રા, અનુરાધા, મૃગશીર્ષ, રેવતી, સ્વાતી, ધનિષ્ઠા, મઘા અને મૂળ આ નક્ષત્રોમાં બીજોપ્તિકર્મ કરવાથી ઉત્કૃષ્ટ પ્રકારે ફળદાયક થાય છે. ૫૦

चुल्हीचक्र.

सूर्यभादंगवेदाष्टरामशत्रुशुभाशुभम् ॥
चुल्हीचक्रक्र.मात्ज्ञेयंशुभाशुभविचक्षणम् ॥ ५१ ॥

સૂર્યનક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણીને પ્રથમ છ નક્ષત્ર શુભ, બીજા ચાર નક્ષત્ર અશુભ, ત્રીજા આઠ નક્ષત્ર શુભ, ચોથા ત્રણ નક્ષત્ર અશુભ અને પાંચમા છ નક્ષત્ર શુભ આ પ્રકારે ચક્રમાં શુભાશુભ ફળ વિચારી ચુલ્હી સ્થાપન કરવાને બતાવવું. ૫૧

कोल्हूचक्र.

सूर्यभात्पंचपंचेषु सामकुम्भशरत्रिकम् ॥

न सच्छुभमसद्दुःखं क्लेशं शुभमतोऽशुभम् ॥
कोरहूचक्रे साभिजिते ज्ञेयमेवं विचक्षणैः ॥ ५२॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી અભિજિત્ સહિત ગણીને પ્રથમ પાંચ નક્ષત્રોમાં કોલ ચલાવવાને આરંભ કરે તો અશુભ, બીજા પાંચ નક્ષત્ર શુભ, ત્રીજા પાંચ નક્ષત્ર અશુભ, ચોથા ત્રણ નક્ષત્ર દુઃખ, પાંચમા બે નક્ષત્ર કલેશ, છઠ્ઠા પાંચ નક્ષત્ર શુભ અને સાતમા ત્રણ નક્ષત્ર અશુભ જાણવાં. ૫૨

चूडीधारणमुहूर्त.

नासत्यपौष्णवसुभैः करपंचकेन
मार्तण्डभौमगुरुदानवमंत्रिवारैः ॥
मुक्तासुवर्णमणिविद्रुमशंखदन्त
रक्ताम्बराणि विधृतानि भवंति सिद्धौ ॥५३॥

અશ્વિની, રેવતી, ધનિષ્ઠા, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા અને અનુરાધા આ નક્ષત્રોમાં તથા સૂર્ય, મંગળ, ગુરૂ અને શુક્ર આ વારોને વિષે મોતી, સુવર્ણ, મણિ, વિદ્રુમ, શંખ, હસ્તીદંતનો ચૂડો તથા રક્તવસ્ત્ર ધારણ કરવાથી સિદ્ધી થાય. ૫૩

चूडीचक्र.

यावद्भास्करभुक्तिमानिदिवसेधिष्ण्यानिसंख्यातंथा

वन्हिर्भूतगुणाब्धिसप्तनयनंपृथ्वीकरेन्दुक्रमात् ॥
सूर्यारौ कविसौम्यराहुरविजार्जीवःशशांकेनव:
क्रूरेऽसच्चशुभेशुभंचकथितंचक्रेकरेभूषणे ॥ ५४ ॥

સૂર્ય સ્થિત નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી ત્રણ, પાંચ, ત્રણ, ચાર, સાત, બે, એક, બે, અને એકમથી સૂર્ય, મંગળ, શુક્ર, બુધ, રાહુશનિ, બૃહસ્પતિ, ચંદ્ર, કેતુ આમાં શુભ ગ્રહમાં દિન નક્ષત્ર હોય તો શુભ તથા પાપ ગ્રહમાં હોય તો અશુભ જાણવું. આ પ્રકારે પંડિતોએ ડીચક્ર કહેલું છે. ૫૪

हवनचक्र.

सूर्यभात्त्रित्रिभे चान्द्रे सूर्यविच्छुक्रपंगव: ॥
चन्द्रारेज्यागुशिखिनो नेष्टा होमाहुति: खले: ॥५५॥

સૂર્ય નક્ષત્રથી ત્રણ ત્રણ નક્ષત્ર ક્રમથી સૂર્ય, બુધ, શુક્ર, શનિ, ચંદ્ર, મંગળ, બૃહસ્પતિ, રાહુ, કેતુના હોય છે તેમાં શુભગ્રહ હોય તો હોમની આહુતિ શ્રેષ્ઠ તથા પાપગ્રહ હોય તો હોમની આહુતિ નેષ્ઠ જાણવી. ૫૫

विवाहयात्राव्रतगोचरे चूडोपनीतेग्रहणेयुगादे: ॥
दुर्गाविधानेन्नसुतप्रसूतौनत्राग्निचक्रंपरिचिंतनीयम् ५६

વિવાહ, યાત્રા, વ્રતશાંતિ, ગ્રહગોચર, મુંડન, ઉપનયન, ગ્રહણ, યુગાદિ, દુર્ગાવિધાન અને સંતાન પ્રસૂતને વિષે અગ્નિ ચક્રની ચિંતા કરવી નહીં અર્થાત્ જોવું નહીં. ૫૬

### अग्निवास.

सैका तिथिर्वारयुता कृताप्ता
शेषे गुणेऽभ्रे भुवि वन्हिवासः ॥
सौख्याय होमे शशियुग्मशेषे
प्राणार्थनाशौ दिवि भूतले च ॥ ५७ ॥

શુક્લપક્ષની પ્રતિપદા તિથિથી ગણીને વર્તમાન તિથિની સંખ્યામાં એક જોડીને રવિવારાદિ વારની સંખ્યા જોડવી અને ચારનો ભાગ આપવાથી જો શેષ ત્રણ અથવા પૂર્ણ વધે તો અગ્નિનો વાસ પૃથ્વીમાં જાણવો, તેનું ફળ સુખ પ્રાપ્તિ, એક શેષ વધે તો અગ્નિનો વાસ સ્વર્ગમાં જાણવો તેનું ફળ પ્રાણ નાશ, અને બે શેષ વધે તો અગ્નિનો વાસ પાતળમાં જાણવો, તેનું ફળ ધન નાશ.

### भैषज्यकर्ममुहूर्त.

अर्काश्विपुष्य श्रवणत्रये च
मूलादितिस्वातिमगे पौष्णे ॥

चित्रासु मैत्रेषु शुभेह्नि सार्के
भैषज्यकर्म प्रवरं विरिक्ते ॥ ५८ ॥

હસ્ત, અશ્વિની, પુષ્ય, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, મૂળ, પુનર્વસુ, સ્વાતી, મૃગશીર્ષ, રેવતી, ચિત્રા અને અનુરાધા આ નક્ષત્રમાં તથા રવિવાર સહિત શુભગ્રહોના દિવસોમાં, રિક્તા ૪–૯–૧૪ તિથિ વિના બીજી તિથિઓમાં ઔષધ લેવાથી શુભ છે.

रोगमुक्तस्नान.

इन्दोर्वारे भार्गवे च ध्रुवेषु
सार्पादित्यस्वातियुक्तेषु भेषु ॥
पित्र्ये चांत्ये चैव कुर्यात्कदाचि-
न्नैव स्नानं रोगमुक्तस्य जंतोः ॥५९॥

ચંદ્રવાર, શુક્રવાર આ વારોને વિષે તથા રોહિણી, ત્રણે ઉત્તરા, આશ્લેષા, પુનર્વસુ, સ્વાતી, મઘા, અને રેવતી આ નક્ષત્રોને વિષે રોગથી મુક્ત થયેલા પુરૂષે કોઈ વખત સ્નાન ન

उत्पन्न रोगे शुभाशुभ विचार.

स्वात्यश्लेषारौद्र पूर्वात्रयेषु
शाक्रेभौमे सूर्यजे सूर्यवारे

नन्दारिक्तास्वेव रोगस्य चास्ति-
मृत्युर्ज्ञेयः शङ्करो रक्षितापि ॥ ६० ॥

સ્વાતી, આશ્લેષા, આર્દ્રા, ત્રણે પૂર્વા અને જયેષ્ઠા આ નક્ષત્રોને વિષે; મંગળ, શનિ અને રવિ આ વારોને વિષે તથા નંદા ૧-૬-૧૧ તિથિ અને રિક્તા ૪-૯-૧૪ તિથિ આ તિથિઓને વિષે રોગની ઉત્પત્તિ થઈ હોય તો તે મનુષ્યની શંકર રક્ષા કરે તોપણ મૃત્યુ થાય. ૬૦

### सर्पदंशे शुभाशुभ विचार.

यः कृत्तिका मूल मघा विशाखा
सार्पान्तकार्द्रासु भुजंग दष्टः ॥
सवैनतेयेनसु रक्षितोऽपि
प्रयाति मृत्योर्वदनं मनुष्यः ॥ ६१ ॥

કૃતિકા, મૂળ, મઘા, વિશાખા, આશ્લેષા, ભરણી, અને આર્દ્રા આ નક્ષત્રોમાં જે મનુષ્યને સર્પ કરડે તે મનુષ્યની ગરૂડ રક્ષા કરે તોપણ મૃત્યુ થાય. ૬૧

### वाणिज्यकर्म.

अनुराधोत्तरा पुष्य रेवती रोहिणी मृगे ॥
हस्त चित्राश्विभे कुर्याद्वाणिज्यं दिवसे शुभे ॥ ६२

અનુરાધા, ત્રણે ઉત્તરા, પુષ્ય, રેવતી, રોહિણી, મૃગશીર્ષ, હસ્ત, ચિત્રા અને અશ્વિની આ નક્ષત્રોને વિષે તથા શુભ દિવસને વિષે વાણિજ્ય કર્મ શુભ છે. ६२

क्रयविक्रयमुहूर्त.

पुष्यं भाद्रपदा युग्मं स्वाती च श्रवणाश्विनी ॥
हस्तोत्तरा मृगो मैत्रंतथाऽऽश्लेषा च रेवती ॥ ६३ ॥
ग्राह्यानि भानिचैतानि क्रयविक्रयेण बुधैः ॥
चन्द्र भार्गवजीवाश्चवाराः शकुन उत्तमः ॥ ६४ ॥

પુષ્ય, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ,સ્વાતી, શ્રવણ, અશ્વિની, હસ્ત, ઉત્તરાફાલ્ગુની, મૃગશીર્ષ, અનુરાધા, આશ્લેષા અને રેવતી આ નક્ષત્રોને વિષે તથા ચંદ્ર, શુક્ર અને ગુરૂવારને દિવસે ઉત્તમ શુકન જોઈને ક્રયવિક્રય (ખરીદવું,વેચવું) કર્મશુભછે.

तैलाभ्यंग.

रविस्तापंकान्तिं वितरति शशिर्भूमि तनयो
मृतिं लक्ष्मीं सौम्यः सुरपति गुरुर्वित्त हरणम् ॥
विपत्तिं दैत्यानां गुरुमखिल भोगानुगमनो
नृणां तैलाभ्यंगात्सपदि कुरुते सूर्य तनयः॥ ६५ ॥

રવિવારે તૈલાભ્યંગ તાપપ્રદ, સોમવારે કાન્તિપ્રદ, મંગળવારે મૃત્યુપદ, બુધવારે લક્ષ્મીપદ, ગુરૂવારે વિત્તવિનાશક, શુક્રવારે વિપત્તિપ્રદ, તથા શનિવારે તૈલાભ્યંગ સ્નાન સંપત્તિદાયક જાણવું. ૬૫.

पशुक्रयविक्रय मुहूर्त.

चित्रोत्तरा वैष्णव रोहिणीषु
चतुर्दशी दर्शदिवाष्टमीषु ॥
ग्रह प्रवेशं गमनं विदध्या-
द्धीमान् पशूनां न कदाचिदेव ॥ ६६ ॥

ચિત્રા, ત્રણે ઉત્તરા, શ્રવણ અને રોહિણી આ નક્ષત્રોમાં તથા ચતુર્દશી, અમાવાસ્યાનો દિવસ અર્થાત્ પ્રાતઃકાળથી સંધ્યાકાળ સુધી અને અષ્ટમી આ તિથિઓમાં પશુઓને પોતાના ઘરથી બહાર નહી કાઢવાં અને બહારથી ઘરમાં પણ લાવવાં નહી; અર્થાત્ આ મુહૂર્તમાં પશુનો ક્રય વિક્રય કરવો નહીં. ૬૬

संक्रांति पुण्यकाल.

याम्यायने विष्णुपदे चाद्यामध्यास्तुला जयोः
षडशीत्यानने सौम्ये परानाड्योऽति पुण्यदाः॥६७॥

કર્ક, સિંહ, વૃશ્ચિક, વૃષભ અને કુંભ રાશિની સંક્રાંતિમાં પ્રથમની સોળ ઘડી, તુળા અને મેષ રાશિની સંક્રાંતિમાં મધ્યની સોળ ઘડી અર્થાત્ આઠ પહેલી અને આઠ પાછળની, તથા મિથુન, કન્યા, ધન, મીન અને મકર રાશિની પાછળની સોળ ઘડી પુણ્યકાળ જાણવી. ૬૭

### अस्तमां वर्जनीय कर्म.

वापी कूप तडाग यज्ञ गमनं क्षौरं प्रतिष्ठा व्रतं
विद्यामन्दिर कर्णवेधन महा दानं गुरोः सेवनम् ॥
तीर्थस्नान विवाह देवभवनं मंत्रादि देवेक्षणं
दूरेणैव जिजीविषुः परिहरेदस्ते गुरौ भार्गवे ॥६८

વાવ, કૂપ, તળાવ, યજ્ઞ, યાત્રા, ચોલ ( ક્ષૌર ), દેવપ્રતિષ્ઠા, યજ્ઞોપવીત, વિદ્યારંભ, ગ્રહપ્રવેશ, કર્ણવેધન, મહાદાન, ગુરૂસેવા, તીર્થસ્નાન, વિવાહ, દેવમંદિર, મંત્રાપદેશ અને દેવનાં દર્શન આ સર્વ કર્મો જીવવાની ઈચ્છાવાળા પુરૂષે ગુરૂ તથા શુક્રના અસ્તમાં વર્જિત કરવાં. ૬૮

### शुक्रविचार.

एक ग्रामे पुरे वापि दुर्भिक्षेराष्ट्रविप्लवे ॥
विवाहे तीर्थयात्रायां प्रतिशुक्रो न विद्यते ॥ ६९ ॥

ગામમાંથી ગામમાં જવું હોય અથવા શહેરમાંથી શહેરમાં જવું હોય તેમાં, દુર્ભિક્ષ કાળમાં, દેશોપદ્રવમાં, વિવાહમાં તથા તીર્થયાત્રામાં સન્મુખ શુક્રનો દોષ નથી. ૬૯

पौष्णदावाग्नि पादांतंयावत्तिष्ठति चंद्रमाः ॥
तावच्छुक्रोमवेदंधः सन्मुखं गमनं शुभम् ॥ ७० ॥

રેવતી, અશ્વિની, ભરણી, અને કૃતિકા નક્ષત્રોના પ્રથમ ચરણમાં ચંદ્રમા આવે તો શુક્ર અંધ જાણવો. આ શુક્ર યાત્રામાં સન્મુખ હોય તોપણ દોષ નહીં. ७०

दक्षिणे दुःखदः शुक्रः सन्मुखे हंतिलोचनम् ॥
वामे पृष्ठे शुभोनित्यं रोधयेदस्तगः शुभम् ॥७१॥

યાત્રામાં શુક્ર જમણા ભાગે હોય તો દુઃખદાયક જાણવો, સન્મુખ હોય તો નેત્રનાશક જાણવો, ડાબા ભાગે અને પાછલા ભાગે હોય તો મંગળ દાયક જાણવો, પૂર્વમાં અસ્ત હોય તો પશ્ચિમમાં ગમન શુભ તથા પશ્ચિમમાં અસ્ત હોય તો પૂર્વમાં ગમન શુભ જાણવું. ७१

हस्तेन्दु मैत्र श्रवणाश्वि पुष्य
पौष्ण श्रविष्ठा श्च पुनर्वसुश्च ॥

प्रोक्ता निधिष्ण्यानि नव प्रयाणे
त्यक्त्वात्रि पंचादिम सप्त ताराः ॥ ७२ ॥

હસ્ત, મૃગશીર્ષ, અનુરાધા, શ્રવણ, અશ્વિની, પુષ્ય, રેવતી, અને ધનિષ્ઠા આ નવ નક્ષત્રો યાત્રામાં શ્રેષ્ઠ છે; પરંતુ ત્રીજી, પાંચમી, પહેલી અને સાતમી આ તારાઓ યાત્રામાં વર્જિતછે.

कृत्तिकाः एकविंशत्या भरण्याः सप्तनाडीकाः
एकादश मघायाश्च त्रिपूर्वाणां च षोडश ॥ ७३ ॥
स्वात्यश्लेषा विशाखासु ज्येष्ठायाश्च चतुर्दश ॥
आद्यास्तु घटिकास्त्याज्याः शेषांशे गमनं शुभम्॥७४

કૃતિકાની એકવીસ ઘડી, ભરણીની સાત ઘડી, મઘાની અગીયાર ઘડી, ત્રણેપૂર્વાની સોળ ઘડી અને સ્વાતી, આશ્લેશા, વિશાખા તથા જયેષ્ટા આ નક્ષત્રોની પ્રથમની ચૌદ ઘડી ત્યાગ કરીને શેષ ઘડી યાત્રાના નિમિત્ત શુભ જાણવી. ૭૩–૭૪.

अर्केक्लेशमनर्थकं च गमने सोमे च बंधु प्रियं
चाङ्गारेऽनलतस्कर ज्वर भयं प्राप्नोति चार्थं बुधे ॥
क्षेमारोग्य सुखं करोति च गुरौ लाभश्च शुक्रे शुभो
मंदे बंधन हानि रोग मरणा न्युक्तानिगर्गादिभिः॥७५

રવિવારે ગમન કરે તો માર્ગમાં કલેશ અને અર્થની હાનિ હોય, સોમવારે ગમન કરે તો બંધુ અને પ્રિય દર્શન હોય, મંગળવારે ગમન કરે તો અગ્નિ, ચોર, ભય અને જ્વર હોય, બુધવારે ગમન કરે તો દ્રવ્ય અને સુખ પ્રાપ્તિ હોય, ગુરૂવારે ગમન કરે તો આરોગ્ય અને સુખ હોય, શુક્રવારે ગમન કરે તો લાભ અને શુભફળ પ્રાપ્તિ તથા શનિવારે ગમન કરે તો બંધન, રોગ અને મરણ પ્રાપ્તિ હોય. ૭૫

दिक्शूल.

**शनौ चन्द्रे त्यजेत्पूर्वां दक्षिणां च दिशं गुरौ ॥**
**सूर्ये शुक्रे पश्चिमां च बुधे भौमे तथोत्तराम् ७६॥**

શનિવાર અને ચંદ્રવારે પૂર્વ દિશામાં, ગુરૂવારે દક્ષિણ દિશામાં, રવિવાર અને શુક્રવારે પશ્ચિમ દિશામાં તથા બુધવાર અને મંગળવારે ઉત્તર દિશામાં શૂળ રહેછે, તે યાત્રામાંવર્જિતછે.

**मंगले मारुते शूलं ईशाने बुध मंदयोः ॥**
**नैर्ऋते शुक्र सूर्याभ्यां आग्नेयां गुरु सोमयोः७७॥**

મંગળવારે વાયવ્ય કોણમાં, બુધવાર અને શનિવારે ઈશાન કોણમાં, શુક્રવાર અને રવિવારે નૈઋત્ય કોણમાં તથા ગુરૂવાર અને ચંદ્રવારે અગ્નિકોણમાં શૂળ રહે છે. ૭૭

### नक्षत्र शूल.

उत्तर हत्था दक्षिण चित्ता
पूर्वा रोहिणी सुणिरेमित्ता ॥
पश्चिम श्रवणा न करीश गमणा
हरिहर ब्रह्म पुरंदर मरणा ॥ ७८ ॥

હે મિત્ર—હસ્ત નક્ષત્રને દિવસે ઉત્તર દિશામાં, ચિત્રા નક્ષત્રને દિવસે દક્ષિણ દિશામાં, રોહિણી નક્ષત્રને દિવસે પૂર્વ દિશામાં તથા શ્રવણ નક્ષત્રને દિવસે પશ્ચિમ દિશામાં ગમન કરીશ નહીં; કેમકે તે દિશામાં વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા અને ઇંદ્ર ગમન કરે તો તેમનું પણ મૃત્યુ થાય છે. ૭૮

### शूलदोष निवारणार्थ भक्षण.

सूर्यवारे घृतं पीत्वा गच्छेत्सोमे पयस्तथा
गुडमंगारकेचैव बुधवारे तिलानपि ॥ ७९ ॥
गुरुवारे दधिज्ञेयं शुक्रवारे यवानपि ॥
माषान् भुक्त्वा शनेवारे शूल दोषोपशांतये ॥८०॥

રવિવારે ઘી, ચંદ્રવારે દૂધ, મંગળવારે ગોળ, બુધવારે તલ, ગુરૂવારે દહી, શુક્રવારે યવ અને શનિવારે શૂળ દોષની શાંતિને અર્થે અડદ ભક્ષણ કરીને યાત્રા કરવી. ૭૯—૮૦

### कालवास.

अर्कोत्तरे वायु दिशा च सोमे
भौमे प्रतीच्यां बुधनैर्ऋते च ॥
याम्ये गुरौवन्हिदिशा च शुक्रे
मन्दे च पूर्वे प्रवदन्ति कालः ॥ ८१ ॥

રવિવારે ઉત્તર દિશામાં, ચંદ્રવારે વાયવ્ય કોણમાં, મંગળવારે પશ્ચિમ દિશામાં, બુધવારે નૈઋત્ય કોણમાં, ગુરૂવારે દક્ષિણ દિશામાં, શુક્રવારે અગ્નિ કોણમાં અને શનિવારે પૂર્વદિશામાં કાળનો વાસ જાણવો એવું પૂર્વાચાર્ય કહે છે, તે યાત્રામાં વર્જિત છે. ૮૧

### कालराहु.

रविदिन गुरु पूर्वे सोम शुक्रे च याम्ये
वरुणदिशितु भौमे चोत्तरे सौरिसंस्थे ॥
प्रतिदिम मितिमत्वाकाल राहुर्दिशानां
सकल गमन कार्ये वामपृष्ठे च सिद्धिः ॥ ८२ ॥

રવિવાર અને ગુરૂવારે પૂર્વ દિશામાં, સોમવાર અને શુક્રવારે દક્ષિણ દિશામાં, મંગળવારે પશ્ચિમ દિશામાં અને શનિવારે

ઉત્તર દિશામાં ગમન કરે તો કાલરાહુ વામ પૃષ્ઠ ભાગમાં જાણવો, તેમાં ગમન કરે તો સર્વકાર્યની સિદ્ધિ હોય. ૮૨

### योगीनीवास.

प्रतिपन्नवमी पूर्वो द्वितीया दश चोत्तरे ॥
तृतीयैकादशी वन्हौ चतुर्द्वादशी नैर्ऋते ॥ ८३ ॥
पंचत्रयोदशी याम्ये पृष्ठी भूते च पश्चिमे ॥
सप्तपूर्णासु वायव्ये अमावास्याष्टमीशिवे ॥ ८४ ॥

પ્રતિપદા અને નવમીના દિવસે પૂર્વમાં, દ્વિતીયા અને દશમીના દિવસે ઉત્તરમાં, તૃતીયા અને એકાદશીના દિવસે અગ્નિકોણમાં, ચતુર્થી અને દ્વાદશીના દિવસે નૈઋર્ત્ય કોણમાં, પંચમી અને ત્રયોદશીના દિવસે દક્ષિણમાં, ષષ્ઠી અને ચતુર્દશીના દિવસે પશ્ચિમમાં, સપ્તમી અને પૂર્ણિમાના દિવસે વાયવ્ય કોણમાં તથા અમાવાસ્યા અને અષ્ટમીના દિવસે ઇશાન કોણમાં યોગિનીનો વાસ જાણવો. ૮૩-૮૪

योगिनी सुखदावामे पृष्ठे वांछितदायिनी ॥
दक्षिणेधनहंत्री च सन्मुखे मरणप्रदा ॥ ८५ ॥

ડાબે ભાગે યોગિની હોય તો સુખપ્રદ જાણવી, પાછલા

ભાગે યોગિની હોય તો વાંછિત ફળ આપનારી જાણવી, જમણા ભાગમાં યોગિની હોય તો ધનનો નાશ કરનારી જાણવી, તથા સન્મુખ યોગિની હોય તો મરણપ્રદ જાણવી. ૮૫

चन्द्रवास.

मेषे च सिंहे धनु पूर्वभागे
वृषे च कन्यामकरे च याम्ये ॥
युग्मे तुला कुंभसु पश्चिमायां
कर्कालिमीने दिशिचोत्तरस्याम् ॥ ८६ ॥

મેષ, સિંહ અને ધનનો ચંદ્રમા પૂર્વ દિશામાં જાણવો, વૃષભ, કન્યા અને મકરનો ચંદ્રમા દક્ષિણ દિશામાં જાણવો, મિથુન, તુળા અને કુંભનો ચંદ્રમા પશ્ચિમ દિશામાં જાણવો, તથા કર્ક, વૃશ્ચિક અને મીનનો ચંદ્રમા ઉત્તર દિશામાં જાણવો. ૮૬

सन्मुखेअर्थ लाभाय दक्षिणे सुख संपदः ॥
पृष्ठे च प्राणनाशाय वामे चन्द्रे धन क्षयः ॥ ८७॥

દિશાનુસાર સન્મુખ ચંદ્રમામાં યાત્રા કરે તો અર્થ લાભ હોય, જમણા ભાગમાં હોય તો સુખ અને સંપ્રત્તિ હોય, પાછલા ભાગમાં હોય તો પ્રાણનો નાશ કરે તથા ડાબા ભાગે હોય તો ધનનો ક્ષય કરે. ૮૭

करण भगण दोषं वार संक्रान्ति दोषं
कुतिथि कुलिकदोषं वामयामार्ध दोषम् ॥
कुज शनि रवि दोषं राहु केत्वादि दोषं
हरति सकल दोषं चन्द्रमा सन्मुखस्थः ॥ ८८ ॥

કરણ, નક્ષત્ર, વાર, સંક્રાંતિ, કુતિથિ, કુલિક, વામ, યામાર્ધ, મંગળ, શનિ, રવિ, રાહુ, કેતુ આદિના દોષોને સન્મુખસ્થ ચંદ્રમા હરણ કરે છે. ૮૮

कालवेला विचार.

पूर्वान्हेत्वोत्तरां गच्छेत्प्राच्यां मध्यान्हके तथा॥
दक्षिणेचापराह्नेतु पश्चिमेत्वर्ध रात्रके ॥ ८९ ॥

દિવસના ત્રણ ભાગ કરવા તેમાં પહેલા ભાગમાં ઉત્તર દિશાની યાત્રા, બીજા ભાગમાં પૂર્વ દિશાની યાત્રા, ત્રીજા ભાગમાં દક્ષિણ દિશાની યાત્રા તથા અડધી રાત્રે પશ્ચિમ દિશાની યાત્રા કરવી શ્રેષ્ઠ છે. ૮૯.

तृतीयं मुहूर्तरत्नं समाप्तम् ॥ ३ ॥

## ॥ चतुर्थसंस्काररत्नप्रारंभः ॥

तत्रादौ ऋतुमतीस्नान.

ज्येष्ठानुराधा कररोहिणीषु स्वाती धनिष्ठाश्वि
मृगोत्तरासु ॥ रजोवती स्नानविधिं प्रकुर्या-
च्छुभेषु वारेषु शुभे तिथौ च ॥ १ ॥
रोहिणी द्वितये स्वातौ हस्ते वै रेवती द्वये ॥
स्नायात्तु युवतीगर्भं विधत्ते शीघ्रमेवहि ॥ २ ॥

જયેષ્ઠા, અનુરાધા, હસ્ત, રોહિણી, સ્વાતી, ધનિષ્ઠા, અશ્વિની, મૃગશીર્ષ, અને ત્રણે ઉત્તરા આ નક્ષત્રોમાં તથા શુભ વાર અને શુભ તિથિમાં રજોવતી સ્ત્રી સ્નાન કરે. રોહિણી, મૃગશીર્ષ, સ્વાતી, હસ્ત, રેવતી અને અશ્વિની આ નક્ષત્રોમાં રજોવતી સ્નાન કરે તો શીઘ્ર ગર્ભ ધારણ કરે. ૧-૨.

गर्भाधान मुहूर्त.

भद्रा षष्ठी पर्व रिक्ताश्च संध्या भौमार्कार्की ना-
द्यरात्रीश्चतस्रः॥ गर्भाधानंत्र्युत्तरेन्द्वर्क मैत्रब्राह्मस्वा-
तीविष्णुवस्वंबुपेसत् ॥ ३ ॥

ભદ્રા, ષષ્ઠી, પર્વદિન, રિક્તાતિથિ, સંધ્યાસમય, મંગળ, રવિ, શનિ તથા રજોદર્શન પહેલાંની ચાર રાત્રી વર્જિત કરીને ત્રણે ઉત્તરા, મૃગશીર્ષ, હસ્ત, અનુરાધા, રોહિણી, સ્વાતી, શ્રવણ, ધનિષ્ઠા તથા શતભિષા આ નક્ષત્રને વિષે ગર્ભાધાન શુભછે. ૩

### પુંસવનસીમંતમુહૂર્ત.

आर्द्रात्रयं भाद्युग्मं मृगः पूषाश्रुतिःकरः ॥
मुलत्रयं गुरा सूर्ये भौमे रिक्तां विना तिथिः ॥ ४ ॥
आद्ये द्वये त्रये मासे लग्ने कन्याझषे स्थिरे ॥
चापेपुंसवनंकुर्यात्सीमन्तंचाष्टमेतथा ॥ ५ ॥

આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, મૃગશીર્ષ, રેવતી, શ્રવણ, હસ્ત, મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આ નક્ષત્રો; ગુરૂ, સૂર્ય, અને મંગળ આ વાર તથા રિક્તા તિથિ વિના અન્યતિથિઓમાં સીમંતકર્મ શ્રેષ્ઠ છે. ગર્ભથી પહેલા બીજા અને ત્રીજા માસમાં તથા કન્યા, મીન, વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ આ લગ્નોમાં પુંસવનકર્મ શ્રેષ્ઠ છે. ગર્ભથી આઠમા માસમાં સીમંત કર્મ શ્રેષ્ઠ છે. ૪–૫

### प्रसूतास्नान मुहूर्त.

हस्ताश्विनीत्र्युत्तर रोहिणीषु
मृगाऽनुराधा पवनांत्यभेषु ॥
स्नायात्प्रसूता गुरु भानु भौमे
त्यक्त्वा हरेर्वासरमष्ट षष्ठीम् ॥ ६ ॥
स्नाता प्रसूताप्यसुता बुधेन
स्नाताच वंध्या भृगुनंदनेन ॥
सौरेमृतिः क्षीरहतिश्च सोमे
पुत्रार्थलाभो रविजीव भौमे ॥ ७ ॥

હસ્ત, અશ્વિની, ત્રણે ઉત્તરા, રોહિણી, મૃગશીર્ષ, અનુરાધા, સ્વાતી અને રેવતી આ નક્ષત્રોને વિષે તથા ગુરૂવાર, રવિવાર અને મંગળવાર આ વારોને વિષે; દ્વાદશી, અષ્ટમી અને ષષ્ઠી આ તિથિઓનો ત્યાગ કરીને બીજી તિથિઓને વિષે પ્રસૂતા સ્ત્રી સ્નાન કરે. પ્રસૂતા સ્ત્રી બુધવારને દિવસે સ્નાન કરે તો સંતાન રહિત થાય, શુક્રવારને દિવસે સ્નાન કરે તો વાંઝણી થાય, શનિવારને દિવસે સ્નાન કરે તો મૃત્યુ થાય, સોમવારને દિવસે સ્નાન કરે તો સ્તનના દૂધનો નાશ થાય તથા

રવિવાર, ગુરૂવાર અને મંગળવારના દિવસે સ્નાન કરે તો પુત્ર અને ધનનો લાભ થાય. ૬–૭

नामकरण मुहूर्त.

चित्राऽनुराधा मृग रेवतीषु धात्राश्विनी
त्र्युत्तर हस्त पुष्ये ॥ पुनर्वसौ च श्रवणत्रि
केषु बुधार्क चन्द्रेज्यसितेषु नाम ॥ ८ ॥
शर्मान्तं ब्राह्मणस्य स्याद्वर्मान्तं क्षत्रियस्य च ॥
वैश्यस्य धनसंयुक्त शूद्रस्य प्रेष्य संयुतम् ॥ ९ ॥

ચિત્રા, અનુરાધા, મૃગશીર્ષ, રેવતી, રોહિણી, અશ્વિની, ત્રણે ઉત્તરા, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા અને શતભિષા આ નક્ષત્રાને વિષે તથા બુધ, સૂર્ય, ચંદ્ર, ગુરૂ અને શુક્ર આ વારોને વિષે નામકર્મ શુભ છે. બ્રાહ્મણના બાળકનું નામ શર્માન્ત રાખવું; જેમકે–વૃંદાવનશર્મા, ક્ષત્રીયના બાળકનું નામ વર્માન્ત રાખવું; જેમકે–યજ્ઞદત્તવર્મા; વૈશ્યના બાળકનું નામ ધનસંયુક્ત અથવા ગુપ્તાંત રાખવું; જેમકે–ધનપતિ ચન્દ્રગુપ્ત, અને શૂદ્રના બાળકનું નામ દાસાન્ત રાખવું; જેમકે રામદાસ, દેવીદાસ, ઈત્યાદિ. અવકહડચક્રમાં જે નક્ષત્રના જે ચરણમાં જે અક્ષર જન્મ સમયે હોય એજ અક્ષર ઉપર નામ પાડવું.

### दोलारोहणमुहूर्त.

दोलारोहेऽर्कभात्पंच शर पंचेषु सप्तभैः ॥
नैरुज्यं मरणं कार्श्यं व्याधिः सौख्यंक्रमाच्छिशोः॥१०॥

સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી પ્રથમનાં પાંચ નક્ષત્રમાં બાળકને પારણામાં ઝુલાવે તો આરોગ્ય રહે, બીજા પાંચ નક્ષત્રમાં મરણ થાય, ત્રીજા પાંચ નક્ષત્રમાં દુર્બળ થાય, ચોથા પાંચ નક્ષત્રમાં વ્યાધિ થાય, અને પાંચમાં સાત નક્ષત્રમાં સુખ થાય. ૧૦

### अन्नप्राशन मुहूर्त.

युग्मेषु मासेषु च षष्ठमासात्सांवत्सरे
वा नियतं शिशूनाम् ॥ अयुग्ममासेषु
च कन्यकानां नवान्नप्राशनमिष्टमेतत् ॥ ११ ॥
रेवतीद्वितये पुष्ये पुनर्वस्वनुराधयोः ॥
श्रवणादित्रये हस्तत्रितये रोहिणी मृगे ॥ १२ ॥
उत्तराणां शुभेलग्ने मीनमेषालि भिन्नगे ॥
अन्नप्राशनकं प्रोक्तं शुभाह्ने सर्व संमतम् ॥१३॥

છઠા મહિનાથી સમ માસમાં અર્થાત્ ૬–૮–૧૦ માસમાં અથવા આખા વર્ષમાં સમય નિશ્ચય કર્યો હોય તે સમયે છોકરાને તથા પાંચમા મહિનાથી વિષમ માસમાં અર્થાત્ ૫–૭–૯ માસમાં કન્યાને નવાન્નપ્રાશન શુભ છે. રેવતી, અશ્વિની, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, ચિત્રા, સ્વાતી, રોહિણી, મૃગીશીર્ષ અને ત્રણે ઉત્તરા આ નક્ષત્રોને વિષે શુભગ્રહોનાં લગ્નોને વિષે; મીન, મેષ અને વૃશ્ચિક આ સિવાયનાં બીજાં લગ્નોને વિષે શુભગ્રહોના વારને વિષે અન્નપ્રાશન સર્વની સંમતીથી કહેલું છે. ૧૧–૧૩

पट्टबंधन चौलान्न प्राशने चोपनायने ॥
शुभदं जन्मनक्षत्रमशुभं त्वन्य कर्मणि ॥ १४ ॥

રાજ્યાભિષેક, મુંડન, અન્નપ્રાશન અને ઉપનયન આ કર્મોમાં જન્મ નક્ષત્ર શુભ ફળ આપનારૂં જાણવું. તથા વિવાહાદિ બીજાં કાર્યોમાં અશુભ જાણવું. ૧૪

हित्वा रिक्तं तथा नंदामष्टमीं द्वादशीं तथा ॥
तिथेःक्षयममां वारान् शनि भौमार्कसंज्ञकान् ॥१५॥

રિક્તા ૪–૯–૧૪, નંદા ૧–૬–૧૧, અષ્ટમી, દ્વાદશી, તિથિક્ષય અને અમાવાસ્યા, આ તિથિઓને તથા શનિ, મંગળ અને રવિ આ વારોને ત્યાગ કરીને અન્નપ્રાશન કરાવવું. ૧૫

## कर्णवेध मुहूर्त.

रेवती द्वितये पुष्ये पुनर्वस्वनुराधयोः ॥
श्रवण द्वितये चित्रा मृगे हस्ते शुभे तिथौ ॥ १६ ॥
शुभे वारे हि जन्माह्लाद् द्वादशे षोडशे दिने ॥
कर्णवेधोऽथवा मास षष्ठे सप्ताष्टमेपि वा ॥ १७ ॥

રેવતી, અશ્વિની, પુષ્ય, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, ચિત્રા, મૃગશીર્ષ અને હસ્ત આ નક્ષત્રોને વિષે, શુભ તિથિઓને વિષે અને શુભગ્રહના વારને વિષે જન્મ દિવસથી બારમા અથવા સોળમા દિવસે અથવા છઠ્ઠા, સાતમા, આઠમા મહિનાને વિષે કર્ણવેધ શુભ છે. ૧૬-૧૭

न जन्ममासे न च चैत्र पौषे
न जन्मतारासु हरौ प्रसुप्ते ॥
तिथावरिक्ते न च विष्टि दुष्टे
कर्णस्य वेधो न समान वर्षे ॥ १८ ॥

જન્મ માસ, ચૈત્રમાસ, પૌષમાસ, જન્મતારા, હરિશયન (આષાઢ શુક્લ ૧૧ થી કાર્તિક શુક્લ ૧૧ સુધી, ) રિક્તા ૪-૯-૧૪ તિથિ, વિષ્ટિ અને સમવર્ષ આ સર્વ કર્ણ વેધમાં અશુભ છે. ૧૮

### मुंडनमुहूर्त.

श्रवणात्रितये हस्तत्रितये रेवतीद्वये ॥
ज्येष्ठायां मृगशीर्षे च पुनर्वसुद्वये तथा ॥
सौम्यायने शुभेवारे चूडाकर्म स्मृतंबुधैः ॥ १९ ॥

શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, ચિત્રા, સ્વાતી, રેવતી, અશ્વિની, જયેષ્ઠા, મૃગશીર્ષ, પુનર્વસુ અને પુષ્ય આ નક્ષત્રોને વિષે, ઉત્તરાયણના સૂર્યમાં શુભગ્રહના વારના દિવસે પંડિતોએ મુંડનકર્મ કહેલું છે. ૧૯

न जन्ममासे न च जन्मभे तिथौ
विधौ विरुद्धे शुभतारकासु ॥
युग्माद्रमासे न च कृष्णपक्षे
चूडा न कार्या खलु चैत्रपौषे ॥ २० ॥

જન્મમાસ, જન્મનક્ષત્ર, જન્મતિથિ, નેષ્ટ ચંદ્રમા, અશુભ તારા, સમવર્ષ, સમમાસ, કૃષ્ણપક્ષ, તથા ચૈત્ર અને પૌષ માસ આ સર્વ મુંડન કર્મમાં વર્જિત છે. ૨૦

### क्षौरकर्ममुहूर्त.

पुष्ये पौष्णे चाश्विनीष्वैन्दवे च शाके हस्ताद्ये

त्रिके मेष्वदित्याः ॥ क्षौरं कार्यं वैष्णवाद्यत्रये च त्यक्त्वा भौमादित्य पातङ्गि वारान् ॥ २१ ॥

પુષ્ય, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, જ્યેષ્ઠા, હસ્ત, ચિત્રા, સ્વાતી, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા અને શતભિષા આ નક્ષત્રોને વિષે મંગળ, સૂર્ય અને શનિ આ વાર ત્યાગ કરીને ક્ષૌરકર્મ શ્રેષ્ઠ છે. ૨૧

मासं हरेत् क्षौरमिहायुषोऽर्कः शनैश्चरः सप्त कुजस्तथाष्टौ ॥ आचार्यभृग्विंदु बुधाः क्रमेणदद्युर्दशैकादश सप्त पंच ॥ २२ ॥

રવિવારને દિવસે ક્ષૌર ( હજામત ) કરાવવાથી એક મહિનાનું આયુષ્ય નાશ થાય, શનિવારને દિવસ ક્ષૌર કરાવે તો સાત માસનું આયુષ્ય નાશ થાય, મંગળવારને દિવસે ક્ષૌર કરાવે તો આઠ માસનું આયુષ્ય નાશ થાય, ગુરૂ, શુક્ર, ચંદ્ર અને બુધવારને દિવસે ક્ષૌર કરાવે તો અનુક્રમથી દશ, અગીઆર, સાત અને પાંચ માસનું આયુષ્ય વધે છે. ૨૨

नृपाज्ञया ब्राह्मग संमते च विवाहकाले मृतसूतके च ॥ बद्धस्य मोक्षेक्रतुदीक्षणासु सर्वेषु भेषु क्षुरकर्मशस्तम् ॥ २३ ॥

રાજાની આજ્ઞાથી, બ્રાહ્મણના કહેવાથી, વિવાહને વિષ, મૃતાશૌચને વિષે, બંધન (કેદ) થી છૂટયાને વિષે તથા યજ્ઞની દિક્ષાને વિષે સર્વ નક્ષત્ર અને વારને વિષે ક્ષૌર કર્મ શ્રેષ્ઠ છે. ૨૩

अक्षरारंभ मुहूर्त.

सौम्यायने शुभे मासि स्वाध्याय दिवसे शुभे ॥
रवौ जीवे बुधे शुक्रे लग्ने खेटबलान्विते ॥ २४ ॥
रेवतीद्वितये पुष्य पुनर्वस्वनुराधयोः ॥
आर्द्राख्ये श्रवणे हस्ते स्वातौ चित्राभिधे तथा ॥२५॥
हेरम्बं विष्णुवाग्देवीं तथाभ्यर्च्येष्टदेवताः ॥
पंचमाऽब्दे नरःकुर्यात्लिप्यारंभो सदा बुधः ॥२६॥

ઉત્તરાયણ, શુભમાસ, સ્વાધ્યાય, શુભદિવસ, રવિ, ગુરૂ, બુધ અને શુક્ર આ વાર તથા લગ્નમાં, ગ્રહ બળવાન હોય ત્યારે; રેવતી, અશ્વિની, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, આર્દ્રા, શ્રવણ હસ્ત, સ્વાતી અને ચિત્રા આ નક્ષત્રોમાં, ગણપતિ, વિષ્ણુ, સરસ્વતી અને ઈષ્ઠ દેવનું પૂજન કરીને પાંચમા વરસે પંડિત અક્ષરારંભ કરાવે. ૨૪–૨૫

## विद्यारंभमुहूर्त.

पूर्वात्रये पुष्ययुगेन्त्यमूले
श्रुतेश्च हस्तान्मृगभात्रिकेऽश्वे ॥
ब्राह्मणानुराधोत्तरभेषु विद्या
रंभः सितार्केज्यबुधेषु शस्तः ॥ २७ ॥

विद्यारंभे गुरुःश्रेष्ठो मध्यमौ भृगुभास्करौ ॥
कनिष्ठौ भौमसौरी च अविद्या बुधसोमयोः ॥२८॥

त्रणे पूर्वा, पुष्य, आश्लेषा, रेवती, मूळ, श्रवण, हस्त, चित्रा, स्वाती, मृगशीर्ष, आर्द्रा, पुनर्वसु, अश्विनी, रोहिणी, अनुराधा अने त्रणे उत्तरा आ नक्षत्रोमां तथा शुक्र, सूर्य, गुरु अने बुध आ वारोमां विद्यारंभ शुभ छे. विद्यारंभमां गुरु श्रेष्ठ छे. शुक्र अने सूर्य मध्यम छे, मंगळ अने शनि नेष्ठ छे तथा बुध अने चंद्र अविद्यावाळा छे.२७–२८

### [illegible]मुहूर्त.

गर्भाधानादष्टमे जन्मतो वा मौंजीबंधं
शस्यते ब्राह्मणानाम् ॥ राजन्यानां नून
मेकादशेद्वे वैश्यानांच द्वादशे वेदविद्भिः॥२९॥

आषोडशाद्ब्राह्मणस्य सावित्री नाभि वर्तते ॥
आद्वाविंशाद्ब्रह्मबंधोराचतुर्विंशतेर्विशः ॥ ३० ॥

ગર્ભાધાનથી અથવા જન્મકાળથી બ્રાહ્મણોને આઠમા વર્ષમાં; ક્ષત્રીયોને અગીઆરમા વર્ષમાં તથા વૈશ્યોને બારમા વર્ષમાં મૌંજીબંધન ( યજ્ઞોપવીત ) કરવું. આ પ્રમાણે વેદને જાણનારા પંડિતોએ કહ્યું છે. સોળવર્ષ સુધી બ્રાહ્મણની સાવિત્રી વર્તમાન રહે છે, અર્થાત્ બ્રહ્મતેજ રહે છે ત્યાં સુધીમાં યજ્ઞોપવીત સંસ્કાર થવો જોઈએ. બાવીસ વર્ષ સુધીમાં ક્ષત્રીયને તથા ચોવીસ વર્ષ સુધીમાં વૈશ્યને યજ્ઞોપવીતસંસ્કાર થવો જોઈએ.

बटुकन्याजन्मराशे स्त्रिकोणायद्विसप्तगः ॥
श्रेष्ठोगुरुः खषट्त्र्याद्ये प्रपूज्यान्यत्र निंदितः ॥३१॥

બ્રહ્મચારી અથવા કન્યાની રાશિથી પાંચમો, નવમો, અગીઆરમો, બીજો અને સાતમો ગુરૂ શ્રેષ્ઠ છે. દશમો, છઠ્ઠો ત્રીજો અને પહેલો ગુરૂ પૂજા કરવાથી શ્રેષ્ઠ છે. તથા ચોથો આઠમો અને બારમો ગુરૂ નિંદિત ( નેષ્ટ ) છે. ૩૧.

हस्ताऽश्विनी पुष्य भुजंगमार्द्रा
मूलत्रिपूर्वादितिरेवतीषु ॥

श्रुतित्रये स्वातिमगानुराधा
चित्रासुसार्ऽकेसदहे व्रतं सत् ॥ ३२ ॥

હસ્ત, અશ્વિની, પુષ્ય, આશ્લેષા, આર્દ્રા, મૂળ, ત્રણે પૂર્વા, પુનર્વસુ, રેવતી, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, સ્વાતી, મગશીર્ષ, અનુરાધા અને ચિત્રા આ નક્ષત્રોને વિષે તથા રવિવાર, ચંદ્રવાર, બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર આ વારોને વિષે વ્રતબંધ કર્મ શુભછે.

माघात्पंचसु मासेषु शुक्लपक्षे च प्राग्दले ॥
द्वितीया च तृतीया च दशम्येकादशी तथा ॥
द्वादशी पंचमी चैव व्रतबंधे शुभप्रदा ॥ ३३ ॥

માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ટ આ માસને વિષે, શુક્લપક્ષને વિષે અને દિવસના પૂર્વદલને વિષે, દ્વિતીયા, તૃતીયા, દશમી, એકાદશી, દ્વાદશી, અને પંચમી આ તિથિઓ વ્રતબંધમાં શુભફળ આપવાવાળી છે. ૩૩

चैत्रे मासे भास्करे मीनसंस्थे
कुर्यान्मौञ्जी बंधनं ब्राह्मणानाम् ॥
शुक्रस्यास्तं वाक्पतेर्नावलोक्यं
नैवग्राह्या चन्द्रगुर्वोश्चशुद्धिः ॥ ३४ ॥

ચૈત્ર માસને વિષે સૂર્ય મીન રાશિમાં હોય તો બ્રાહ્મણોને મૌંજીબંધન ( યજ્ઞોપવીત ) કરવું શ્રેષ્ઠ છે. આને વિષે શુક્ર અને ગુરૂના અસ્તનો દોષ ન જોવો તથા ચંદ્રમા અને ગુરૂની શુદ્ધિનો પણ વિચાર ન કરવો. ૩૪.

### विवाह मुहूर्त.

रेवत्युत्तर रोहिणी मृग मघामूलाऽनुराधाकर
स्वातीषु प्रमदा तुला मिथुनगोलग्ने विवाहः शुभः॥
मासाः फाल्गुनमार्ग माघ शुचयो ज्येष्ठस्तथा माधवः
शस्तः सौम्यदिनं तथैव तिथयो रिक्ता कुहू वर्जिता ॥

રેવતી, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, મૃગશીર્ષ, મઘા, મૂળ, અનુરાધા, હસ્ત અને સ્વાતી આ નક્ષત્રોમાં; કન્યા, તુળા, મિથુન અને વૃષભ આ લગ્નોમાં; ફાલ્ગુન, માર્ગશીર્ષ, માઘ, આષાઢ, જયેષ્ઠ અને વૈશાખ આ મહિનાઓમાં; તથા રિકતા ( ૪–૯–૧૪ ) તિથિ, અને અમાવાસ્યાનો ત્યાગ કરીને શુભ દિવસમાં વિવાહ શુભ છે. અહીં એક વાત લખવી પરમાવશ્ય છે કે ઉત્તરાયણ સૂર્ય અર્થાત્ મકરથી મિથુન સંક્રાંતિ સુધી વિવાહ કરે; ચૈત્રમાસ અર્થાત્ મીન સંક્રાંતિ ત્યાજ્ય છે. ૩૫

मिथुन कुंभ मृगालि वृषाजगे
मिथुगेऽपि रवौ त्रिलवे शुचेः ॥
अलिमृगाजगते करपीडनं
भवति कार्तिक पौषमधुष्वपि ॥ ३६ ॥

મિથુન, કુંભ, મકર, વૃશ્ચિક, વૃષભ અને મેષ આ રાશિઓ ઉપર જ્યારે સૂર્ય હોય ત્યારે વિવાહ કરવો શુભ છે. મિથુનના સૂર્યને વિષે આષાઢ શુક્લ પ્રતિપદાથી દશમી પર્યંત શ્રેષ્ઠ છે. વૃશ્ચિકના સૂર્યને વિષે કાર્તિક મહિનામાં, મકરના સૂર્યને વિષે પૌષ મહિનામાં અને મેષના સૂર્યને વિષે ચૈત્ર મહિનામાં વિવાહ કરવો શ્રેષ્ઠ છે. ૩૬

पुनर्विवाह मुहूर्त.

इन्द्र रुद्रादितिऽश्लेषा आग्नेय वरुणस्तथा ॥
अश्विनीं वसुदैवत्यंपद्मकालेशुभं स्मृतम् ॥ ३७ ॥

જ્યેષ્ઠા, આર્દ્રા, પુનર્વસુ, આશ્લેષા, કૃતિકા, શતભિષા, અશ્વિની અને ધનિષ્ઠા આ નક્ષત્રોમાં પુનર્લગ્ન (નાતરૂં) શુભછે.

दत्तकपुत्र मुहूर्त.

हस्तादि पंचकमिषक् वसु पुष्यभेषु
सूर्यक्षमाजगुरु भार्गव वासरेषु ॥

रिक्ता विवर्जिततिथिष्वलि कुंभलग्ने
सिंहे वृषे भवतिदत्त परिग्रहोयम् ॥ ३८ ॥

હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, અશ્વિની, ધનિષ્ઠા, અને પુષ્ય આ નક્ષત્રોમાં, રવિ, મંગળ, ગુરૂ અને શુક્ર આ વારોમાં તથા રિકતા ( ૪–૯–૧૪ ) તિથિ અને વૃશ્ચિક કુંભ આ લગ્નોને ત્યાગ કરીને સિંહ અને વૃષભ આ લગ્નોમાં દત્તપુત્ર વિધાન શુભ છે. ૩૮

अथ ज्येष्ठ विचार.

जन्ममासि नच जन्मभे तिथौ
नैव जन्मदिवसेऽपि कारयेत् ॥
आद्यगर्भ दुहितुः सुतस्य वा
ज्येष्ठ मासि नच यातु मंगलं ॥ ३९ ॥

द्वौज्येष्ठौमध्यमाप्रोक्तावेकज्येष्ठःशुभावहः
ज्येष्ठत्रयंनकुर्वीतविवाहेसर्वसंमतः ॥ ४० ॥
अज्येष्ठाकन्यकायत्र ज्येष्ठपुत्रोवरोयदि ॥
व्यत्ययोवातयोस्तत्र ज्येष्ठोमासः शुभप्रदः ॥ ४१ ॥

જન્મમાસ, જન્મનક્ષત્ર, જન્મતિથિ અને જન્મવારમાં આદ્ય ગર્ભવાળાં કન્યા અને પુત્રનો વિવાહ જયેષ્ઠ માસમાં કરવો નહી; પુરૂષ આદ્ય ગર્ભવાળો અથવા કન્યા આદ્ય ગર્ભવાળી હોય તો જયેષ્ઠ માસમાં વિવાહ મધ્યમ કહેલો છે. બેમાંથી એક આદ્ય ગર્ભવાળો હોય તથા કન્યા પણ આદ્ય ગર્ભવાળી હોય અને જયેષ્ઠ માસ હોય તો વિવાહ કરવો નહી. જો કન્યા આદ્ય ગર્ભવાળી ન હોય અને વર આદ્ય ગર્ભવાળો હોય તથા વર આદ્ય ગર્ભવાળો ન હોય અને કન્યા આદ્ય ગર્ભવાળી હોય તો તેમને જયેષ્ઠ માસમાં વિવાહ શુભ જાણવો. ૩૯–૪૧

दशवर्षाण्यतिक्रान्ता कन्याशुद्धिविवर्जिता ॥
तस्यास्तारेंदुलग्नानां शुद्धोपाणिग्रहोमतः ॥ ४२ ॥
द्वादशाऽब्दपरेकन्याषोडशाब्दपरे वरे ॥
व्ययवेदाष्टमेसूर्ये जीवेचैत्र न दोषभाक् ॥ ४३ ॥

દશ વર્ષ પછી કન્યા શુદ્ધિ રહિત હોય છે તેનો તારા શુદ્ધિ, ચંદ્ર શુદ્ધિ અને લગ્ન શુદ્ધિ જોઇને વિવાહ કરવો શ્રેષ્ઠ છે, બાર વર્ષ ઉપરાંત કન્યાને તથા સોળ વર્ષ ઉપરાંત વરને ચોથા, આઠમા અને બારમા સૂર્યનો અને કન્યાએ ચોથા, આઠમા અને બારમા ગુરૂનો દોષ નથી. ૪૨–૪૩

### मंगल विचार.

लग्नेऽव्यये च पाताले यामित्रेचाष्टमे कुजे ॥
पत्नीहन्ति स्वभर्तारं भर्ता भार्यां विनाशयेत ॥४४॥

જન્મલગ્નમાં પહેલા, બારમા, ચોથા, સાતમા અને આઠમા સ્થાનમાં મંગળ હોય તો વિવાહ કરવો નહિ. કન્યાને ઉપર કહેલાં સ્થાનોમાં મંગળ હોય તો વરને હનન કરે, અને વરને હોય તો કન્યાને હનન કરે. ૪૪

जामित्रेच यदा सौरिर्लग्नेवाहिबुकेऽथवा ॥
अष्टमे द्वादशेचैव भौम दोषो न विद्यते ॥ ४५ ॥

સાતમા, પહેલા, ચોથા, આઠમા અને બારમા સ્થાનમાં શનિ હોય તો મંગળનો દોષ જાણવો નહિ. ૪૫

### वरकन्ययोःप्रीतिविचार.

वर्णोवश्यं तथातारा योनिश्च ग्रहमैत्रकम् ॥
गणमैत्रीभकूटंच नाडीचैते गुणाधिकाः ॥ ४६ ॥

૧ વર્ણ, ૨ વશ્ય, ૩ તારા, ૪ યોનિ, ૫ ગ્રહમૈત્રી, ૬ ગણમૈત્રી, ૭ ભકુટ, ૮ નાડી, આ આઠ એકથી એક ગુણમાં અધિક છે. ૪૬

वर्णज्ञान.

मीनालि कर्कटा विप्राः क्षत्रा मेषो हरिर्धनुः ॥
शूद्रोयुग्मंतुलाकुंभौ वैश्यः कन्या वृषेमृगः ॥४७॥
नोत्तमामुद्वहेत्कन्यां ब्राह्मणींच वेशोपमः ॥
म्रियतेहीनवर्णश्च ब्रह्मणासदृशोयदि ॥ ४८ ॥
विप्रवर्णेषुयानारी शुद्रवर्गेषुयःपतिः ॥
ध्रुवंभवतिवैधव्यं शुक्रस्यदुहितायदि ॥ ४९ ॥

મીન, વૃશ્ચિક અને કર્ક રાશિનો બ્રાહ્મણ વર્ણ છે; મેષ, સિંહ અને ધન રાશિનો ક્ષત્રિય વર્ણ છે; મિથુન, તુળા અને કુંભરાશિનો શૂદ્ર વર્ણ છે; તથા કન્યા, વૃષભ અને મકર રાશિનો વૈશ્ય વર્ણ છે. ઉત્તમ વર્ણની કન્યા હોય અને હીન વર્ણનો વર હોય તો વરનું મૃત્યુ થાય, ચાહે બ્રહ્મા જેવો હોય તો પણ શું? બ્રાહ્મણ વર્ણની કન્યા હોય અને શૂદ્ર વર્ણનો વર હોય તો કન્યા નિશ્ચય કરીને વિધવા થાય, ચાહે શુક્રાચાર્યની કન્યા હોય તો પણ શું? ૪૭-૪૯

વશ્યવિચાર.

सिंहंविनावशाःसर्वे द्विपदानां चतुष्पदाः
भक्ष्याजलचरास्तेषां सर्वस्थानेनराःनृपाः ॥ ५० ॥

मकरस्यपूर्वभागो मेष सिंह धनुर्वृषाः ॥
चतुष्पदाःकीटसंज्ञःकर्कःसर्पश्चवृश्चिकः ॥ ५१ ॥
तुलाचमिथुनंकन्या पूर्वार्द्धंधनुषश्चयत् ॥
द्विपदास्तुमृगार्द्धंतु कुंभमीनौजलाश्रितौ ॥५२॥

દ્વિપદના વશમાં સિંહ વિના સર્વ વશ છે, અને જળચર દ્વિપદનું ભક્ષ્ય છે પરંતુ સર્પ ભયકારક છે; મકરનો પૂર્વ ભાગ મેષ, સિંહ, ધન અને વૃષભ ચતુષ્પદ છે, કર્ક કીટ છે, વૃશ્ચિક સર્પ છે, તુળા, મિથુન, કન્યા અને ધનનો પૂર્વ ભાગ દ્વિપદ છે. મકરનો પશ્ચિમ ભાગ, કુંભ અને મીન જળચર છે. ૫૦–૫૨

## तारावलविचार.

कन्यर्क्षाद्वरभंयावत्कन्याभं वरभादपि ॥
गणयेन्नवहृच्छेषे त्रीष्वद्रिभमसत्स्मृतम् ॥ ५३ ॥

કન્યાના નક્ષત્રથી વરના નક્ષત્ર સુધી અને વરના નક્ષત્રથી કન્યાના નક્ષત્ર સુધી ગણી તેમાં પૃથક્ પૃથક્ નવનો ભાગ આપવાથી શેષ ત્રણ, પાંચ અને સાત રહે તો અશુભ તારા સમજવી. ૫૩

योनिविचार.

अश्विनीवारुणश्चाश्वां रेवती भरणी गजः ॥
पुष्यश्च कृतिका छागो नागश्च रोहिणी मृगः ॥५४॥
आर्द्रामूलमपिश्वाच मूषकः फाल्गुनी मघा ॥
मार्जारोदितिराश्लेषा गोजातिरुत्तराद्वयम् ॥ ५५ ॥
महिषः स्वातिहस्तौच मृगोज्येष्ठानुराधिका ॥
व्याघ्रश्चित्राविशाखाच श्रुत्याषाढौच मर्कटौ ॥५६॥
वसुभाद्रपदौसिंहौ नकुलोऽभिजिद्विश्वयः ॥
योनयःकथिताभानां वैरमैत्री विचार्यताम् ॥ ५७ ॥

અશ્વિની અને શતભિષાની અશ્વયોનિ, રેવતી અને ભરણીની ગજયોનિ, પુષ્ય અને કૃતિકાની મેષયોનિ, રોહિણી અને મૃગશીર્ષની સર્પયોનિ, આર્દ્રા અને મૂળની શ્વાન યોનિ, પૂર્વાફાલ્ગુની અને મઘાની મૂષકયોનિ, પુનર્વસુ અને આશ્લેષાની માર્જારયોનિ, ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાભાદ્રપદની ગૌયોનિ, સ્વાતી અને હસ્તની મહિષયોનિ, જયેષ્ઠા અને અનુરાધાની મૃગયોનિ, ચિત્રા અને વિશાખાની વ્યાઘ્રયોનિ, શ્રવણ અને પૂર્વાષાઢાની વાનરયોનિ, ધનિષ્ઠા અને પૂર્વાભાદ્રપદની સિંહ-

યોનિ, ઉત્તરાષાઢા અને અભિજિતની નકુળયોની, આ પ્રમાણે નક્ષત્રોના આશ્રયથી યોનિ કહી છે. આનાથી વૈર અને મૈત્રીનો વિચાર કરવો. ૫૪–૫૭

वैरयोनि.

गोव्याघ्रं गजसिंहमश्वमहिषं श्वैणं च बभ्रूरगं
वैरं वानरमेषकंच सुमहत्तद्वद्विडालोन्दुरम् ॥
लोकानांव्यवहारतोन्यदपि च ज्ञात्वा प्रयत्नादिदं
दंपत्योर्नृपभृत्ययोरपि सदा वर्ज्यं शुभस्यार्थिभिः ॥५८

ગાય અને વાઘને વૈર, હાથી અને સિંહને વૈર, ઘોડો અને ભેંસને વૈર, શ્વાન અને હરણને વૈર, સર્પ અને નકુળને વૈર, વાનર અને મેષને વૈર, માર્જાર અને ઊંદરને વૈર, મનુષ્યના વ્યવહારથી પણ વૈર અને મહાવૈરને યત્ન પૂર્વક જાણીને સ્રી અને પુરૂષ તથા સ્વામી અને સેવકના નક્ષત્રથી વૈરભાવનો વિચાર કરવો. શુભાકાંક્ષી પુરૂષે વૈરયોનિનો પરિત્યાગ કરવો. ૫૮

राशिस्वामि.

मेषवृश्चिकयोर्भौमः शुक्रो वृषतुलाधिपः
कन्यामिथुनयोः सौम्यो गुरुस्तुधनमीनयोः ॥५९॥

शनिर्नक्रस्यकुंभस्य कर्कस्यैवतु चन्द्रमाः ॥
सिंहस्याधिपतिःसूर्यःकथितो गणकैःक्रमात् ॥६०॥

રાશિયોના સ્વામી પ્રથમ કહી ચુકયા છીએ તેથી અહીં શ્લોક માત્ર લખ્યા છે. ૫૯–૬૦

ग्रहमैत्रीविचार.

शत्रू मंदसितौ समश्च शशिजो मित्राणिशेषारवे स्तीक्ष्णांशुर्हिमरश्मिजश्च सुहृदौ शेषाः समाःशीतगोः ॥ जावेन्दूष्णकराःकुजस्य सुहृदोज्ञोऽरिः सितार्की समौ मित्रे सूर्यसितौ बुधस्यहिमगुःशत्रुः समाश्चापरे ॥ ६१ ॥ सूरेः सौम्यसितावरी रविसुतोमध्येऽपरेत्व-न्यथा सौम्यार्कीसुहृदौसमौ कुज गुरु शुक्रस्य शेषा-वरी ॥ शुक्रज्ञौ सुहृदौ समः सुरगुरुः सौरस्य त्वन्येऽरयोयेप्रोक्ताः सुहृदस्त्रिकोणभवनात् तेऽमी मया की-र्तिताः ॥ ६२ ॥ अन्योन्यमित्रंशस्तंस्यात्सममित्रंतु मध्यमम् ॥ उदासीनःकनिष्ठंस्यान्मृत्युदंशात्रवंस्मृतम्

સૂર્યના શનિ અને શુક્ર શત્રુ છે, બુધ સમ છે, બાકીના ચંદ્ર, મંગળ અને ગુરૂ મિત્ર છે. ચંદ્રમાના સૂર્ય અને બુધ મિત્ર છે. બાકીના મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ સમ છે. મં-

ગળના ગુરૂ, ચંદ્ર અને સૂર્ય મિત્ર છે, બુધ શત્રુ છે; શુક્ર અને શનિ સમ છે. બુધના સૂર્ય અને શુક્ર મિત્ર છે, ચંદ્રમા શત્રુ છે, બાકીના મંગળ, ગુરૂ અને શનિ સમ છે. ગુરૂના બુધ અને શુક્ર શત્રુ છે, શનિ સમ છે, બાકીના સૂર્ય, ચંદ્ર અને મંગળ મિત્ર છે. શુક્રના બુધ અને શનિ મિત્ર છે, મંગળ અને ગુરૂ સમ છે, બાકીના સૂર્ય અને ચંદ્ર શત્રુ છે. તથા શનિના શુક્ર અને બુધ મિત્ર છે, ગુરૂ સમ છે. બાકીના સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્રુ છે. બન્ને મિત્ર હોય તો શુભ, સમ અને મિત્ર હોય તો મધ્યમ, બન્ને ઉદાસીન હોય તો કનિષ્ઠ અને બન્ને શત્ર હોય તો મૃત્યુપ્રદ જાણવા. ૬૧–૬૩

## ग्रहमैत्री चक्र.

| ग्रह | सू. | चं. | मं. | बु. | बृ. | शु. | श. |
|---|---|---|---|---|---|---|---|
| मित्र | चं. बृ. मं. | सू. बु. | सू. चं. बृ. | सू. शु. | सू. चं. मं. | बु. श. | बु. शु. |
| सम | बु. | मं. बृ. शु. श. | शु. श. | मं. बृ. श. | श. | मं. बृ. | बृ. |
| शत्रु | शु. श. | ० | बु. | चं. | बु. शु. | सू. चं. | सू. चं. मं. |

गणमैत्रीज्ञान.

अश्विनी मृगरेवत्यो हस्तः पुष्यः पुनर्वसुः ॥
अनुराधाश्रुतिःस्वाती कथ्यतेदेवतागणः ॥ ६४ ॥
तिस्रःपूर्वाश्चोत्तराश्चतिस्रोऽप्यार्द्रा च रोहिणी ॥
भरणी च मनुषाख्योगणश्च कथितो बुधैः ॥ ६५ ॥
कृतिका च मघाश्लेषा विशाखा शततारकाः ॥
चित्राज्येष्ठाधनिष्ठा च मूलं रक्षोगणः स्मृतः ॥६६॥
स्वगणे परमाप्रीतिर्मध्यमा देवमर्त्ययोः ॥
मर्त्यराक्षसयोर्मृत्युः कलहोदेवरक्षसोः ॥ ६७ ॥

અશ્વિની, મૃગશીર્ષ, રેવતી, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, શ્રવણ અને સ્વાતી આ નવ નક્ષત્રોને દેવતા ગણ જાણવાં. પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, આર્દ્રા, રોહિણી અને ભરણી, આ નવ નક્ષત્રોને પંડિતોએ મનુષ્યગણ કહેલાં છે. કૃતિકા, મઘા, આશ્લેષા, વિશાખા, શતભિષા, ચિત્રા, જયેષ્ઠા, ધનિષ્ઠા અને મૂળ આ નવ નક્ષત્રોને રાક્ષસ ગણ કહેલાં છે. જો વર અને કન્યાનો એકજ ગણ હોય તો અધિક પ્રીતિ હોય, દેવ અને મનુષ્ય

ગણુ હોય તો મધ્યમ હોય, મનુષ્ય અને રાક્ષસગણુ હોય તો મૃત્યુ હોય, તથા દેવ અને રાક્ષસગણુ હોય તો કલેશ હોય. ૬૪-૬૭

भकूट विचार.

चतुर्थे दशमश्चैव तृतीयैकादशः शुभः ॥
उभयोःसप्तमःसाम्यमेकर्क्षे शुभमुच्यते ॥ ६८ ॥
षडष्टकेऽपमृत्युःपंचम नवमेऽनपत्यताज्ञेया ॥
द्विर्द्वादशेनिधनताशेषेषुमध्यमताज्ञेया ॥ ६९ ॥

કન્યાની રાશિથી વરની રાશિ ચોથી હોય અને વરની રાશિથી કન્યાની રાશિ દશમી હોય અથવા પરસ્પર ત્રીજી અને અગીઆરમી રાશિ હોય તોપણુ શુભ જાણુવી, બન્નેની સાતમી રાશિ હોય તો સમ જાણુવી, અને એક નક્ષત્ર હોય તો શુભ જાણુવી. છઠ્ઠી અને આઠમી (ષડષ્ટક ) રાશિ મૃત્યુકારક જાણુવી, નવમી અને પાંચમી ( નવપંચક) રાશિ અનપત્યકારક જાણુવી, તથા બીજી અને બારમી ( દ્વિર્દ્વાદશ ) રાશિ નિર્ધનતાકારક જાણુવી. શેષરાશિ મધ્યમ જાણુવી. ૬૮-૬૯

मृत्युषडष्टक.

कन्यामेषौ वृषचापौ कामाली घटकर्कटे ॥
मृगसिंहे तुलामीने त्यजेन्मृत्युषडष्टकम् ॥ ७० ॥

કન્યા અને મેષ, વૃષભ અને ધન, મિથુન અને વૃશ્ચિક, કુંભ અને કર્ક, મકર અને સિંહ તથા તુળા અને મીન આ રાશિયોના ષડષ્ટકને મૃત્યુષડષ્ટક કહ્યાં છે, તે વર્જિત છે. ૭૦

प्रीतिषडष्टक.

मेषाली मकरे युग्मे कन्याकुंभौ तुलावृषौ ॥
सिंहे मीने धनुः कर्के षट्काष्टं प्रीतिवर्द्धकम् ॥७१॥

મેષ અને વૃશ્ચિક, મકર અને મિથુન, કન્યા અને કુંભ તુળા અને વૃષભ, સિંહ અને મિન તથા ધન અને કર્ક આ રાશિયોના ષડષ્ટકને પ્રીતિવર્દ્ધક ષડષ્ટક કહેલાં છે. ૭૧

द्विर्द्वादश.

मीनमेषौ वृषमिथुना कर्कहरी तूलकन्यके ॥
अलिधनुषीमकरकुंभावेतौ द्विर्द्वादशौ राशी ॥७२॥

મીન અને મેષ, વૃષભ અને મિથુન, કર્ક અને સિંહ, તુળા અને કન્યા, વૃશ્ચિક અને ધન તથા મકર અને કુંભ આ રાશિયોના દ્વિર્દ્વાદશ આવે તો શુભ જાણવા. આનાથી મેષ અને વૃષભ, મિથુન અને કર્ક આદિ રાશિયોના દ્વિર્દ્વાદશ હોય તો મૃત્યુકારક જાણવા. ૭૨

नवपंचक.

मीनालिभ्यां युतेकोटे कुंभे मिथुनसंयुते ॥
मकरेकन्यकायुक्ते न कुर्यान्नवपंचके ॥ ७३ ॥

મીનથી નવમ વૃશ્ચિક અને વૃશ્ચિકથી પંચમ મીન તથા કર્કથી નવમ મીન અને મીનથી પંચમ કર્ક હોય તો નવપંચક હોય છે. તેવીજ રીતે કુંભ અને મિથુન તથા મકર અને કન્યાના પણ નવપંચક વર્જિત છે; કેમકે તે સંતાનનાશક છે. ૭૩

वरस्य पंचमे कन्या कन्याया नवमे वरः ॥
एतत्त्रिकोणकं ग्राह्यं पुत्रपौत्र सुखावहम् ॥७४॥

વરની રાશિથી કન્યાની રાશિ પાંચમી હોય અને કન્યાની રાશિથી નવમી રાશિ વરની હોય તો આ નવપંચક ( ત્રિકોણ ) ગ્રહણ કરવું, તે પુત્ર પૌત્રાદિકનું સુખ આપે છે. ૭૪

नाडी विचार.

अश्विन्यार्द्रा शतभिषक् ज्येष्ठा हस्तः पुनर्वसुः ॥
पूर्वाभाद्रपदा मूलं चोत्तरा त्वाद्यनाडिकाः ॥ ७५ ॥
पूर्वाषाढाऽनुराधा च धनिष्ठा भरणी मृगाः ॥
पूर्वाफाल्गुनिका चित्रा पुष्योभा मध्यनाडिकाः ॥७६॥

कृतिका रोहिणी स्वाती मघाश्लेषा च रेवती ॥
श्रवणश्चोत्तराषाढा विशाखा त्वंत्यनाडिकाः ॥७७॥

અશ્વિની, આર્દ્રા, શતભિષા, જયેષ્ઠા, હસ્ત, પુનર્વસુ, પૂર્વાભાદ્રપદ, મૂળ અને ઉત્તરાફાલ્ગુની, આ નવ નક્ષત્રો આદ્યનાડી છે. પૂર્વાષાઢા, અનુરાધા, ધનિષ્ઠા, ભરણી, મૃગશીર્ષ, પૂર્વાફાલ્ગુની, ચિત્રા, પુષ્ય અને ઉત્તરાભાદ્રપદ આ નવ નક્ષત્રો મધ્ય નાડી છે. કૃતિકા, રોહિણી, સ્વાતી, મઘા, આશ્લેષા, રેવતી, શ્રવણ, ઉત્તરાષાઢા અને વિશાખા આ નવ નક્ષત્રોની અંત્ય નાડી કહેલી છે. ૭૫–૭૭

नाडीफल.

अग्रनाडीव्यधे भर्ता मध्यनाडीव्यधे द्वयम् ॥
पृष्ठनाडीव्यधे कन्या म्रियते नात्र संशयः ॥७८॥

સ્ત્રી અને પુરૂષની આદ્ય નાડી હોય તો પુરૂષને, બંન્નેની મધ્ય નાડી હોય તો બંન્નેને, અને અંત્ય નાડી હોય તો કન્યાને મૃત્યુદાયક જાણવી. ૭૮

कन्यर्क्षाद्वरनक्षत्रमशुभं निकटे यदि ॥
वरर्क्षाद्दूरगंस्त्र्यर्क्षं देवर्क्षैक्ये शुभं भवेत् ॥ ७९ ॥

કન્યાના નક્ષત્રથી વરનું નક્ષત્ર નિકટ હોય તો અશુભ

અને વરના નક્ષત્રથી કન્યાનું નક્ષત્ર દૂર હોય અથવા નક્ષત્ર એક હોય વા બન્ને રાશિનો સ્વામી એક હોય તો શુભફળ જાણવું.

## वर्गविचार.

**अकचटतपयशवर्गाः खगेशमार्जारसिंहशुनाम् ॥**
**सर्पाखुमृगावीनां निजपंचमवैरिणामष्टौ ॥ ८० ॥**

અ ઈ ઉ એ ઓ, આ પાંચ અક્ષરોના નામવાળાનો ગરૂડ વર્ગ ઇત્યાદિ નીચેના ચક્રથી સમજી લેવું. પોતાના વર્ગથી પાંચમો વર્ગ શત્રુ જાણવો. ૮૦

## वर्गचक्र.

| गरुड | मार्जार | सिंह | श्वान | सर्प | मूषक | मृग | मेष |
|---|---|---|---|---|---|---|---|
| अ | क | च | ट | त | प | य | श |
| इ | ख | छ | ठ | थ | फ | र | ष |
| उ | ग | ज | ड | द | ब | ल | स |
| ए | घ | झ | ढ | ध | भ | व | ह |
| ओ | ङ | ञ | ण | न | म | ० | ० |

## कर्तरी दोषविचार.

लग्नाच्चंद्राद् व्ययार्थस्थौ पापखेटौ यदा तदा ॥
कर्तरी वर्जनीया सोद्वाहोपनयनादिषु ॥ ८१ ॥
नहि कर्तरीजो दोषः सौम्ययोर्यदि जायते ॥
शुभग्रहयुतं लग्नं क्रूरयोर्नास्ति कर्तरी ॥ ८२ ॥

લગ્ન અથવા ચંદ્રમાથી બારમા અને બીજા સ્થાનમાં પાપગ્રહ જો રહેલા હોય તો કર્તરીદોષ હોય છે; આ દોષમાં વિવાહ યજ્ઞોપવીત આદિ શુભ કાર્ય વર્જિત છે. કર્તરી દોષભંગ જો ઉપર કહેલા સ્થાનોમાં શુભગ્રહ હોય અથવા શુભગ્રહ યુક્ત લગ્ન હોય તો ક્રૂરગ્રહની કર્તરીનો દોષ જાણવો નહી. ૮૧-૮૨

## सूर्यबलविचार.

एकादशे तृतीये वा षष्ठे वा दशमेपि वा ॥
वरस्य शुभदो नित्यं विवाहे दिननायकः ॥८३॥
जन्मन्यथ द्वितीये वा पंचमे सप्तमेपि वा ॥
नवमे च दिवानाथे पूजया पाणिपीडनम् ॥८४॥

अष्टमे च चतुर्थे च द्वादशे च दिवाकरे ॥
विवाहितो वरो मृत्यु प्राप्नोत्यत्र न संशयः ॥८५॥

વરને અગીઆરમો, ત્રીજો, છઠ્ઠો, અને દશમો સૂર્ય હોય તો વિવાહમાં શુભ ફળદાયક જાણવો, પહેલો, બીજો, પાંચમો, સાતમો, અને નવમો સૂર્ય હોય તો પૂજા કર્યાથી શુભ જાણવો. ચોથો, આઠમો, અને બારમો સૂર્ય હોય અને વિવાહ કરે તો મૃત્યુ થાય તેમાં સંદેહ નહી. ८३-८५

## गुरुबलविचार.

एकादशे द्वितीये वा पंचमे सप्तमेपि वा ॥
नवमे च सुराचार्ये कन्यायाः शुभकारकः ॥८६॥
षष्ठे जन्मनि देवेज्ये तृतीये दशमेपि वा ॥
भूरिपूजा पूजितः स्यात्कन्यायाः शुभकारकः ॥८७॥
अष्टमे द्वादशे वापि चतुर्थे वा बृहस्पतौ ॥
पूजा तत्र न कर्तव्या विवाहे प्राणनाशकः ॥८८॥

જો કન્યાને અગીઆરમો, બીજો, પાંચમો, સાતમો અને નવમો બૃહસ્પતિ હોય તો વિશેષ કરીને શુભ છે. છઠ્ઠો, પહેલો ત્રીજો અને દશમો હોય તો પૂજાદાનાદિથી શુભ છે. તથા

ચોથો, આઠમો અને બારમો હોય તો નેષ્ઠ છે. તેમાં વિવાહ કરે તો પ્રાણનો નાશ થાય. ૮૬–૮૮

गुरौ सिंहगते कार्यो न विवाहः कदाचन ॥
मेषस्थिते दिवानाथे सिंहस्थोऽपि शुभप्रदः ॥ ८९ ॥

સિંહ રાશિ ઉપર બૃહસ્પતિ હોય તો વિવાહ ન કરવો પણ મેષ રાશિ ઉપર સૂર્ય હોય તો સિંહસ્થ બૃહસ્પતિ શુભપ્રદ છે. ૮૯

शनैश्चरदिने चैव यदि रिक्ता तिथिर्भवेत् ॥
तस्मिन्विवाहीता कन्या पतिसंतानवर्धिनीः॥९०॥

જો શનિવારને દિવસે રિક્તા ( ૪-૯-૧૪ ) તિથિ હોય તેમાં કન્યાનો વિવાહ કર્યો હોય તો તે કન્યા પતિને સંતાન વૃદ્ધિ કરવાવાળી જાણવી. ૯૦

भामिनीजन्मनक्षत्राद्द्वितीयं पतिजन्मभम् ॥
न शुभं भर्तृनाशाय कथितंब्रह्मयामले ॥ ९१ ॥

કન્યાના જન્મનક્ષત્રથી બીજું નક્ષત્ર વરનું જન્મ નક્ષત્ર હોય તો શુભ જાણવું નહીં. તે ભર્તાનો નાશ કરે છે એવું બ્રહ્મયામલમાં કહ્યું છે. ૯૧

दशमहादोषविचार.


लत्तापातो युतिर्वेधो यामित्रं बुधपंचकम् ॥
एकार्गलोपग्रहौ च क्रान्तिसाम्यं ततःपरम् ॥९२॥
दग्धातिथिश्च विज्ञेया दशदोषा महाबलाः ॥
एतान्दोषान्परित्यज्य लग्नं संशोधयेद्बुधः ॥९३॥

૧ લત્તા, ૨ પાત, ૩ યુતિ, ૪ વેધ, ૫ યામિત્ર. ૬ બુધ પંચક, ૭ એકાર્ગલ, ૮ ઉપગ્રહ, ૯ ક્રાન્તિસામ્ય, ૧૦ દગ્ધાતિથિ આ દશ દોષ મહા બળવાન્ છે, આ દોષોનો ત્યાગ કરીને વિવાહલગ્ન પંડિત સંશોધન કરે. ૯૨–૯૩.

पंचशलाकाचक्र.

पंचोर्ध्वाः स्थापयेद्रेखाः पंच तिर्यङ्मुखास्तथा ॥
द्वयोश्च कोणयोर्द्वे द्वे चक्रं पंचशलाककम् ॥९४॥
ईशाने कृत्तिका देया क्रमादन्यानि भानि च ॥
ग्रहास्तेषु प्रदातव्या ये च यत्र प्रतिष्ठिताः॥९५॥
लग्नस्य निकटे या च गता भवति पूर्णिमा ॥
तन्नक्षत्रे स्थितश्चंद्रो दातव्यो गणकोत्तमैः॥ ९६ ॥

पंचशलाकाचक्र.




પાંચ રેખા ઉભી કાઢવી અને પાંચ રેખા આડીાં કાઢવી, તથા ખૂણાઓમ બબ્બે રેખા કાઢવાથી પં-ચ શલાકા ચક્ર થાયછે. આ ચક્રના ઇશાન ખુણાના અગ્ર ભાગમાં કૃતિકાદિ નક્ષત્રો લખવાં. જન્મ લગ્નની નજીક જે પૂર્ણિમા હોય તે દિવસના નક્ષત્ર ઉપર ચંદ્રમા ધારણ કરવો એમ પંડિતોએ કહ્યું છે. ૯૪-૯૬.

लत्तादोष.

नक्षत्रं द्वादशं भानुस्तृतीयं लत्तया कुजः ॥
षष्ठं जीवोष्टमं मंदो हंति दक्षिणतःसदा ॥ ९७ ॥
वामेन सप्तमश्चांद्रिर्नवमं सिंहिकासुतः ॥
हंति भं पंचमं शुक्रो द्वाविंशं पूर्णचन्द्रमाः ॥९८॥

વિવાહના નક્ષત્રથી બારમા નક્ષત્ર ઉપર સૂર્ય હોયતો સૂર્યનો લત્તાદોષ જાણવો. ત્રીજા નક્ષત્ર ઉપર મંગળ હોય તો મંગળનો લત્તાદોષ જાણવો. છઠ્ઠા નક્ષત્ર ઉપર બૃહસ્પતિ હોય તો બૃહ-

સ્પતિનો લત્તા દોષ જાણવો. આઠમા નક્ષત્ર ઉપર શનિ હોય તો શનિનો લત્તા દોષ જાણવો. બુધ ડાબી બાજુના સાતમા નક્ષત્ર ઉપર હોયતો બુધનો લત્તાદોષ જાણવો. નવમા નક્ષત્ર ઉપર રાહુ હોય તો રાહુનો લત્તાદોષ જાણવો. પાંચમા નક્ષત્ર ઉપર શુક્ર હોય તો શુક્રનો લત્તાદોષ જાણવો. અને પૂર્ણ ચંદ્રમા બાવીસમા નક્ષત્ર ઉપર હોય તો ચંદ્રમાનો લત્તાદોષ અર્થાત્ વેધ જાણવો. ૯૭-૯૮

### लत्ताफल.

रवेर्लत्ता हरेद्वित्तं कुजस्य कुरुते मृतिम् ॥
बृहस्पतेर्बंधुनाशं शनेः कुर्यात्कुलक्षयम् ॥ ९९ ॥
बुधस्य कुरुते त्रासं लत्ताराहोर्विनाशयेत् ॥
शुक्रस्य दुःखदा नित्यं त्रासदातु कलानिधेः १००

સૂર્યની લત્તા સંપત્તિનો નાશ કરે, મંગળની લત્તા મૃત્યુ કરે, બૃહસ્પતિની લત્તા બંધુ નાશ કરે, શનિની લત્તા કુળનો નાશ કરે, બુધની લત્તા ત્રાસ કરે, રાહુની લત્તાવિનાશ કરે, શુક્રની લત્તા હમેશાં દુઃખદાયક જાણવી. ૯૯–૧૦૦.

### पातदोष.

सूर्ययुक्ताच्च नक्षत्राद्दोषः पातो विधीयते ॥
मघाश्लेषा च चित्रा च सानुराधा च रेवती ॥१०१॥

श्रवणोपि च षट्कोयं पातदोषो निगद्यते ॥
अश्विनीमवधिं कृत्वा गणयेल्लभभावधि ॥ १०२ ॥

સૂર્ય જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્રથી પાત દોષ જાણવો. મઘા, આશ્લેષા, ચિત્રા, અનુરાધા, રેવતી અને શ્રવણ આ છ પાત કહેલાં છે. આ નક્ષત્ર અને સૂર્યના સંયોગથી છ પ્રકારના પાત કહેલા છે. અશ્વિની નક્ષત્રથી લગ્નના નક્ષત્ર સુધી ગણવાથી જે પાત દોષવાળા નક્ષત્ર ઉપર લગ્નનું નક્ષત્ર આવે તો તે નક્ષત્રને પાત દોષ જાણવો. ૧૦૧–૧૦૨.

पातफल.

पावकः पवमानश्च विकारः कलहोपरः ॥
मृत्युः क्षयश्च विज्ञेयं पातषट्कस्य लक्षणम् ॥१०३॥

હવે છ પ્રકારનાં પાતનાં ફળ છે. ૧ પાવક, ૨ પવમાન ૩ વિકાર, ૪ કલહ, ૫ મૃત્યુ, ૬ ક્ષય. આ છ પાત અનુક્રમે ફળ આપે છે. ૧૦૩

पातेन पतितो ब्रह्मा पातेन पतितो हरिः ॥
पातेन पतितः शंभुस्तस्मात्पातं विवर्जयेत् ॥१०४॥

આ પાત દોષથી બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ પણ પડયા છે માટે અવશ્ય કરીને પાતદોષ વર્જ્ય કરવો. ૧૦૪.

## युतिदोष.

यत्र गृहे भवेच्चंद्रो ग्रहस्तत्र यदा भवेत् ॥
युतिदोषस्तदा ज्ञेयो विना शुक्र शुभाशुभाः॥१०५॥
रविणा संयुतो हानिं भौमेन निधनं शशी ॥
करोति मूलनाशं च राहुकेतुशनैश्चरैः ॥ १०६ ॥

જે રાશિનો ચંદ્રમા હોય તેજ રાશિ ઉપર કોઈ બીજા ગ્રહ રહેલા હોય તો યુતિદોષ જાણવો. પરંતુ શુક્ર વિના અન્ય કોઇ પણ પાપગ્રહ અથવા શુભગ્રહ હોય તોજ યુતિ દોષ હોયછે. જો સૂર્ય ચંદ્રમાની સાથે હોય તો હાનિ કરે, મંગળ હોય તો મૃત્યુ કરે અને રાહુ કેતુ તથા શનિ હોય તો મૂળ નાશ કરે.

## वेधविचार.

एकरेखास्थितिर्वेधो दिननाथादिभिर्ग्रहैः ॥
विवाहे तत्र मासं तु न जीवति कदाचन ॥१०७॥

જે નક્ષત્રનું લગ્ન હોય અને તેજ નક્ષત્રની રેખામાં સૂર્ય આદિ કોઈ ગ્રહ હોય તેજ ગ્રહનો વેધ જાણવો. આ વેધમાં વિવાહ કરે તો એક મહિનામાં મૃત્યુ થાય. ૧૦૭

### वेधपरिहार.

लत्तामालवके देशे पातश्च कुरुजांगले ॥
एकार्गलं च काश्मीरे वेधं सर्वत्र वर्जयेत् ॥ १०८ ॥

લત્તાદોષ માલવદેશમાં વર્જનીય છે. પાતદોષ કુરૂજાંગલ દેશમાં વર્જનીય છે. એકાર્ગલ દોષ કાશ્મીર દેશમાં વર્જનીય છે, અને વેધ દોષ સર્વ દેશમાં વર્જનીય છે. ૧૦૮

रविवेधे च वैधव्यं कुजवेधे कुलक्षयम् ॥
बुधवेधे भवेद्वंध्या प्रव्रज्या गुरु वेधतः ॥ १०९ ॥
अपुत्रा शुक्रवेधे च सौरेचंद्रे च दुःखिता ॥
परपुरुषरताराहोः केतोस्वच्छंद चारिणी ॥ ११० ॥

સૂર્યનો વેધ હોય તો વિધવા થાય, મંગળનો વેધ હોય તો કુળનો ક્ષય થાય, બુધનો વેધ હોય તો વંધ્યા થાય, ગુરૂનો વેધ હોય તો સન્યાસિની થાય, શુક્રનો વેધ હોય તો અપુત્ર થાય, શનિ અને ચંદ્રમાનો વેધ હોય તો દુઃખી થાય, રાહુનો વેધ હોય તો પરપુરૂષ ગામિની થાય અને કેતુનો વેધ હોય તો સ્વછંદચારિણી થાય. ૧૦૯-૧૧૦.

### यामित्रदोष.

चतुर्दशं च नक्षत्रं यामित्रं लग्नभात्स्मृतम् ॥
शुभयुक्तं तदिच्छंति पापयुक्तं च वर्जयेत् ॥ १११ ॥

चंद्रश्चांद्रिर्भृगुर्जीवो यामित्रे शुभकारकाः ॥
स्वर्भानुर्भानुमंदारा यामित्रे न शुभप्रदाः ॥ ११२ ॥

લગ્નના નક્ષત્રથી ચૌદમા નક્ષત્ર ઉપર કોઇ ગ્રહ હોય તો યામિત્ર દોષ જાણવો, અને જો શુભ ગ્રહ હોય તો શુભ યામિત્ર જાણવો. ચંદ્ર, બુધ, શુક્ર અને ગુરૂનો યામિત્ર શુભકારક જાણવો, અને રાહુ, સૂર્ય, શનિ અને મંગળનો યામિત્ર અશુભ જાણવો.

चंद्राद्वालग्नतोवापि ग्रहावर्ज्याश्च सप्तमे ॥
तत्रस्थिता ग्रहानूनंव्याधिवैधव्यकारकाः ॥ ११३ ॥

ચંદ્રમા થકી અથવા લગ્ન થકી સાતમી રાશિ ઉપર કોઇ ગ્રહ હોય તો તે વ્યાધિ અને વૈધવ્યકારક જાણવો. ૧૧૩.

## पंचकविचार.

धार्यातिथिर्मासदशाष्टवेदाः
संक्रांतितो यातदिनैश्च योज्याः ॥
ग्रहैर्विभक्ता यदि पंचशेषे
रोगस्तथाग्निर्नृपचौरमृत्युः ॥ ११४ ॥

व्रते रोगः पथेचौरः सेवायां राजपंचकम् ॥
गृहे त्वग्निपरित्याज्यं विवाहे मृत्युपंचकम् ॥११५॥

તિથિ ૧૫, માસ ૧૨, દશ ૧૦, અષ્ટ ૮, વેદ ૪, સૂર્ય સંક્રાંતિના જેટલા દિવસ ગયા હોય તે દિવસના અંકમાં પૂર્વોક્ત અંક યુક્ત કરીને નવનો ભાગ દેવાથી જો શેષ પાંચ રહે તો પંચક જાણીએ, સંક્રાંતિના અંકમાં ૧૫ યુક્ત કરીને નવનો ભાગ દેવાથી પાંચ શેષ રહે તો રોગપંચક આવે. ૧૨ યુક્ત કરીને નવનો ભાગ દેવાથી પાંચ શેષ રહે તો અગ્નિ પંચક આવે. ૧૦ યુક્ત કરીને નવનો ભાગ દેવાથી પાંચ શેષ રહે તો રાજપંચક આવે. ૮ યુક્ત કરીને નવનો ભાગ દેવાથી પાંચ શેષ રહે તો ચોર પંચક આવે. ૪ યુક્ત કરીને નવનો ભાગ દેવાથી પાંચ શેષ રહે તો મૃત્યુપંચક આવે. વ્રતબંધમાં રોગ પંચક, યાત્રામાં ચોરપંચક, સેવાકર્મમાં રાજપંચક, ઘર બનાવવામાં અગ્નિપંચક અને વિવાહમાં મૃત્યુપંચક વર્જિત છે.

### एकार्गलविचार.

योगांके विषमे चैको देयोऽष्टाविंशतिः समे ॥
अर्द्धं कृत्वाऽश्विनीपूर्वमंकभं मूर्ध्नि दीयते ॥११६॥
त्रयोदश तिरो रेखा एकोर्ध्वा मूर्ध्नि विस्तृता ॥
योगांके प्राप्तनक्षत्रे ज्ञेयमेकार्गलं बुधैः ॥११७॥
सूर्यचंद्रमसोर्योगे भवेदेकार्गलस्तदा ॥ ११८ ॥

વિવાહને દિવસે જે યોગ હોય તે વિષમ હોય તો એક યુક્ત કરીએ અને સમ હોય તો અઠ્ઠાવીસ યુક્ત કરીએ, પછી તેનું અર્ધ કરીને જે અંક હોય તે અશ્વિનીને આરંભીને એકાર્ગલ ચક્રના મસ્તક ઉપર લખવાં. એકાર્ગલ ચક્રની તેર રેખા આડી અને એક રેખા ઉભી ખેંચીને યોગના અંક અને નક્ષત્ર કહેલાં છે. તે સૂર્ય અને ચંદ્રનો યોગ એક રેખા ઉપર હોય તો એકાર્ગલ દોષ જાણવો. ૧૧૬-૧૧૮

**एकार्गलचक्र.**

अ

| | |
|---|---|
| रे | भ |
| उ | कृ |
| पू | रो |
| श | मृ |
| ध | आ |
| श्र | पु |
| उ | पू |
| पू | श्ले |
| मू | म |
| ज्ये | पू |
| ऽनु | उ |
| वि | ह |
| स्वा | चि |

**उपग्रहदोष.**

शराष्टदिक् शक्रनगातिधृत्य-
स्तिथिर्धृतिश्च प्रकृतेश्च पंच ॥
उपग्रहाः सूर्यभतोऽब्जताराः
शुभा न देशे कुरुबाल्हिकानाम् ॥ ११९ ॥

સૂર્યના નક્ષત્રથી ચંદ્રમાનું નક્ષત્ર પાંચ, આઠ, દશ, ચૌદ,


સાત, ઓગણીસ, પંદર, અઢાર, એકવીસ, બાવીસ, તેવીસ, ચોવીસ અને પચીસમું હોય તો ઉપગ્રહ દોષ જાણવો. આ વિવાહમાં શુભ નથી; પરંતુ દેશભેદના પરિહારથી ઉપગ્રહનો કુરૂ અને બાલ્હિક દેશમાં દોષ છે. ૧૧૯

### क्रान्तिसाम्यदोष.

ऊर्ध्वास्तिस्रस्तिरस्तिस्रो मध्ये मीनं लिखेद्बुधः ॥
सूयचंद्रमसौदृष्टौ क्रांतिसाम्यं निगद्यते ॥ १२० ॥

ત્રણ રેખા ઉભી અને ત્રણ રેખા આડી ખેંચીને મધ્યની રેખા ઉપર મીન લખીને ક્રાંતિસામ્ય ચક્ર બનાવવું. પછી સૂર્ય અને ચંદ્રમા એક રેખા ઉપર હોય તો ક્રાંતિ-સામ્ય દોષ જાણવો. ૧૨૦.

क्रांतिसाम्यचक्र.




### दग्धातिथि.

मीनेचापेद्वितीया च चतुर्थी वृषकुंभयोः ॥
मेषकर्कटयोः षष्ठी कन्यायुग्मेषु चाष्टमी ॥ १२१ ॥
दशमी वृश्चिके सिंहे द्वादशी मकरे तुले ॥
एतास्तु तिथयो दग्धाः शुभ कर्मणि वर्जिताः॥१२२

મીન અને ધનના સૂર્ય વિવાહ સમયમાં હોય તો દ્વિતીયા

દગ્ધા તિથિ જાણવી. વૃષભ અને કુંભના સૂર્ય હોય તો ચતુર્થી, મેષ અને કર્કના સૂર્ય હોય તો ષષ્ઠી, કન્યા અને મિથુનના સૂર્ય હોય તો અષ્ટમી, વૃશ્ચિક અને સિંહના સૂર્ય હોય તો દશમી તથા મકર અને તુલાના સૂર્ય હોય તો દ્વાદશી દગ્ધા તિથિ જાણવી. આ દગ્ધા તિથિ શુભકર્મમાં વર્જિત છે. આ દશ મહાદોષ લખેલા છે. ૧૨૧-૧૨૨

त्याज्या लग्ने व्यये मंदः षष्ठे शुक्रेंदुलग्नपाः ॥
रंध्रे चन्द्रादयः पंच सर्वेस्तेऽब्जगुरू समौ ॥१२३॥

વિવાહ લગ્નથી લગ્નમાં તથા બારમા સ્થાનમાં શનિ; છઠ્ઠા સ્થાનમાં શુક્ર, ચંદ્ર અને લગ્નનો સ્વામી; આઠમા સ્થાનમાં ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, સાતમા સ્થાનમાં સર્વ ગ્રહ વર્જિત છે; પરંતુ ચંદ્ર અને ગુરૂ સાતમે હોય તો મધ્યમ જાણવા. ૧૨૩

केन्द्रे सप्तमहीने च द्वित्रिकोणे शुभाः शुभाः ॥
तृतीयैकादशे सर्वे पापाः षष्ठे च शोभनाः ॥१२४॥

સપ્તમસ્થાનરહિત કેંદ્ર (૧-૪-૭-૧૦) સ્થાનમાં બીજા અને ત્રિકોણ ( ૯-૫ ) સ્થાનમાં શુભગ્રહ શુભ છે, ત્રીજા અને અગીઆરમા સ્થાનમાં સ[illegible]ગ્રહ શુભ છે તથા છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહ શુભ છે. ૧૨૪

**किंकुर्वन्ति ग्रहाःसर्वे यस्य केन्द्र बृहस्पतिः ॥**
**मत्तमातंगयूथानां शतं हन्ति च केशरी ॥ १२५॥**

જેના વિવાહ લગ્નમાં બૃહસ્પતિ કેંદ્ર (૧-૪-૭-૧૦) સ્થાનમાં હોય તો અન્ય ગ્રહ શું કરી શકે છે? જેવી રીતે મત્ત હાથીઓના ટોળાને સિંહ વિનષ્ટ કરે છે તેવીજ રીતે કેંદ્ર ગત ગુરૂ સર્વ દોષોને વિનષ્ટ કરે છે. ૧૨૫.

### वधू प्रवेश मुहूर्त.

**हस्तत्रये ब्रह्मयुगे मघायां पुष्ये धनिष्ठाश्रवणोत्तरेषु ॥**
**मूलाऽनुराधा हय रेवतीषु स्थिरेषु लग्नेषु वधूप्रवेशः ॥**

હસ્ત, ચિત્રા, સ્વાતી, રોહિણી, મૃગશીર્ષ, મઘા, પુષ્ય, ધનિષ્ઠા, શ્રવણ, ત્રણે ઉત્તરા, મૂળ, અનુરાધા, અશ્વિની અને રેવતી નક્ષત્રોમાં તથા સ્થિર લગ્ન (વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ) માં વધૂપ્રવેશ શુભ જાણવો. ૧૨૬

**आदित्यवारे प्रभवंति रोगाः भौमेचमृत्यु**
**र्विधवबुधेच ॥ गुरुभृगुसोमशनिश्चरेण**
**सिद्ध्यंतिकार्याणिवधूप्रवेशे ॥ १२७ ॥**

રવિવારને દિવસે વધૂપ્રવેશ થાય તો રોગ ઉત્પન્ન થાય. મંગળવારને દિવસે મૃત્યુ થાય, બુધવારને દિવસે વિધવા થાય,

તથા ગુરૂ, શુક્ર, ચંદ્ર અને શનિવારને દિવસે વધૂ પ્રવેશ કરે તો સર્વ કામ સિદ્ધ થાય. ૧૨૭.

### द्विरागमनमुहूर्त.

पौष्णानुराधोत्तरतक्षरोहिणीमूलादितिस्वाति
मृगे श्रुतित्रये ॥ पुष्याश्वि हस्तेलिघटाजगे
रवौ स्यादोजवर्षेसदहे द्विरागमः ॥१२८॥

રેવતી, અનુરાધા, ત્રણે ઉત્તરા, ચિત્રા, રોહિણી, મૂળ, પુનર્વસુ, સ્વાતી, મૃગશીર્ષ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પુષ્ય, અશ્વિની અને હસ્ત આ નક્ષત્રોમાં; વૃશ્ચિક, કુંભ અને મેષના સૂર્યમાં; વિષમ ૧–૩–૫ વર્ષમાં તથા શુભ દિવસ ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર આ વારોમાં દ્વિરાગમન શુભ છે. ૧૨૮

सार्धाष्टमासे भृगुजश्चपूर्वे ततोधनेशे
स्थितपंचपक्षः ॥ ततः प्रतीच्यां नवमास
भुक्तमेकादशाहास्तमुदेति पूर्वे ॥ १२९॥

સાડા આઠ મહિના સુધી શુક્ર પૂર્વ દિશામાં ઉદય રહીને પાંચ પક્ષ અર્થાત અઢી મહિના સુધી અસ્ત રહે છે. ફરીથી પશ્ચિમ દિશામાં ઉદય થઇને નવ મહિના સુધી ઉદય રહીને અગીઆર દિવસ અસ્ત રહે છે, પછીથી પૂર્વ દિશામાં ઉદય થાય છે.

चतुर्थसंस्कार रत्नं समाप्तम्.

# ॥ पंचमामिश्ररत्नप्रारंभः ॥

## तत्रादौ जन्मपत्रलेखनप्रकार।

પ્રથમ આશીર્વાદાત્મક સહિત મંગળાચરણ શ્લોક, સંવત, શાક, સંવત્સર, અયન, ઋતુ, માસ, પક્ષ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ, ચંદ્રની રાશિ, દૈવતસહિત નવમાંશના માન, યોની, ગણ, વર્ણ, વર્ગ, નાડી, યુંજા, હંસક, દિનમાન, રાત્રિમાન, સૂર્યસંક્રાંતિ, ઇષ્ટઘડી, લગ્ન, જ્ઞાતિ, અવટંક, પિતાનું નામ, માતાનું નામ, બાળકનું નામ. નક્ષત્રચરણ, જન્મલગ્ન, રાશિલગ્ન આ સર્વ ક્રમપૂર્વક જન્મપત્રીકામાં જ્યોતિર્વિદોએ લખવાં.

### लग्न प्रमाण.

नगाश्विदस्रा वसुबाणदस्रा षडभ्ररामाम्बर
वेदरामा॥ व्योमाब्धिरामानवदस्रशमा
क्रमोत्क्रमान्मेष तुलादिमानम् ॥ १ ॥

મેષ અને મીન રાશિનું પ્રમાણ ૨૨૭ પળ અર્થાત્ ૩ ઘડી ને ૪૭ પળનું જાણવું, વૃષભ અને કુંભ રાશિનું પ્રમાણ ૨૫૮ પળ અર્થાત્ ૪ ઘડી ને ૧૮ પળનું જાણવું, મિથુન અને મકર રાશિનું પ્રમાણ ૩૦૬ પળ અર્થાત્ ૫ ઘડી ને ૬ પળનું

જાણવું, કર્ક અને ધન રાશિનું પ્રમાણ ૩૪૦ પળ અર્થાત્ ૫ ઘડી ને ૪૦ પળનું જાણવું, સિંહ અને વૃશ્ચિક રાશિનું પ્રમાણ ૩૪૦ પળ અર્થાત્ ૫ ઘડી ને ૪૦ પળનું જાણવું, તથા કન્યા અને તુળા રાશિનું પ્રમાણ ૩૨૯ પળ અર્થાત ૫ ઘડી ને ૨૯ પળનું જાણવું. આ લગ્ન પ્રમાણ અમદાવાદનાં છે. ૧

| राशि | मे | वृ. | मि. | क. | सिं. | कं. | तु. | वृ. | ध. | म. | कु. | मी. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| घडी | ३ | ४ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ४ | ३ |
| पळ | ४७ | १८ | ६ | ४० | ४० | २९ | २९ | ४० | ४० | ६ | १८ | ४७ |


### जन्मपत्रलेखनोदाहरण.

॥ श्री गणेशायनमः ॥ सजयति सिंधुरवदनो देवो- यत्पादपङ्कजस्मरणम् ॥ वासरमणिरिवतमसांराशीन्ना- शयतिविघ्नानाम् ॥ १ ॥ स्वस्तिश्रीमन्नृपविक्रमार्क- राज्यसमयातित् संवत् १९७२ वर्षे श्रीमद्भूपतिशा- लिवाहन शके १८३७ प्रवर्त्तमाने ॥ नर्मदायाः उ- त्तरेभागे विभवनाम संवत्सरे ॥ सौम्यायने भास्क- रे ॥ शिशिरर्तौ ॥ मासानांमासोत्तमे पौषमासे कृ- ष्णपक्षे ५ घटिकाः २४ पलानि २३ परं ६ जन्म-


तिथौ ॥ भौमवासरे ॥ उत्तराफाल्गुनि घटिकाः १७ पलानि ४९ परं हस्त जन्मनक्षत्रे ॥ अतिगण्ड घटिकाः ११ पलानि ५२ परं सुकर्मा जन्मयोगे ॥ तात्कालिके गरकरणे ॥ कन्याराशिस्थिते चन्द्रे ॥ राशिर्नवमांशे चतुर्थे मेषाख्ये भौमदैवत्ये ॥ महिषीयोनौ ॥ देवगणे ॥ वैश्यवर्णे ॥ मुषकवर्गे ॥ आद्यनाडीस्थिते श्री फणीश्वरचक्रे ॥ मध्यभागयुंजायाम् ॥ भूमिहंसके ॥ मकरसंक्रान्तेर्गतांशाः ११ एवंपंचाङ्गशुद्धावत्रदिने श्रीमन्मार्तण्डमण्डलोदयात्गतघटिकाः ३२ पलानि २५ समये सिंहलग्नवहमानायामस्यां शुभग्रहनिरीक्षित कल्याणवतीवेलायां श्रीगोड ज्ञातौ भट्टोपाव्ह माणेकलालात्मजज्योतिर्विद् वृन्दावन गृहेभार्योभयकुलशुद्धानंदकर्त्री अखंडसौभाग्यवती दुर्गालक्ष्मीकुक्षेपुत्ररत्नमजीजनत्त॥ स्याभिधानमवकहडचक्रानुसारेण पकाराक्षरादिउकार स्वरा-

न्वितंहस्तनक्षत्रस्य प्रथम चरणानुगं पुरुषोत्तम इति-जन्मनाम सुप्रतिष्ठितम् ॥ उल्लापने तु जयंतीलाल नामेतिलोके प्रसिद्धः ॥ देवद्विजाशीर्वचनाच्चिरंजीवी सुखी च भूयात् ॥ श्रीरस्त्वत्र ॥ श्री ॥ श्री ॥

जन्मलग्नम्.




चन्द्रलग्नम्.




यत्सूर्यराश्यंशसमानकोष्ठे
घट्यादिकं स्वेष्टघटीयुतंतत् ॥

तत्तुल्यघट्यादि भवेद्धियत्र
तत्तिर्यगूर्ध्वांकमितंहि लग्नम् ॥ २ ॥

લગ્ન પત્રમાં સૂર્ય સ્થિત રાશિ અને અંશના સમાન કોઠાના અંકોમાં ઈષ્ટ ઘડી અને પળ જોડી દેવી, જોડતાં જેટલી ઘડી અને પળ આવે તેને લગ્નપત્રમાં જોવી ને જે રાશિ અંશના કોઠામાં આવે તેજ રાશિ અને અંશ લગ્ન જાણવું.૨

द्वादशभाव.

तनुर्धनं सोदरमित्रपुत्रशत्रुप्रियामृत्यु
शुभाः क्रमेण ॥ कर्मायसंज्ञौ व्ययनाम
धेयोलग्नादिभावा विबुधैरिहोक्ताः ॥ ३ ॥

૧ તનુ, ૨ ધન, ૩ ભ્રાતૃ, ૪ મિત્ર, ૫ પુત્ર, ૬ શત્રુ, ૭ સ્ત્રી, ૮ મૃત્યુ, ૯ ધર્મ, ૧૦ કર્મ, ૧૧ લાભ, ૧૨ વ્યય; આ બાર ભાવ લગ્નથી બારમા સ્થાન સુધી પંડિતોએ કહ્યાં છે. ૩

यो यो भावः स्वामीदृष्टो युता वा सौम्यैर्वास्यात्तस्य
तस्यास्ति वृद्धिः॥ पापैरेवं तस्य भावस्य हानि
र्निर्दिष्टव्यापृच्छतां जन्मतोवा ॥ ४ ॥

જે જે ભાવ પોતાના સ્વામીથી યુક્ત અથવા દ્રષ્ટ હોય તથા શુભ ગ્રહોથી યુક્ત અથવા દ્રષ્ટ હોય તો તે ભાવની વૃદ્ધિ જાણવી. અને પાપ ગ્રહોથી યુક્ત અથવા દ્રષ્ટ હોય તો તે ભાવની હાનિ જાણવી. પ્રશ્નસમય અથવા લગ્નસમય આ વિચાર કરવો. ૪

## दृष्टिविचार.

पादैकदृष्टिर्दशमे तृतीये द्विपाद
दृष्टिर्नवपंचमे च ॥ त्रिपाद दृष्टि
श्चातुरष्टकेवासंपूर्णदृष्टिः किलसप्तमेच ॥ ५ ॥
तृतीये दशमे मन्दो नवमे पंचमे गुरुः ॥
विंशति वीक्ष्यते विश्वांश्चतुर्थे चाष्टमे कुजः ॥ ६ ॥

સૂર્ય, ચંદ્ર બુધ અને શુક્ર દસમા અને ત્રીજા સ્થાનને એક ચરણથી; નવમા અને પાંચમા સ્થાનને બે ચરણથી; ચોથા અને આઠમા સ્થાનને ત્રણ ચરણથી તથા સાતમા સ્થાનને ચાર ચરણથી અર્થાત્ સંપૂર્ણ દ્રષ્ટિથી જુએ છે. ત્રીજા અને દશમા સ્થાનને શનિશ્વર, નવમા અને પાંચમા સ્થાને બૃહસ્પતિ, તથા ચોથા અને આઠમા સ્થાનને મંગળ વીસવિશ્વા અર્થાત્ સંપૂર્ણ દ્રષ્ટિથી જુએ છે. ૫–૬

### उच्चनीचग्रह.

अज वृषभ मृगाङ्गना कुलीरा
झष वणिजौ च दिवाकरादि तुंगाः॥
दश शिखिमनुयुक् तिथींद्रियांशै-
स्त्रिनवकविंशतिभिश्चतेस्तनीचाः ॥ ७ ॥

મેષ, વૃષભ, મકર, કન્યા, કર્ક, મીન અને તુળા આ રાશિઓ ક્રમથી દશ, ત્રણ, અઠ્ઠાવીસ, પંદર, પાંચ, સત્તાવીસ અને વીસ અંશોએ કરી સૂર્યાદિ ગ્રહોનાં ઉચ્ચસ્થાન જાણવાં. અને ઉપર કહેલી રાશિઓથી સાતમી સાતમી રાશિ ક્રમથી ઉપર કહેલા અંશોએ કરી સૂર્યાદિ ગ્રહોનાં નીચ સ્થાન જાણવાં; તે નીચેલા ચક્રમાં સમજી લેવાં. ૭

| ग्र. | सू. | चं. | मं. | बु. | बृ. | शु. | श. |
|---|---|---|---|---|---|---|---|
| उच्च. | १<br>१० | २<br>३ | १०<br>२८ | ६<br>१५ | ४<br>५ | १२<br>२७ | ७<br>२० |
| नीच. | ७<br>१० | ८<br>३ | ४<br>२८ | १२<br>१५ | १०<br>५ | ६<br>२७ | १<br>२० |

## पुरुषजातक.

### तनुस्थानफलम्.

लग्नस्थितो दिनकरः कुरुतेऽङ्ग पीडां
पृथ्वीसुतो वितनुते रुधिर प्रकोपम् ॥
छायासुतः प्रकुरुते बहुदुःखभाजं
जीवेंदुभार्गवबुधाः सुखकांतिदाःस्युः ॥ ८ ॥

જો જન્મ લગ્નમાં સૂર્ય હોય તો અંગપીડા કરે, મંગળ હોય તો રક્તવિકાર પ્રગટ કરે, શનિ હોય તો બહુ દુઃખ કરે અને ગુરૂ, ચંદ્ર, શુક્ર તથા બુધ હોય તો સુખ અને કાંતિની વૃદ્ધિ કરે.

### धनस्थान फलम्.

दुःखावहां धनविनाशकराः प्रदिष्टा
वित्ते स्थिता रविशनैश्चरभूमिपुत्राः ॥
चन्द्रो बुधः सुरगुरु र्भृगुनन्दनो वा
नानाविधं धनचयं कुरुते धनस्थः ॥ ९ ॥

ધનસ્થાનમાં સૂર્ય, શનિ અને મંગળ હોય તો દુખનો વધારો તથા ધનનો નાશ કરે, અને ચંદ્ર, બુધ ગુરૂ અને શુક્ર હોય તો નાના પ્રકારથી ધનની વૃદ્ધિ કરે. ૯

सहजस्थान फलम्.

भानुः करोति विरुजं रजनीकरोऽपि
कीर्त्यायुतं क्षितिसुनः प्रचुर प्रकोपम् ॥
ऋद्धिं बुधः सुधिषणं सुविनीत वेषं
स्त्रीणांप्रियं गुरु कवी रविजस्तृतीये ॥ १० ॥

ત્રીજા સ્થાનમાં સૂર્ય હોય તો નિરોગ કરે, ચંદ્રમા હોય તો કીર્તિવાન્ કરે, મંગળ હોય તો અતિ ક્રોધિ કરે, બુધ હોય તો સર્વ કાર્ય સિદ્ધ કરે, ગુરૂ, શુક્ર, અને શનિ હોય તો બુદ્ધિમાન,પરમ ચતુર, સ્વરૂપવાન, અને સ્રીઓને પ્રિય કરે. ૧૦

सुहृत्स्थान फलम्.

आदित्यभौमशनयः सुखवर्जिताङ्गं
कुर्वन्ति जन्मनि नरं सुचिरं चतुर्थे ॥
सोमो बुध सुरगुरुर्भृगुनंदनो वा
सौख्यान्वितं च नृपकर्म रतः प्रधानम् ॥ ११ ॥

જન્મ સમય ચોથા સ્થાનમાં સૂય, મંગળ, શનિ રહેલા હોય તો સુખથી વર્જિત કરે. ચંદ્ર, બુધ, ગુરૂ તથા શુક્ર રહેલા હોય તો સુખથી યુક્ત રાજ્ય કારભારમાં પ્રીતિવાળો તથા પ્રધાન થાય. ૧૧

सुतस्थान फलम्.

पुत्रेरविः प्रचुरकोपयुतं बुधश्च
स्वल्पात्मजं शनिधरातनुजात्रपुत्रम् ॥
शुक्रेन्दु देव गुरवः सुत धाम संस्थाः
कुर्वन्ति पुत्रबहुलं सुखिनं सुरूपम् ॥ १२ ॥

પાંચમા સ્થાનમાં સૂર્ય હોય તો બહુજ ક્રોધી થાય, બુધ હોય તો થોડી સંતતીવાળો થાય, શનિ અને મંગળ હોય તો સંતાન રહિત હોય, શુક્ર, ચંદ્ર અને ગુરૂ હોય તો બહુજ સંતતીવાળો અને સુખી તથા સ્વરૂપવાન હોય. ૧૨

रिपुस्थान फलम्.

मार्तण्डभूमितनयौ ह्यरिपक्षनाशं
मन्दः करोति पुरुषं बहुराज्यमानम् ॥
शुक्रोबुधो हि कुमतिं सरुजं च जीव-
श्चन्द्रः करोति विकलं विफलप्रयत्नम् ॥ १३ ॥

છઠ્ઠા સ્થાનમાં સૂર્ય અને મંગળ હોય તો શત્રુ પક્ષનો નાશ કરે, શનિ હોય તો રાજાઓને ત્યાં માન હોય, શુક્ર અને બુધ હોય તો કુમતિ કરે, ગુરૂ હોય તો રોગ કરે અને ચંદ્રમા હોય તો વિકળતા અને પ્રયત્ન (ઉપાય) ને નિષ્ફળ કરે. ૧૩

**जायास्थानफलम्.**

तिग्मांशुभौमरविजाः किल सप्तमस्था
जायां कुकर्म निरतां तनुसंततिं च ॥
जीवेन्दुभार्गवबुधा बहुपुत्रयुक्तां
रूपान्वितां जनमनोहररूपशीलाम् ॥ १४ ॥

સાતમા સ્થાનમાં સૂર્ય, મંગળ અને શનિ હોય તો એ પુરૂષની સ્રી કુકર્મી તથા થોડા સંતાનવાળી હોય, ગુરૂ, ચંદ્ર, શુક્ર અને બુધ હોય તો એની સ્રી બહુજ સંતાનવાળી, મનુષ્યોના મનને હરણ કરવા યોગ્ય તથા રૂપ અને શીલવાળી હોય.

**मृत्युस्थान फलम्.**

सर्वे ग्रहा दिनकरप्रमुखा नितान्तं
मृत्युस्थिता विदधते किल दुष्टबुद्धिम् ॥
शस्त्राभिघात परिपीडित गात्रभागं
सौख्यैर्विहीनमतिरोगगणैरुपेतम् ॥ १६ ॥

આઠમા સ્થાનમાં સૂર્યાદિ સંપૂર્ણ ગ્રહોમાંથી કોઈપણ ગ્રહ પડેલો હોય તો તે પુરૂષની બુદ્ધિ ભ્રષ્ટ હોય, કોઈ પણ અંગ શસ્ત્ર લાગવાથી પીડિત હોય, સુખથી રહિત અને બહુ રોગી હોય. ૧૫

### धर्मस्थान फलम्.

धर्मस्थिता रविशनैश्चरभूमिपुत्राः
कुर्वन्ति धर्मरहितं विमतिं कुशीलम् ॥
चन्द्रो बुधो भृगुसुतश्च सुरेन्द्रमंत्री
धर्मक्रियासु निरतं कुरुते मनुष्यम् ॥ १६ ॥

નવમા સ્થાનમાં સૂર્ય, શનિ અને મંગળ હોય તો મનુષ્યને ધર્મ રહિત, મતિહીન અને કુશીલ (નઠારા આચરણ) કરે છે તથા ચંદ્ર, બુધ, શુક્ર અને ગુરૂ હોય તો ધર્મ ક્રિયામાં નિરત કરે છે.

### कर्मस्थान फलम्.

आदित्यभौमशनयः किलधर्मसंस्था
कुर्युर्नरं बहुकुकर्मरतं कुपुत्रम् ॥
चन्द्रः सुकीर्तिमुशना बहुवित्तयुक्तं ॥
रूपान्वितं बुधगुरू शुभकर्मभाजम् ॥ १७ ॥

દશમા સ્થાનમાં સૂર્ય, મંગળ અને શનિ હોય તો મનુષ્યને કુકર્મી તથા કુપુત્ર બનાવે છે. ચંદ્રમા હોય તો કીર્તિવાન્, શુક્ર હોય તો ધનવાન અને સ્વરૂપવાન્ કરે તથા બુધ અને ગુરૂ હોય તો શુભ કર્મ કરવામાં પ્રીતિવાળો હોય છે. ૧૭

लाभस्थान फलम्.

लाभस्थितो दिनकरो नृपलाभयुक्कारी
तारापतिर्बहुधनं क्षितिज श्चनारी ॥
सौम्योविवेक सततं सुभगं च जीवः
शुक्रः करोतिधनिनं रविजःसुकीर्तिम् ॥ १८ ॥

લાભ સ્થાનમાં સૂર્ય હોય તો રાજાથી લાભ કરાવે, ચંદ્રમા હોય તો બહુ ધનવાન હોય, મંગળ હોય તો સ્ત્રી સુખ મળે, બુધ હોય તો નિરંતર જ્ઞાનિ ( વિવેકી ) બનાવે, ગુરૂ હોય તો ઐશ્વર્યવાન કરે, શુક્ર હોય તો ધનવાન કરે તથા શનિ હોય તો કીર્તિમાન કરે. ૧૮

व्यवस्था फलम्.

सूर्यः करोति पुरुषं व्ययगो विशीलं
काणंशशी क्षितिसुतो बहुपापभाजम् ॥
चन्द्रात्मजो गतधनं धिषगः कृशांगं
शुक्रो बहुव्ययकरं रविजः सुतीव्रम् ॥ १९ ॥

વ્યય ( બારમા ) સ્થાનમાં સૂર્ય હોય તો દુષ્ટ સ્વભાવવાળો કરે, ચંદ્રમા હોય તો કાણો કરે, મંગળ હોય તો પાપ

કર્મી કરે, બુધ હોય તો નિર્ધન કરે, બૃહસ્પતિ હોય દુર્બળ અંગ કરે, શુક્ર હોય તો બહુ ખર્ચવાળો કરે, અને શનિ હોય તો તીક્ષ્ણ પ્રકૃતિવાળો કરે છે. ૧૯

राहुकेतु फलं सर्वं मन्दवत्कथितं बुधैः ॥

રાહુ અને કેતુનું સંપૂર્ણ ફળ શનિના ભાવ ફળની સમાન પંડિતોએ કહ્યું છે.

मूर्तौ शुक्रबुधौ यस्य यस्य केन्द्रे बृहस्पतिः ॥
दशमोंगारको यस्य सज्ञेयः कुलदीपकः ॥ २०॥

જેના જન્મ લગ્નમાં શુક્ર અને બુધ હોય, કેંદ્ર સ્થાનમાં બૃહસ્પતિ હોય, તથા દશમા સ્થાનમાં મંગળ હોય તો તે બાળક પરાક્રમી અને કુળમાં દીપક સમાન તેજવાળો જાણવો.૨૦

लग्ने शुक्रबुधौ नस्तः केन्द्रे नास्ति बृहस्पतिः ॥
दशमोंगारको नास्ति स जातः किं करिष्यति ॥

જેના લગ્નમાં શુક્ર અને બુધ ન હોય, કેંદ્રસ્થાનમાં બૃહસ્પતિ ન હોય તથા દશમા સ્થાનમાં મંગળ ન હોય તો તે બાળક શું કરશે અર્થાત્ તે કાંઈ પણ કરી શકશે નહી. ૨૧

रिपुस्थाने यदा चन्द्रो लग्नस्थाने शनिश्चरः ॥
. कुजश्चसप्तमस्थाने पिता तस्य न जीवति ॥२२॥

જેના છઠ્ઠા સ્થાનમાં ચંદ્રમા, લગ્નસ્થાનમાં શનિશ્ચર તથા સપ્તમ સ્થાનમાં મંગળ હોય તો તે બાળકનો પિતા જીવે નહીં.

**लग्नस्थाने यदा जीवो धनस्थाने शनैश्चरः ॥**
**राहुश्च सहजस्थाने माता तस्य न जीवति ॥२३॥**

જેના લગ્નસ્થાનમાં બૃહસ્પતિ, ધન સ્થાનમાં શનિશ્ચર તથા ત્રીજા સ્થાનમાં રાહુ હોય તો તે બાળકની માતા જીવે નહીં. ૨૩

**षष्ठेचभवने भौमो राहुः सप्तम संभवः ॥**
**अष्टमे च यदासौरीस्तस्य भार्या न जीवति ॥ २४**

જેના છઠ્ઠા સ્થાનમાં મંગળ, સાતમા સ્થાનમાં રાહુ તથા આઠમા સ્થાનમાં શનિશ્ચર હોય તો તેની સ્ત્રી જીવે નહીં. ૨૪

**चतुर्थेच यदाराहुः षष्ठेचन्द्रोऽष्टमेपिवा ॥**
**सद्यएवभवेन्मृ युः शंकरो यदि रक्षति ॥२५॥**

જેના ચોથા સ્થાનમાં રાહુ તથા છઠ્ઠા અથવા આઠમા સ્થાનમાં ચંદ્રમા હોય તો તે બાળકની સાક્ષાત્ શંકર રક્ષા કરે તોપણ શીઘ્ર મૃત્યુ થાય. ૨૫

**अष्टमस्थो निशानाथः केन्द्रेपापेन संयुतः ॥**
**चतुर्थेच यदा राहुर्वर्षमेकं सजीवति ॥ २६ ॥**

જેના આઠમા સ્થાનમાં ચંદ્રમા, કેંદ્રસ્થાનમાં પાપગ્રહ, ચોથા સ્થાનમાં રાહુ હોય તો તે બાળક એકજ વર્ષ જીવે. ૨૬

षष्ठोष्टमस्तथामूर्तौ जन्मकाले यदा बुधः ॥
चतुर्थेवर्षेमृत्युश्च यदि रक्षति शंकरः ॥ २७ ॥

જન્મ સમય છઠ્ઠા, આઠમા તથા લગ્ન સ્થાનમાં બુધ હોય તો ચોથા વર્ષમાં મૃત્યુ થાય, સાક્ષાત્ શંકર રક્ષણ કરે તો પણ જીવે નહીં. ૨૭

शनिक्षेत्रे यदा सूर्यो भानुक्षेत्रे यदा शनिः ॥
वर्षे च द्वादशे मृत्यु र्देवो वै रक्षिता यदि ॥२८॥

જન્મ સમય શનિના સ્થાનમાં સૂર્ય હોય અને સૂર્યના સ્થાનમાં શનિ હોયતો તે બાળક દેવતાઓથી રક્ષાએલો હોય તો પણ બારમા વર્ષમાં મૃત્યુ પામે.૨૮

दशमोऽपि यदा राहुर्जन्मकाले यदा भवेत्
वर्षे तु षोडशे ज्ञेयो बुधैर्मृत्युर्न संशयः ॥ २९ ॥

જેના જન્મ સમય દશમા સ્થાનમાં રાહુ હોય તો તે બા-ળકનું [illegible] વર્ષે મૃત્યુ [illegible] માં [illegible]ી

भौमभास्करमन्दाश्च शत्रुक्षेत्रेऽष्टमेयदा ॥
• यमेन रक्षितोप्येवं वर्षमात्रं न जीवति ॥ ३० ॥

જન્મ સમય છઠ્ઠા અથવા આઠમા સ્થાનમાં મંગળ, સૂર્ય અને શનિ હોય તો તે બાળકની યમરાજ રક્ષા કરે તોપણુ એક વર્ષ પણુ જીવે નહી. ૩૦

चतुर्थे च यदाराहुः केन्द्रे भवति चन्द्रमाः ॥
विंश वर्षे भवेन्मृत्युर्जातकस्य न संशयः ॥ ३१ ॥

જન્મ સમય ચોથા સ્થાનમાં રાહુ અને કેંદ્રસ્થાનમાં ચંદ્રમા હોય તો તે બાળક વીસ વર્ષની ઉમ્મરે મરણુ પામે. ૩૧

भृगुपतिसुरपुज्यौ चन्द्रमा केन्द्रवर्ती
बहुसुखधनवृद्धिः कर्मसाध्यं नराणाम् ॥
रविसुतशशि लग्ने भानुजीवौ त्रिकोणे
क्षितिसुत दशमस्थे राजयोगं वदंति ॥ ३२ ॥

જે પુરૂષના જન્મ સમય કેંદ્રસ્થાનમાં શુક્ર, ગુરૂ, અને ચંદ્રમા હોય, અથવા શનિ અને ચંદ્રમા લગ્નમાં હોય, અથવા સૂર્ય અને બૃહસ્પતિ ત્રિકોણુ સ્થાનમાં હોય અથવા મંગળ દશમા સ્થાનમાં હોય તો તે પુરૂષને રાજયોગ જાણુવો. ૩૨

वर्षप्रवेश ज्ञान.

सपादमर्धसार्द्धंच त्रिस्थानस्थं गताब्दकम् ॥
वार नाडा पलेभ्यश्च जन्मवारादि संयुतम् ॥३३॥

ગત વર્ષના અંકને ત્રણ જગાએ સ્થાપન કરી પ્રથમ અંકને સવાયા કરવા તે વાર જાણવા, બીજા અંકને અડધા કરવા તે ઘડીઓ જાણવી, અને ત્રીજા અંકને દોઢા કરવા તે પળ જાણવી તેમાં જન્મનો વાર ઘડી તથા પળ યુક્ત કરવાથી વર્ષ પ્રવેશનો વાર, ઘડી તથા પળ આવે. ૩૩

### वर्षदशा.

जन्मर्क्षसंख्यासहिता गताब्दाद्दगूनिता
नंद हृतावशेषात् ॥ आचंकुरा जीशबुके
शुपूर्वाभवन्ति मुद्दादशिका क्रमोयम् ॥३४॥
अष्टेन्दुखाग्निरिंदुद्दक्वेदबाणाःगजाब्धयः ॥
शैलबाणाःकुबाणाश्चभूमिनेत्रवियद्रसाः ॥३५॥

જન્મ નક્ષત્રની સંખ્યામાં ગત વર્ષ યુક્ત કરી તેમાંથી બે બાદ કરી નવનો ભાગ આપવાથી જે શેષ રહે તે દશા જાણવી. એક શેષ રહે તો સૂર્યની, બે શેષ રહે તો ચંદ્રમાની, ત્રણ શેષ રહે તો મંગળની, ચાર શેષ રહે તો રાહુની, પાંચ શેષ રહે તો ગુરૂની, છ શેષ રહે તો શનિની, સાત શેષ રહે તો બુધની, આઠ શેષ રહેતો કેતુની તથા નવ શેષ રહે તો શુક્રની દશા જાણવી. સૂર્યની દશા ૧૮ દિવસ, ચંદ્રની ૩૦ દિવસ, મંગ-

ળની ૨૧ દિવસ, રાહુની ૫૪ દિવસ, ગુરૂની ૪૮ દિવસ, શનિની ૫૭ દિવસ, બુધની ૫૧ દિવસ, કેતુની, ૨૧ દિવસ તથા શુક્રની ૬૦ દિવસની દશા જાણવી. ૩૪–૩૫

रविवारकर्म.

राज्याभिषेकोत्सव यानसेवा गोवन्हि
मंत्रौषधिशस्त्रकर्म ॥ सुवर्णताम्रौर्णिक
चर्म काष्ठंसंग्राम पण्यादिरवौविदध्यात् ॥ ३६ ॥

રાજ્યાભિષેક, ઉત્સવકર્મ, યાત્રા, રાજસેવા, ગાય પાળવી, યજ્ઞયાગાદિહવન, મંત્રોપદેશ, ઔષધ લેવું તથા આપવું, શસ્ત્ર બનાવવું, સુવર્ણ, ત્રાંબુ, ઊન, ચામડું, કાષ્ઠ, યુદ્ધપ્રસંગ તથા વણિક કર્મ આ સર્વ કર્મ રવિવારને દિવસે શુભ છે. ૩૬

सोमवारकर्म.

शंखाब्ज मुक्ता रजतेक्षुभोज्यस्त्रीवृक्ष
कक्षांभविभूषणाद्याः॥ गानं क्रतुक्षीर
विकारशृंगीपुष्पाम्बरारंभगामिंदुवारे ॥ ३७ ॥

શંખ, કમળ, મોતી, રૂપું, સુંદર ભોજન, વૃક્ષ, કૃષિકર્મ, જળકર્મ, અલંકાર, ગાયન યજ્ઞકર્મ, ગોરસકર્મ, ગોમહિષ્યાદિક, પુષ્પ, તથા વસ્ત્ર આ સર્વ કર્મ સોમવારે શુભ છે. ૩૭

### भौमवारकर्म.

भेदानृतस्तेय विषाग्निशस्त्र वध्याभिघाता
हवशाठ्यदंभान् ॥ सेनानिवेशाकरधातु
हेमप्रवाल रक्तानि कुजे विदध्यात् ॥ ३८ ॥

ભેદ કર્મ, અનૃતકર્મ (ચોરી ઈત્યાદિ) વિષકર્મ, અગ્નિકર્મ, વધ, નાશ, કપટ, દંભ, સૈન્યકર્મ, ખાણ ખોદવી, ધાતુ, સુવર્ણ, રત્નાદિ કર્મ મંગળવારે શુભ છે. ૩૮

### બુધવારકર્મ.

नैपुण्य पुण्याध्ययनं कलाश्च शिल्पादिसे
वालिपिलेखनानि ॥ धातुक्रिया कांचन
युक्ति संधि व्यायामवादाश्च बुधे विधेयाः ॥३९॥

ચાતુર્ય, પુણ્ય, અધ્યયન, કળા, શિલ્પવિદ્યા, સેવા, લખવું, ધાતુક્રિયા, સોનાની યુક્તિ, મૈત્રી, વાદવિવાદ, આ સર્વ કર્મ બુધવારે શુભ છે. ૩૯

### ગુરુવારકર્મ.

धर्मक्रिया पौष्टिक यज्ञविद्या मांगल्य
हेमांबरवेस्मयात्राः ॥ रथाश्व भैषज्य
विभूषणादिकार्यं विदध्यात्सुरमंत्रिवारे ॥ ४० ॥

ધર્મક્રિયા, નવ ગ્રહાદિ પૂજન, યજ્ઞ, વિદ્યાભ્યાસ, માંગળિક કર્મ, સુવર્ણ, વસ્ત્ર, ગૃહ, યાત્રા, રથ, અશ્વ, ઔષધી તથા નાના પ્રકારનાં આભૂષણ ધારણ કરવાં, આ સર્વ કર્મ ગુરૂવારે શુભછે.

## शुक्रवारकर्म.

स्त्रीगीतशय्यामणिरत्नगंध वस्त्रोत्सवा-
लंकरणादिकर्म ॥ भूपण्यगो कोषकृषि-
क्रियाश्च सिध्यंतिशुक्रस्यदिनेसमस्ताः ॥ ४१ ॥

સ્ત્રી પ્રસંગ, ગાયન વિદ્યા, શય્યા, મણિ, રત્ન, ચંદન, વસ્ત્ર ઉત્સાહ, અલંકાર, વાણિજ્યકર્મ, પૃથ્વિ, દુકાન, ભંડારખાતું, કૃષિકર્મ, આ સર્વ કર્મ શુક્રવારે શુભ છે. ૪૧

## शनिवारकर्म.

लोहास्मसीसत्रपुशस्त्रदास पापानृतस्तेय
विषार्कविद्याम् ॥ गृहप्रवेशद्विपबंधदीक्षा
स्थिरं च कर्मार्कसुतेन्हि कुर्यात् ॥ ४२ ॥

લોહકર્મ, પથ્થર, સીસું, જસત, શસ્ત્ર, દાસ, પાપ, અનૃતભાષણ, ચોરી, વિષ, અર્ક બનાવવા, ગૃહપ્રવેશ, હસ્તીબંધન, મંત્રદિક્ષા તથા સ્થિરકર્મ આ સર્વ શનિવારે શુભ છે. ૪૨

### कार्यीकार्यप्रश्न.

तिथिप्रहरसंयुक्ता तारका वारमिश्रिता ॥
अग्निभिस्तु हरेद्भागं शेषं सत्वं रजस्तमः॥४३॥
सिद्धिस्तात्कालिके सत्वे रजसा तु विलंबना ॥
तमसा निष्फलं कार्यं ज्ञातव्यं प्रश्नकोविदैः ॥

તિથિ, પ્રહર, નક્ષત્ર, અને વારની સંખ્યાને જોડીને ત્રણનો ભાગ આપવો, જો ૧ શેષ રહે તો સત્વ, ૨ શેષ રહે તો રજ, અને ૩ શેષ રહે તો તમ જાણવું. તેનું ફળ સત્વથી તત્કાલ કાર્યની સિદ્ધિ કહેવી, રજથી વિલંબ કહેવો તથા તમથી નિષ્ફળ કહેવું. આ પ્રકારે પંડિતોએ પ્રશ્ન જાણવું. ૪૩–૪૪

### पंथाप्रश्न.

तिथिःप्रहर संयुक्ता तारकावारमिश्रिता ॥
वर्तमानं च नक्षत्रं गणयेत्कृतिकादितः ॥ ४५॥
सप्तभिस्तु हरेद्भागं शेषं तु फलमादिशेत् ॥
एकशेषे भवेत्स्थाने द्वितीये पथिवर्तते ॥४६॥
तृतीये चार्धमार्गे तु चतुर्थे ग्रामसन्निधौ ॥
पंचमेपुनरावृत्तिः षष्ठे व्याधियुतं वदेत् ॥ ४७॥
शून्यं ज्ञेयं सप्तमे वै चैतत्प्रश्नस्य लक्षणम् ॥

તિથિ, પ્રહર, નક્ષત્ર અને વારની સંખ્યાને જોડી કૃતિકા-

થી વર્તમાન નક્ષત્ર સુધી ગણી તેમાં જોડી સાતનો ભાગ દેવાથી જે શેષ રહે તે ફળ જાણવું. એક શેષ રહે તો સ્થાન ઉપર, બે શેષ રહે તો માર્ગમાં, ત્રણ શેષ રહે તો અડધા માર્ગમાં, ચાર શેષ રહે તો ગામના સમીપમાં, પાંચ શેષ રહે તો આવીને પાછો ગયો, છ શેષ રહે તો રોગયુક્ત તથા સાત શેષ રહે તો શૂન્ય ફળ કહેવું. ૪૫–૪૭.

### कार्यसिद्धिप्रश्न.

दिशाप्रहरसंयुक्ता तारकावारमिश्रिता ॥
अष्टभिस्तु हरेद्भागं शेषं प्रश्नस्य लक्षणम् ॥४८॥
पंचैकेत्वरिता सिद्धिः षट् तुर्ये च दिनत्रयम् ॥
त्रिसप्तके विलंबश्च द्वौचाष्टौ न च सिद्धिदौ ॥४९॥

પ્રશ્ન કર્તાનું મુખ જે દિશામાં હોય તે દિશા, પ્રહર, નક્ષત્ર અને વારની સંખ્યાનો સરવાળો કરી આઠનો ભાગ આપવાથી જે શેષ રહે તે પ્રશ્નનું ફળ જાણવું. પાંચ અને એક શેષ રહે તો તત્કાળ કાર્ય સિદ્ધિ હોય, છ અને ચાર શેષ રહે તો ત્રણ દિવસમાં કાર્ય સિદ્ધિ હોય, ત્રણ અને સાત શેષ રહે તો વિલંબથી કાર્ય સિદ્ધિ હોય તથા બે અને આઠ શેષ રહે તો કાર્ય સિદ્ધિ ન હોય. ૪૮–૪૯.

### पशुप्रश्न.

द्युमणिभान्नवमेषु वने पशुं तदनुषट्सु-

च कर्ण पथेस्थितम् ॥ अचलभेषु गतं
गृहमागतं द्वयगतं गतमेव मृतं त्रिषु ॥ ५० ॥

સૂર્ય નક્ષત્રથી દિનીઆં નવ નક્ષત્રમાં પશુ ખોવાઈ જાય તો વનમાં છે એમ કહેવું, બીજાં ૭ નક્ષત્રમાં ખોવાઈ જાય તો માર્ગમાં છે એમ કહેવું, ત્રીજા સાત નક્ષત્રમાં ખોવાઇ જાય તો ઘરમાં આવેલું એમ કહેવું, ચોથા બે નક્ષત્રમાં આવશે નહી એમ કહેવું તથા પાંચમા ત્રણ નક્ષત્રમાં મરણ પામ્યું છે એમ કહેવું. ૫૦

नष्टवस्तुप्रश्न.

अंधकं तदनु मन्दलोचनं मध्यलोचनमतः
सुलोचनम् ॥ रोहिणीप्रभृतिभं चतुर्विधं
नूनमत्र गणयेत्पुनः पुनः ॥ ५१ ॥

રોહિણી નક્ષત્રને લઇને ચાર નક્ષત્ર ક્રમથી અંધલોચન, મંદલોચન, મધ્યલોચન, અને સુલોચન સંજ્ઞાવાળા જાણવા તે નીચેના ચક્રમાં સ્પષ્ટ સમજી લેવા. ૫૧

अंधेसद्यः प्राप्यते वस्तुनष्टं कष्टात्प्राप्यं मंद
नेत्रेचनद्धत् ॥ दूराच्छ्राव्यं मध्यनेत्रेनलंभ्यं
न श्रोतव्यं नैवलभ्यं सुनेत्रे ॥ ५२ ॥

અંધલોંચનના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ શીઘ્ર મળે,

મંદલોચનના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ કષ્ટથી મળે, મધ્ય લોચનના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ જાણ પડે તથા સુલોચનના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ જાણ પડે નહી તેમજ પ્રાપ્ત પણ થાય નહીં. ૫૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| अंधलोचन | रो. | पु. | उ. | वि. | पू. | ध. | रे. |
| मंदलोचन | मृ. | ऽश्ले. | ह. | ऽनु. | उ. | श. | अ. |
| मध्यलोचन | आ. | म. | चि. | ज्ये. | अ. | पू. | भ. |
| सुलोचन | पु. | पू. | स्वा. | मू. | श्र. | उ. | कृ. |

मघादि चार्यमांतं च समीपे वस्तु दृश्यते ॥
हस्तादि वसुपर्यंतमन्यहस्ते च दृश्यते ॥ ५३॥
शततारायमांतं तु स्वगृहे वस्तु दृश्यते ॥
अग्न्यादिसार्पपर्यंतमदृष्टं दूरगं तथा ॥ ५४ ॥

મઘા નક્ષત્રથી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સુધીમાં ખોવાયલી વસ્તુ સમીપમાંજ દેખાશે, હસ્ત નક્ષત્રથી ધનિષ્ઠા નક્ષત્ર સુધીમાં ખોવાયલી વસ્તુ બીજાના હાથમાં દેખાશે, શતભિષા નક્ષત્રથી ભરણી નક્ષત્ર સુધીમાં ખોવાયલી વસ્તુ પોતાનાજ ઘરમાં દેખાશે તથા કૃતિકા નક્ષત્રથી આશ્લેષા નક્ષત્ર સુધીમાં ખોવાયલી વસ્તુ દેખાશે નહીં તેમજ જડશે પણ નહીં. ૫૩-૫૪.

तिथि वारं च नक्षत्रं प्रहरेण समन्वितम् ॥
दिक्संख्यया हतं चैवसप्तभिर्विभजेत्पुनः ॥५५॥
एकेन भूतले द्रव्यं द्वयं चेद्भांडसंस्थितम् ॥
तृतीये जलमध्यस्थमंतरिक्षे चतुर्थके ॥ ५६ ॥
तुषस्थं पंचमेतुस्यात्षष्ठेगोमय मध्यगम् ॥
सप्तमे भस्ममध्यस्थमित्येतत्प्रश्न लक्षणम् ॥५७॥

તિથિ, વાર, નક્ષત્ર, પ્રહર આ સર્વની સંખ્યાને એકત્ર કરી દશથી ગુણી સાતનો ભાગ આપવાથી જે શેષ રહે તે તે ફળ જાણવું. એક શષ રહે તો પૃથ્વીમાં, બે શેષ રહે તો પાત્રમાં, ત્રણ શેષ રહે તો જળમાં, ચાર શેષ રહે તો અંતરિક્ષમાં પાંચ શેષ રહે તો તટમાં, છ શેષ રહે તો છાણમાં તથા સાત શષ રહે તો ભસ્મ (રાખ)માં વસ્તુ જાણવી. ૫૫–૫૬–૫૭.

### समर्घमहर्घविचार.

संक्रान्तिऋक्षंतिथिवारमिश्रं सप्ताहतं
पावकभक्तशेषम् ॥ समेसमर्घं विषमे-
त्यनर्घेशून्ये महर्घं मुनयो वदन्ति ॥ ५८ ॥

સંક્રાંતિ, નક્ષત્ર, તિથિ અને વાર આ સર્વની સંખ્યાને એકત્ર કરી સાતથી ગુણી ત્રણનો ભાગ દેવાથી જો શેષ સમ

રહે તો સમર્ઘ (સોંઘુ), વિષમ શેષ રહે તો ઘણુંજ મોંઘું તથા શૂન્ય શેષ રહે તો મોંઘું જાણવું એમ મુનીઓ કહે છે. ૫૮

गर्भिणीप्रश्न.

नख द्वयं गर्भिणी नामधेयंतिथि प्रयुक्तं
रससंयुतं च ॥ एकेन हीनं नवभिर्विभक्तं
समे कुमारी विषमे कुमारः ॥ ५९ ॥

જે વખતે કોઈ પ્રશ્ન કરે કે અમુક સ્રીને છોકરી આવશે કે છોકરો આવશે, એજ વખતે વીસ, બે, ગર્ભિણીના નામના અક્ષર, તિથિ તથા છ સર્વને એકઠા કરી તેમાંથી એક હીન કરી નવનો ભાગ દેવાથી જો સમ અંક શેષ વધે તો છોકરી તથા વિષમ અંક શેષ વધે તો છોકરો આવશે એમ કહેવું.૫૯

नेत्रस्फुरण.

नेत्रस्योर्ध्वे हरति सकलं मानसं दुःखजालं
नेत्रोपांते दिशति च धनं नासिकांते च मृत्युः॥
नेत्रस्याधः स्फुरणमसकृत्संगरे भंगहेतु-
र्वामे चैतत्फलमिवफलं दक्षिणे वैपरीत्यम् ॥६०॥

નેત્રના ઉપર સ્ફુરણ હોય તો મનના સર્વ દુઃખનો નાશ, બંને નેત્રના ખુણામાં સ્ફુરણ હોય તો ધનપ્રાપ્તિ, નાકના અંત

ભાગ આગળ સ્ફુરણ હોય તો મૃત્યુ, નેત્રના નીચે સ્ફુરણ હોય તો સંગ્રામમાં વારંવાર પરાજય હોય, સ્ત્રીઓના નેત્રનું ફળ આનાથી વિપરીત કહેવું, અર્થાત્ પુરૂષનું દક્ષિણ નેત્ર અને સ્ત્રીનું વામ નેત્ર સ્ફુરણ હોયતો પૂર્વોક્ત ફળ કહેવું. ૬૦

**अंगस्फुरण.**

अंगस्य दक्षिणे भागे प्रशस्तं स्फुरणं भवेत् ॥
अप्रशस्तं तथा वामे पृष्ठस्य हृदयस्यच ॥ ६१ ॥

પુરૂષનો દક્ષિણ ભાગ ફરકે તો શુભ તથા ડાબો ભાગ, પીઠ અને હૃદય ફરકે તો અશુભ જાણવું; તેમજ સ્ત્રીઓનું આનાથી વિપરીત ફળ જાણવું. ૬૧

**राशिप्रधानता.**

देशे ग्रामे गृहे युद्धे सेवायां व्यवहारके ॥
नामराशेः प्रधानत्वं जन्मराशिं न चिंतयेत् ॥६२॥
विवाहे सर्वमांगल्ये यात्रादौ ग्रहगोचरे ॥
जन्मराशेः प्रधानत्वंनामराशिं न चिंतयेत् ॥६३॥

દેશ, ગ્રામવાસ, ગૃહપ્રવેશ, યુદ્ધ, સેવા, અને વ્યવહાર-કાર્ય, આ સર્વ કાર્યોમાં નામ રાશિથી વિચાર કરવો, વિવાહ, સર્વ શુભકાર્ય, યાત્રા અને ગ્રહગોચર આદિ કાર્યોમાં જન્મ રાશિથી વિચાર કરવો.નામ રાશિનો વિચાર કરવો નહીં. ૬૨-૬૩

### जन्मस्थचंद्रे वर्ज्य.

जन्मर्क्षस्थे शशांकेतु पंचकर्माणि वर्जयेत् ॥
यात्रा युद्धं विवाहं च क्षौरं च ग्रहवेशनम् ॥ ६४॥

યાત્રા, યુદ્ધ, વિવાહ, ક્ષૌર તથા ગ્રહપ્રવેશ આ પાંચ કર્મો જન્મના ચંદ્રમામાં વર્જિત છે. ૬૪

### ग्रंथसमाप्ति समय.

रामऋत्वङ्कचन्द्रेऽब्दे माधवस्यासितेतरे ॥
सप्तम्यां सूर्यवारे च ग्रंथः संपूर्णतां गतः ॥ १ ॥
व्याख्येयं रचिता प्रेम्णा श्रीवृन्दावनशर्मणा ॥
अत्र कुत्राप्यशुद्धं चेत्क्षंतव्यं विबुधैर्नरैः ॥ २ ॥

વિક્રમીય સંવત ૧૯૬૩ વૈશાખ માસના શુક્લપક્ષની સપ્તમી અને રવિવારને દિવસે આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. આ ગુર્જર વ્યાખ્યા પ્રેમથી ભટ્ટ વૃંદાવનશર્માએ રચી છે, તેમાં કોઈ ઠેકાણે કાંઈ પણ અશુદ્ધતા રહી ગઈ હોય તો પંડિત જનોએ ક્ષમા કરવી એ મારી હાથ જોડીને પ્રાર્થના છે. ૧-૨

इति श्री गुर्जरमण्डलान्तर्वर्ति अमदावाद निवासि भट्टोपाह्व माणेकलालसुत ज्योतिर्विद् वृन्दावनभट्ट लिखित गुर्जर टीका सहितः बालबोधज्योतिषसारसंग्रहः समाप्तः ॥

॥ श्री गणाधिपतये नमः ॥

अथ

# गुर्जर भाषानुवाद सहित.

# ग्रहगोचर ज्योतिष.

---

॥ मंगलाचरणम् ॥

आदौ गुरुवरं नत्वा श्रीवृन्दावनशर्मणा ॥
बालानां सुखबोधाय प्रोच्यते ग्रहगोचरम् ॥ १ ॥

પ્રથમ શ્રેષ્ઠ ગુરૂજીને નમસ્કાર કરીને શ્રી વૃંદાવન શર્મા બાળકોને સહેલથી બોધ થવાને માટે સૂર્યાદિ ગ્રહોનું શુભાશુભ ફળ કહે છે. ૧.

चन्द्रमा यस्य मूर्द्धानं भुजगो करकंजकम् ॥
अलंकरोति तं देवं नत्वा टीकां करोम्यहम् ॥ २ ॥

જેમના મસ્તકને વિષે ચંદ્રમા વિરાજે છે તથા સર્પો જેમના કરકમળને વિષે કંકણ રૂપે છે એવા તે દેવ મહાદેવજીને નમસ્કાર કરીને હું વૃંદાવન શર્મા આ ગ્રંથની ટીકા કરૂં છું. ૨.

॥ अथ सूर्यफलम् ॥

सहज दशम षष्ठे लाभगे याति सूर्ये
धनयशनृपमान्यं सर्वकार्येषु सिद्धिः ॥
शुभमतिमखिलार्थं बंधुवर्गेऽपि सौख्यं
सुतसुखधनलाभं पुण्यवृद्धिं करोति ॥१॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો, દશમો, છઠ્ઠો અને અગીઆરમો સૂર્ય આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; ધન અને યશનો લાભ, રાજાથી માન, સર્વ કાર્યોમાં સિદ્ધિ, શ્રેષ્ઠ બુદ્ધિ, નાના પ્રકારના ધનનો લાભ, ભાઇ વર્ગોમાં સુખ, પુત્રનું સુખ, ધનનો લાભ તથા પુણ્યનો વધારો કરે છે. ૧.

जनमांत्य सप्ताश्वि चतुर्थ संस्थो
पंचाष्टके वै नवमेऽपि भानुः ॥
रोगं च शोकं भयमग्निपिडां
व्याधिप्रवासौ कुरुतेऽर्थहानिम् ॥ २॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, બારમો, સાતમો, બીજો, ચોથો, પાંચમો, આઠમો અને નવમો સૂર્ય આવે

તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; રોગ અને શોક, ભય, અગ્નિની પીડા, વ્યાધિ, પ્રવાસ તથા ધનની હાનિ કરે છે.

॥ अथ चंद्रफलम् ॥

जन्म त्रि सप्ताश्वि दशायसंस्थो
षष्ठो विधुश्चापि करोति लाभम् ॥
द्रव्यागमं मित्रसमागमं च
सद्बुद्धिवृद्धिं द्विजदेवभक्तिम् ॥३॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, ત્રીજો, સાતમો, બીજો, દશમો, અગીઆરમો અને છઠ્ઠો ચંદ્રમા આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; લાભ કરે, દ્રવ્યની પ્રાપ્તિ, મિત્રોથી સમાગમ, શ્રેષ્ઠ સાત્વિક બુદ્ધિની વૃદ્ધિ તથા બ્રાહ્મણ અને દેવતાની ભક્તિ કરાવે છે. ૩.

धर्माब्धिगश्च सुतरंध्रगतो व्ययस्थो
द्रव्यार्थहानिमखिलं कुरुतेऽपिचंद्रः ॥
चौराग्निभीतिवधबंधयुतं करोति
हानिर्वियोगभयदुःखयुतं करोति ॥४॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં નવમો, ચોથો,

પાંચમો, આઠમો અને બારમો ચંદ્રમા આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; સર્વ દ્રવ્ય અને અર્થની હાનિ કરે છે. ચોર તથા અગ્નિનો ભય, શસ્ત્રની પીડા અને બંધન કરે છે, હાનિ અને વિયોગનો ભય તથા દુખની પ્રાપ્તિ કરે છે.૪.

॥ अथ भोमफलम् ॥

त्रिषष्ठे च लाभे धरणीसुतः स्यात्
गोभूहिरण्यांबरलाभकारी ॥
शत्रुक्षयं राजकृपां विधत्ते
चारोग्यसौख्यं विविधं करोति ॥ ५ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો, છઠ્ઠો અને અગીઆરમો મંગળ આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; ગાય, પૃથ્વી, સુવર્ણ અને ઉત્તમોત્તમ વસ્ત્રોનો લાભ કરે છે, શત્રુનો નાશ, રાજ્યથી મહેરબાની, શરીરે આરોગ્યતા તથા નાના પ્રકારના સુખને પ્રાપ્ત કરે છે. ૫.

जन्माब्धिपंचमद्वादशसप्ताष्टनवमेद्वितियेदशमेऽपि।
व्याधिं विदेशगमनं मित्रविरोधं कुजः कुरुते ॥६॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, ચોથો, પાંચમો, બારમો, સાતમો, આઠમો, નવમો, બીજો અને

દશમો મંગળ આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; માનસિક વ્યાધિનો વધારો, પરદેશ ગમન તથા મિત્રોની સાથે વિરોધ કરાવે છે. ૬.

॥ अथ बुधफलम् ॥

लाभे द्वि षष्ठे दशमे चतुर्थे
रंध्रे बुधश्चापि करोति लाभम् ॥
सौभाग्यसौख्यं मनसोऽपि हर्षं
चार्थागमं कांतिविवर्धनं च ॥ ७ ॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં અગીઆરમો, બીજો, છઠ્ઠો, દશમો, ચોથો અને આઠમો બુધ આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; લાભ કરે, ભાગ્યનો ઉદય, સુખ, મનને વિષે આનંદ, ધનની પ્રાપ્તિ તથા કાંતિનો વધારો કરે છે. ૭.

जन्म द्वादश पंचमेऽपि नवमे द्यूने तृतीयेऽपिवा
सौख्यस्यापि विनाशनं प्रकुरुते द्रव्यार्थहानिंबुधः ॥
भ्रातुश्चापि विरोध शोचनभयं चांगेपि कष्टं महत्
नानाशत्रुभयं सदैवमसुखं व्याधिं वियोगं तथा ॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, બારમો, પાંચમો, નવમો, સાતમો અને ત્રીજો બુધ આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; સુખનો નાશ, ધનની હાનિ કરે છે. તેમજ ભાઈઓની સાથે વિરોધ, શોક, ભય, શરીરને વિષે મહાન્ કષ્ટ, નાના પ્રકારના શત્રુઓનો ભય, નિરંતર દુઃખ, વ્યાધ તથા વિયોગની પ્રાપ્તિ કરે છે. ૮.

॥ अथ गुरु फलम् ॥

द्वि धर्मे च लाभे सुते सप्तमे स्यात्
गुरुर्लाभकारी क्रये विक्रयेऽपि ॥
प्रतिष्ठाविवृद्धिं तथा बुद्धिवृद्धिं
करोत्यर्थलाभं सुखं संपदश्च ॥ ९ ॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં બીજો, નવમો, અગીઆરમો, પાંચમો અને સાતમો ગુરૂ આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; ક્રયવિક્રય (લહેણા દેણા) માં લાભ કરે. પ્રતિષ્ઠાની વિશેષ વૃદ્ધિ તથા બુદ્ધિની વૃદ્ધિ તેમજ ધનનો લાભ, સુખ અને સંપત્તિની પ્રાપ્તિ કરે છે. ૯.

द्वादश दशम चतुर्थो जन्मनि षष्ठाष्टमे तृतीयेच ॥
व्याधिं विदेश गमनं मित्रविरोधं सुरगुरुः कुरुते ॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં બારમો, દશમો, ચોથો, પહેલો, છઠ્ઠો, આઠમો અને ત્રીજો ગુરૂ આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; શરીરને વિષે વ્યાધિ, પરદેશ ગમન તથા મિત્રોની સાથે વિરોધ કરાવે છે. ૧૦

॥ अथ शुक्रफलम् ॥

द्विधर्म लाभाष्टमगे सुते स्यात्
व्ययाख्य वन्हि प्रथमेऽपि शुक्रः ॥
चतुर्थगश्चापि समागमं च
सत्पुत्रवर्गादिसुखं करोति ॥ ११ ॥

હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં બીજો, નવમો, અગીઆરમો, આઠમો, પાંચમો, બારમો, ત્રીજો, પહેલો અને ચોથો શુક્ર આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; સર્વ માણસોની સાથે મેળાપ કરાવે તથા સત્પુત્રાદિનો લાભ અને સુખની પ્રાપ્તિ કરે છે. ૧૧.

कर्म सप्त रिपुगो शुभो स्मृतो
रोगशोकमपि दत्तवान् भृगुः ॥
कार्यनाशनमथो महापदं
स्त्रीविरोधमपि रोगतां सदा ॥ १२ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં દશમો, સાતમો અને છઠ્ઠો શુક્ર આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; શરીરને વિષે રોગ અને શોક ઉત્પન્ન કરે છે, ધારેલા કાર્યનો નાશ, મહા વિપત્તિ, સ્ત્રીની સાથે વિરોધ તથા નિરંતર રોગીપણું પ્રાપ્ત કરાવે છે. ૧૨.

॥ अथ शनि फलम् ॥

त्रिषष्ठे च लाभे शनिश्चापि सौख्यं
ततो लाभकारी हिरण्यांबराणि ॥
नृपान्मित्रपक्षाज्जयं चार्थलाभं
करोत्यर्थलाभं सुखं संपदंच ॥ १३ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો, છઠ્ઠો અને અગીઆરમો શનિ આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; સુખ, સુવર્ણ અને વસ્ત્રનો લાભ, રાજા અને મિત્ર પક્ષથી જય, ધનની પ્રાપ્તિ તથા સુખ અને સંપત્તિ પ્રાપ્ત થાય છે. ૧૩.

द्वादश जन्म चतुर्थ पंचाष्टदश द्विसप्त नवमेऽपि ॥
स्वजनेनापि कलहं द्रव्यार्थहानिमर्कजः कुरुते ॥ १४

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં બારમો, પહેલો ચોથો, પાંચમો, આઠમો, દશમો, બીજો, સાતમો, અને નવમો શનિ આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; સ્વજનો અર્થાત્ કુટુંબીઓની સાથે કલેશ તથા દ્રવ્યની હાની કરે છે.

॥ अथ राहुफलम्[1] ॥

उपचयो प्रथमे नवमे तमो
दिशति पुत्र कलत्रधनागमम् ॥
द्वितीय पंचमरंध्रमुनिस्थितो
हिबुकरिःफगतो मरणं ध्रुवम् ॥ १५ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો, છઠ્ઠો, દશમો, અગીઆરમો, પહેલો અને નવમો રાહુ આવે તો તે શ્રેષ્ઠ જાણવો. તેનું ફળ નીચે પ્રમાણે; પુત્ર, સ્ત્રી, અને ધનનો લાભ પામે છે. તથા બીજો, પાંચમો, આઠમો, સાતમો, ચોથો અને બારમો રાહુ આવે તો તે નેષ્ટ જાણવો. તેનું ફળ તે નિશ્ચય મરણ પ્રાપ્ત કરે છે. ૧૫.

---

૧ રાહુના ફળની બરાબર કેતુનું ફળ સમજવું.

॥ अथ ह्रस्व शनिफलम् ॥

कल्याणी खलु दुःखदा रविसुतो राशौ चतुर्थाष्टमे
व्याधिं बंधुविरोधदेशगमनं क्लेशं च चिंताधिकम् ॥
मृत्युश्चैव करोति चापिमनुजं दुःखानि वन्हिर्भयं
लोहं शस्त्रभयं सदैवमसुखं कुर्यादसौसर्वदा ॥ १६ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં ચોથો અથવા આઠમો શનિ આવે તો તેને દુઃખ આપનારી નાની પનોતી જાણવી, તે શરીરને વિષે વ્યાધિ, બાંધવોની સાથે વિરોધ, પરદેશ ગમન, ક્લેશ, અને અત્યંત ચિંતા ઉત્પન્ન કરે, તેમજ તે માણસને નાના પ્રકારનાં દુઃખો, અગ્નિનો ભય અને મૃત્યુ કરે છે તથા લોઢાદિ શસ્ત્રનો ભય, અને હમેશાં દુઃખ કરે છે.

॥ अथ दीर्घ शनिफलम् ॥

राशौ द्वादश शीर्ष जन्म हृदये पादौ द्वितीयेशनिः
नानाक्लेशकरोति दुर्जनभयं पुत्रान् पशून्पीडनम् ॥
हानिःस्यान्मरणं विदेशगमनं सौख्यं च साधारणं
रामारिद्धयविनाशनं प्रकुरुते तुर्याष्टमेवाथवा ॥ १७ ॥

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં શનિ બારમો

આવે તો માથાને વિષે પનોતી જાણુવી, પહેલો આવે તે છાતીને વિષે પનોતી જાણુવી તથા બીજો આવે તો પગને વિષે પનોતી જાણુવી. આ મોટી પનોતી જાણુવી તે સાડાસાત વર્ષ સુધી રહે છે. તેનું ફળ—નાના પ્રકારના કલેશ, નઠારા માણુસોથી ભય, પુત્ર અને પશુને પીડા કરે છે, તથા ચોથો અથવા આઠમો શનિ આવે તો તે નાની પનોતી જાણુવી તે અઢી વર્ષ સુધી રહે છે. તેનું ફળ—ધનની હાની, મરણુ, પરદેશ-ગમન, સાધારણુ સુખ તથા સ્ત્રી અને સમૃદ્ધિનો નાશ કરે છે.

**अथ सर्वग्रहाणां फलस्य नियमाः**

राश्यादिगौ रविकुजौ फलदौ सितेज्यौ
मध्ये सदा शशिसुतश्चरमेऽब्जमंदौ ॥
अध्वान्नवन्हिभयसन्मतिवस्त्रसौख्यं
दुःखानि मासि जनिभे रविवासरादौ ॥ १८ ॥

પૂર્વની પેઠે અનુક્રમે ગણુતાં સૂર્ય અને મંગળ રાશિ ઉપર આવ્યા પહેલા ફળ આપે છે. શુક્ર અને ગુરૂ રાશિના મધ્ય ભાગ ઉપર આવ્યા પછીથી ફળ આપે છે, બુધ હમેશાં ફળ આપે છે. તથા ચંદ્ર અને શનિ અંતમાં ફળ આપે છે. હરકોઈ માણસનો જન્મ જે નક્ષત્રમાં થયો હોય તેજ નક્ષત્ર

જે મહિનામાં રવિવારને દિવસે આવે તેજ મહિનામાં પરદેશ કરાવે, સોમવારને દિવસે આવે તો અન્નનો લાભ થાય, મંગળવારને દિવસે આવે તો અગ્નિનો ભય થાય, બુધવારને દિવસે આવે તો શ્રેષ્ઠ બુદ્ધિ થાય, ગુરૂવારને દિવસે આવે તો વસ્ત્રની પ્રાપ્તિ થાય, શુક્રવારને દિવસે આવે તો સુખની પ્રાપ્તિ થાય તથા શનિવારને દિવસે આવે તો તે મહિનાને વિષે દુઃખની પ્રાપ્તિ થાય છે. ૧૮.

॥ अथ ग्रहाणां राशिभोगः ॥

मासं शुक्रबुधादित्याः सार्धमासं तु मंगलः ॥
त्रयोदशगुरुश्चैव सपादद्विदिने शशिः ॥ १९ ॥
राहुरष्टादशान्मासान् त्रिंशन्मासान् शनैश्चरः ॥
यथा राहुस्तथाकेतू राशिभुक्ताः प्रकीर्तिताः ॥२०॥

શુક્ર બુધ અને સૂર્ય દરેક રાશિ ઉપર એક મહિના સુધી રહે છે. મંગળ દોઢ મહિના સુધી રહે છે, ગુરૂ તેર મહિના સુધી રહે છે, ચંદ્રમા સવાબે દિવસ સુધી રહે છે, રાહુ અઢાર મહિના સુધી રહે છે તથા શનિ ત્રીસ મહિના સુધી રહે છે. જેવી રીતે રાહુ અઢાર માસ ભોગવે છે તેવીજ રીતે કેતુ પણ અઢાર માસ ભોગવે છે. ૧૯–૨૦.

॥ अथ शनैश्चर पादविचारः ॥

जन्मेरसे रुद्र सुवर्ण पाद
द्वि पंच नंदा रजतं शुभं च ॥
त्रिसप्तदिक् ताम्रपदं वदंति
चतुष्टमर्कादिति लोह कष्टम् ॥ २१ ॥

પ્રથમ જે દિવસે શનિ બદલાતો હોય તે દિવસે જે રાશિનો ચંદ્ર હોય તે જોઈ નિશ્ચય કર્યા બાદ હરકોઇ માણસને પોતાની રાશિથી ચંદ્રની રાશિ સુધી ગણતાં પહેલો, છઠ્ઠો અને અગીઆરમો ચંદ્ર આવે તો સોનાને પાયે પનોતી જાણવી. બીજો, પાંચમો અને નવમો ચંદ્ર આવે તો રૂપાને પાયે પનોતી જાણવી. ત્રીજો, સાતમો અને દશમો ચંદ્ર આવે તો તાંબાને પાયે પનોતી જાણવી. તથા ચોથો, આઠમો અને બારમો ચંદ્ર આવે તો લોઢાને પાયે પનોતી જાણવી તે બહુ દુઃખ આપનારી છે.

॥ अथ सुवर्णपादफलम् ॥

कुटुंबरोधं बहु रोग युक्तं
क्लेशोदयं चैव करोति नित्यम् ॥
द्रव्यार्थ नाशं बहुलं करोति
सुवर्ण पादे स्वजने विरोधम् ॥ २२ ॥

સોનાને પાયે પનોતી બેઠી હોય તો તે કુટુંબમાં વિરોધ, નાના પ્રકારના ઘણા રોગોથી યુક્ત તથા હમેશાં ક્લેશનો ઉદય કરે છે. તેમજ ઘણા પ્રકાર દ્રવ્યનો નાશ અને સંબંધી વર્ગમાં વિરોધ કરાવે છે. ૨૨.

॥ अथ रूप्यपादफलम् ॥

व्यापारमुग्रं धनधान्य संपति
महत्प्रतापो खलु राज्यमानम् ॥
तद्वर्षमध्ये सुख संपदाप्तिः
स्यान्मंगलानि यदि रौप्यपादम् ॥ २३ ॥

રૂપાને પાયે પનોતી બેઠી હોય તો તે વેપારને વિષે ઘણો લાભ, ધન ધાન્યની સંપત્તિ, મોટા પ્રતાપ, રાજ્ય દ્વાર તરફથી માન, તથા તે વર્ષને વિષે સુખ અને સંપત્તિની પ્રાપ્તિ અને મંગળ કાર્યની પ્રાપ્તિ કરે છે. ૨૩.

॥ अथ ताम्रपादफलम् ॥

अनंतलक्ष्मीःप्रकरोति लाभं
कलत्रपुत्रौ सुख संपदाप्तिः ॥
लाभोदयंश्चैव करोति सौख्यं
ताम्रस्यपादो सुखदो भवंति ॥ २४ ॥

તાંબાને પાયે પનોતી બેઠી હોય તો તે ઘણા પ્રકારની લક્ષ્મીનો લાભ કરે છે. સ્ત્રી અને પુત્ર સંબંધી સુખની પ્રાપ્તિ, લાભનો ઉદય અને સુખની પ્રાપ્તિ કરે છે, અર્થાત્ તાંબાને પાયે બેઠેલી પનોતી સુખને આપનારી જાણવી. ૨૪.

॥ अथ लोहपादफलम् ॥

शरीरपीडा रुधीर प्रकोपं
कलत्रपुत्रौ पशु पीडनं च ॥
व्यापार नाशं नृपति भयं च
लोहस्यपादे निधनं भवंति ॥ २५ ॥

લોઢાને પાયે પનોતિ બેઠી હોય તો તે શરીરને વિષે પીડા, રૂધિરનો પ્રકોપ, સ્ત્રી, પુત્ર અને પશુને પીડા, વ્યાપારનો નાશ, રાજાનો ભય તથા મૃત્યુ કરે છે. ૨૫.

॥ अथ ग्रह दानानि ॥

ये खेचरा गोचरतोऽष्टवर्गाद्दशाक्रमाद्वाप्य-
शुभा भवन्ति ॥ दानादिना ते सुतरां प्रस-
न्नास्तेनाधुना दानविधिं प्रवच्मि ॥ २६ ॥

જે સૂર્યાદિ ગ્રહો ગોચરથી અથવા અષ્ટક વર્ગથી, અથવા

દશાઓના ક્રમથી અશુભ ફળ આપનારા હોય તો તે ગ્રહોનું દાનાદિક કરવાથી હમેંશા પ્રસન્ન રહે છે તેથી કરીને તે ગ્રહોની દાનવિધિ હાલમાં કહે છે. ૨૬.

॥ अथ सूर्यदानम् ॥

माणिक्य गोधूमसवत्स धेनुः कौसुंभवस्त्रं गुडहेम- ताम्रम् ॥ आरक्तकं चंदन पंकजं च वदंति दानं हि प्रदीप्तधाम्ने ॥ २७ ॥

માણેક, ઘઉં, વાછડાસહિત ગાય, રક્ત વસ્ત્ર, ગોળ, સુવર્ણ, ત્રાંબુ, રક્તચંદન તથા કમળ આ સર્વનું દાન સૂર્યના નિમિત્તથી કહેલું છે. ૨૭.

॥ अथ चंद्रदानम् ॥

सद्वंशपात्रस्थिततंडुलांश्च कर्पूरमुक्ताफल शुभ्रवस्त्र- म् ॥ गात्रोपयुक्तं वृषभं च रौप्यं चंद्राय दद्यात् घृत- पूर्ण कुंभम् ॥ २८ ॥

વાંસના પાત્રમાં ભરીને ચોખા, કપૂર, મોતી, શ્વેત વસ્ત્ર, ગાય અથવા બળદ, રૂપુ અને ઘીનો ભરેલો ઘડો આ સર્વનું દાન ચંદ્રના નિમિતથીઆપવું. ૨૮.

॥ अथ भौमदानम् ॥

प्रवालगोधूममसूरिकाश्च वृषारुणं चापि गुडं सुवर्ण-
म्॥ आरक्तवस्त्रं करवीरपुष्पं ताम्रं हि भौमाय वदंति
दानम् ॥ २९ ॥

પ્રવાળ, ઘઉં, મસુરની દાળ, લાલ બળદ, ગોળ, સુવર્ણ, રક્ત વસ્ત્ર, કરેણાના ફુલ તથા ત્રાંબાનું પાત્ર આ સર્વનું દા મંગળના નિમિત્તથી કહેલું છે. ૨૯.

॥ अथ बुधदानम् ॥

चैलं च नीलं कलधौतकांस्यं मुद्गाज्य गारुत्मक
सर्व पुष्पम् ॥ दासी च दंतो द्विरदस्य नूनं वदंति
दानं विधुनंदनाय ॥ ३० ॥

કાળું વસ્ત્ર, સુવર્ણ, રૂપું, કાંસાનું પાત્ર, મગ, ઘી, પાનું, સર્વ જાતનાં પુષ્પ. દાસી તથા હાથીદાંત આ સર્વ બુધના નિમિત્તથી દાન કહેલું છે. ૩૦.

॥ अथ गुरुदानम् ॥

शर्करा च रजनी तुरंगमः पीतधान्यमपि पीत-

मंबरम् ॥ पुष्पराग लवणं स कांचनं प्रीतये सुरगुरोः प्रदीयताम् ॥ ३१ ॥

સાકર, હળદર, ઘોડો, પીળું ધાન્ય (ચણાની દાળ), પીળું વસ્ત્ર, પુષ્પરાગમણિ (પોખરાજ), મીઠું તથા સુવર્ણ આ સર્વ ગુરૂની પ્રીતિના અર્થે આપવું. ૩૧.

॥ अथ शुक्रदानम् ॥

चित्रांबरं शुभ्रतरस्तुरंगो धेनुं श्चवज्रं रज तंसुवर्णम्॥ सतण्डुलाज्योत्तम गंधयुक्तं वदंतिदानं भृगुनंदनाय ॥ ३२ ॥

ચિત્ર વિચિત્ર વસ્ત્ર, ધોળો ઘોડો, ગાય, હીરા, રૂપું, સુવર્ણ, ચોખા, ઘી તથા સુગંધીવાળી સુખડ આ સર્વ દાન શુક્રના નિમિત્તથી કહેલું છે. ૩૨.

॥ अथ शनिदानम् ॥

माषाश्च तैलं विमलेंद्रनीलं तिलाःकुलित्थामहिषी च लोहम् ॥ सदक्षिणं चेति वदंति नूनं दुष्टाय दानं रविनंदनाय ॥ ३३ ॥

અડદ, તેલ, નીલમણિ, તલ, કાંગ, ભેંશ, લોઢું તથા દક્ષિણા આ સર્વ દાન દુષ્ટ શનિના અર્થે કહેલું છે. ૩૩.

॥ अथ राहुदानम् ॥

गोमेदरत्नं च तुरंगमं च सुनीलचैलं नीलकंबलश्च ॥
तिलाश्च तैलं खलुलोहमश्रं स्वर्भानवे दानमिदं
वदति ॥ ३४ ॥

ગોમેદ રત્ન, કાળો ઘોડો, કાળું વસ્ત્ર, કાંબળો, તલ, તેલ તથા લોઢું આ સર્વ દાન રાહુના અર્થે કહેલું છે. ૩૪.

॥ अथ केतुदानम् ॥

वैडूर्यरत्नं सतिलाश्च तैलं सुकंबलं चेति मदो मृगस्य ॥
शस्त्रं च केतोः परितोषहेतो श्छागस्य दानं कथितं
मुनीन्द्रैः ॥ ३५ ॥

વૈડૂર્યમણિ, તલ, તેલ, શ્રેષ્ઠ કાંબળો, કસ્તૂરી, શસ્ત્ર તથા બોકડો આ સર્વ દાન કેતુના સંતોષના અર્થે પંડિતોએ કહેલું છે.

॥ अथ ग्रहाणां नवरत्नानि ॥

माणिक्यं तरणेः सुजात्यममलं मुक्ताफलं शीतगो-
र्माहेयस्यच विद्रुमं मरकतं सौम्यस्य गारुत्मकम् ॥
देवेज्यस्यच पुष्परागमसुराचार्यस्यवज्रं शने-
र्नीलं निर्मलमन्ययोश्च गदितं गोमेदवैडूर्यकम् ॥३६॥

સૂર્યની પ્રીતિના અર્થે માણેક, ચંદ્રની પ્રીતિના અર્થે શ્રેષ્ઠ મોતી, મંગળની પ્રીતિના અર્થે પ્રવાળ, બુધની પ્રીતિના અર્થે પાનું, ગુરૂની પ્રીતિના અર્થે પોખરાજ, શુક્રની પ્રીતિના અર્થે હીરો, શનિની પ્રીતિના અર્થે શુદ્ધ નીલમ, રાહુની પ્રીતિના અર્થે ગોમેદમણિ તથા કેતુની પ્રીતિના અર્થે વૈડૂર્યમણિ આ પ્રમાણે જે ગ્રહ નબળો હોય તે ગ્રહનું નંગ પહેરવાથી તે ગ્રહ પીડા કરી શકતો નથી. આ પ્રમાણે નંગો ધારણ કરવાની શક્તિના હોય તો નીચે પ્રમાણે ધારણ કરવાથી પણ શાંતિ થાય છે.

॥ अथ ग्रहाणां अल्पमूल्यानिरत्नानि ॥

धार्यं तुष्टयै विद्रुमं भौमभान्वो
रूप्यं शुक्रेन्द्वोश्च हेमेन्दुजस्य ॥
मुक्ता सूरेर्लोहमर्कात्मजेन
लाजावर्त्तःकीर्तितःशेषयोश्च ॥ ३७ ॥

મંગળ અને સૂર્યની પ્રીતિના અર્થે પ્રવાળ, શુક્ર અને ચંદ્રની પ્રીતિના અર્થે રૂપું, બુધની પ્રીતિના અર્થે સોનું, ગુરૂની પ્રીતિના અર્થે મોતી, શનિની પ્રીતિના અર્થે લોઢું તથા રાહુ અને કેતુની પ્રીતિના અર્થે લાજાવર્ત મણિ ધારણ કરવાનું કહેલું છે. ૩૭.

अथ ग्रहाणां जप संख्या.

रवेःसप्तसहस्राणि चन्द्रस्यैकादशैवतु ॥
भौमेदशसहस्राणि बुधेचाष्टसहस्रकम् ॥
एकोनविंशतिर्जीवेशुक्रे एकादशैवतु ॥
त्रयोविंशतिमंदेचराहोरष्टादशैवतु ॥
केतोःसप्तसहस्राणिजपसंख्याप्रकीर्तिता ॥

સૂર્યાદિ ગ્રહોના જપની સંખ્યા કહે છે. સૂર્યના સાત ૭૦૦૦ હજાર, ચંદ્રમાના અગીઆર ૧૧૦૦૦ હજાર, મંગળના દશ ૧૦૦૦૦ હજાર, બુધના આઠ ૮૦૦૦ હજાર, ગુરૂના ઓગણીસ ૧૯૦૦૦ હજાર, શુક્રના અગીઆર ૧૧૦૦૦ હજાર, શનિના તેવીસ ૨૩૦૦૦ હજાર, રાહુના અઢાર ૧૮૦૦૦ હજાર તથા કેતુના સાત ૭૦૦૦ હજાર આ પ્રમાણે સૂર્યાદિ ગ્રહોની જપ સંખ્યા કહી છે.

॥ अथ दशाया दिनसंख्या माह ॥

रविदिननखसंख्या चंद्रमा व्योमबाणैः
क्षितितनयगजाश्वी चंद्रजः षट्शराश्च ॥
शनिरसगुणसंख्या वाक्पतिर्नागबाणै-
र्नयनयुगं च राहुः सप्ततिःशुक्रसंख्या ॥ २८ ॥

સૂર્યની દશા વીસ દિવસની, ચંદ્રની દશા પચાસ દિવસની, મંગળની દશા અઠ્ઠાવીશ દિવસની, બુધની દશા છપ્પન દિવસની, શનિની દશા છત્રીસ દિવસની, ગુરૂની દશા અઠ્ઠાવન દિવસની, રાહુની દશા બેંતાળીસ દિવસની તથા શુક્રની દશા સીત્તેર દિવસની જાણવી. ૩૮.

**जन्मना विंशतिः सूर्ये तृतीये दश चंद्रमाः ॥**
**चतुर्थे भौम चाष्टौ च षष्ठे वेद बुधस्तथा ॥ ३९॥**
**सप्तमे शनिर्दशश्चैव नवमेगुरुरष्टकम् ॥**
**दशमे विंशती राहुः शेषाः शुक्रदशास्मृता ॥ ४०॥**

હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં જન્મના સૂર્યના વીસ દિવસ સુધી સૂર્યની દશા, ત્રીજા સૂર્યના દશ દિવસ સુધી ચંદ્રની દશા, ચોથા સૂર્યના આઠ દિવસ સુધી મંગળની દશા, છઠ્ઠા સૂર્યના ચાર દિવસ સુધી બુધની દશા, સાતમા સૂર્યના દશ દિવસ સુધી શનિની દશા, નવમા સૂર્યના આઠ દિવસ સુધી ગુરૂની દશા, દશમા સૂર્યના વીસ દિવસ સુધી રાહુની દશા તથા બારમા સૂર્યના સંપૂર્ણ દિવસ સુધી શુક્રની દશા કહેલી છે. ૩૯—૪૦

॥ अथ दशाफलम् ॥

सूर्यो वित्तविनाशनं प्रकुरुते धर्मार्थलाभं शशी
भौमः शस्त्रविघातरोगमरणं चंद्रात्मजः संपदम् ॥
मंदो मंदगतिर्गुरुश्च विभवं राहुस्तथा बंधनं
सर्वाभिष्टफलप्रदो निगदितः शुक्रो दशासंस्थितः ॥

સૂર્યની દશા ધનનો નાશ કરે, ચંદ્રની દશા ધર્મ અને અર્થનો લાભ કરે, મંગળની દશા શસ્ત્રથી ઘા, રોગ અને મરણ કરે, બુધની દશા સંપત્તિનો લાભ કરે, શનિની દશા મંદગતિ કરે, ગુરૂની દશા વૈભવનો લાભ કરે, રાહુની દશા બંધન કરે તથા શુક્રની દશા સર્વ પ્રકારનાં ઈષ્ટ ફળ આપનારી કહી છે. ૪૧

॥ अथ गतवस्तु परिज्ञानमाह. ॥

मेषे वृषे दिशेत्पूर्वे आग्नेय्यां मिथुने तथा ॥
दक्षिणे कर्कटे ज्ञेयो नैऋत्यां सिंह ईक्षते ॥४२॥
कन्यायामुत्तरेज्ञेयं प्रतीच्यां तुलवृश्चिके ॥
धने चैव तु वायव्यामुत्तरे मकरे घटे ॥
मीने ईशामतो ज्ञेयस्तस्करो दिशि लक्षणम्॥४३॥

મેષ તથા વૃષભ લગ્નમાં ખોવાયેલી વસ્તુ પૂર્વ દિશામાં

ગઈ છે, મિથુન લગ્નમાં ખોવાયેલી વસ્તુ અગ્નિકોણમાં ગઈ છે, કર્ક લગ્નમાં ખોવાયેલી વસ્તુ દક્ષિણ દિશામાં ગઈ છે, સિંહ લગ્નમાં ખોવાયેલી વસ્તુ નૈર્ઋત્ય કોણમાં ગઇ છે, કન્યા લગ્નમાં ખોવાયેલી વસ્તુ ઉત્તર દિશામાં ગઈ છે, તુળા તથા વૃશ્ચિક લગ્નમાં ખોવાયેલી વસ્તુ પશ્ચિમ દિશામાં ગઇ છે, ધન લગ્નમાં ખોવાયેલી વસ્તુ વાયવ્ય કોણમાં ગઇ છે, મકર તથા કુંભ લગ્નમાં ખોવાયેલી વસ્તુ ઉત્તર દિશામાં ગઈ છે તથા મીન લગ્નમાં ખોવાયેલી વસ્તુ ઇશાન કોણમાં ગઇ છે. આ પ્રમાણે ચોરની દિશાનું લક્ષણ જાણવું. ૪૨–૪૩.

मेषे च ब्राह्मणश्चौरो वृषे च क्षत्रियो भवेत् ॥
मिथुने वैश्यश्चौरश्च कर्कटे शूद्र एव च ॥
सिंहे तु स्वजनश्चौरः कन्यायां च कुलांगना ॥४४॥
पुत्रो वा यदि वा भ्राता तुलायां तस्करो भवेत् ॥
वृश्चिके म्लेच्छचौरस्याद्भार्या ज्ञेया धनेऽपि च ॥४५॥
मकरे वैश्य श्चौरश्च कुंभे च मुषकस्तथा ॥
मीने भूमिगतं प्रोक्तं नान्यथा तस्करो भवेत् ॥४६॥

મેષ લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર બ્રાહ્મણ જાણવો,

વૃષભ લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર ક્ષત્રિય જાણવો, મિથુન લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર વૈશ્ય જાણવો, કર્ક લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર શૂદ્ર જાણવો, સિંહ લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર પોતાનો માણસ જાણવો, કન્યા લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર કુળની સ્ત્રી જાણવી, તુળા લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર પુત્ર અથવા ભાઈ જાણવો, વૃશ્ચિક લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર મ્લેચ્છ જાણવો, ધન લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર સ્ત્રી જાણવી, મકર લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર વૈશ્ય જાણવો, કુંભ લગ્નમાં ખોવાયેલી વસ્તુનો ચોર ઉંદર જાણવો તથા મીન લગ્નમાં ખોવાયેલી વસ્તુ પૃથ્વીમાં ગઈ છે. આ પ્રમાણે કહેવું, અન્યથા ચોર હોય નહી. ૪૪–૪૬

॥ अथ पित्रादि दोषविचार ॥

पितृजनकृतदोषो दाहतृष्णापि चिंता
ज्वरवमनशिरोऽर्ति मेषलग्नेऽङ्गपीडा ॥
द्विजवरकृतभोज्यं तर्पणं पिंडदानं
जलघटदिनपंच पिप्पलः पूजनीयः ॥ ४७ ॥

મેષ લગ્નને વિષે પ્રશ્ન આવે તો પિતૃઓનો દોષ જાણવો; તેથી શરીરને વિષે દાહ, તૃષ્ણા, ચિંતા, તાવ, ઉલટી તથા

માથાને વિષે પીડા વિગેરે શરીરની પીડા થાય છે; તેની શાન્તિના માટે બ્રાહ્મણ ભોજન, તર્પણ, પીંડદાન તથા પાંચ દિવસ સુધી એક ઘડા પાણીથી પીંપળાની પૂજા કરવાથી પિતૃઓના દોષની શાંતિ થાય છે. ૪૭

वृषे गोत्रदोषो ज्वरस्तापतृष्णा
बलं निर्बलं कर्णनेत्रे विकारः ॥
कृते शक्तिपाठे च नैवेद्यदाने
कृते क्षीरहोमादिके रोगनाशः ॥ ४८ ॥

વૃષભ લગ્નને વિષે પ્રશ્ન આવે તો ગોત્રનો દોષ જાણવો. તેથી કરીને શરીરને વિષે તાવ, મનમાં પરિતાપ, તૃષ્ણા, બળનો નાશ તથા કાન અને આંખને વિષે વિકાર થાય છે; તેની શાંતિના માટે સપ્તશતીનો પાઠ, નૈવેદ્યનું દાન તથા ખીરનો હોમ વિગેરે કરવાથી રોગનો નાશ થાય છે. ॥૪૮॥

सदा देवि दोषो यदायुग्मलग्ने
कटौ च व्यथा अंगभंगो भ्रमश्च ॥
पितुः स्थापनं पूजनं पिंडदानं
शताष्टाहुतीर्गुग्गुलस्यापि कुर्यात् ॥ ४९ ॥

મિથુન લગ્નને વિષે પ્રશ્ન આવે તો સર્વદા દેવીનો દોષ જાણવો. તેથી કરીને કેડોને વિષે પીડા, શરીરનું ભાંગી જવું તથા ભમી જવું વિગેરે દુઃખ થાય છે; તેની શાંતિના માટે પીઠનું સ્થાપન, તેનું પૂજન, પીંડદાન તથા એકસોને આઠ ગુગળની આહુતી આપવાથી દોષનો નાશ થઈ જાય છે. ।।૪૯।।

कर्कोदये शाकिनी दोषमुग्रमजीर्णवातै-
र्मुख शीर्ष पीडा ॥ नैवेद्यदानंपयसापि
माषैर्घृतप्रदीपैः कृत दोषनाशम् ॥ ५० ॥

કર્ક લગ્નને વિષે પ્રશ્ન આવે તો શાકિનીનો મહા ભયંકર દોષ જાણવો. તેથી કરીને અજીર્ણ તથા વાયુથી મુખ અને માથાને વિષે પીડા થાય છે; તેની શાંતિના માટે ઘીનો દીવો કરી દુધ અને અડદના નૈવેધનું દાન કરવાથી તે દોષનો નાશ થઇ જાય છે. ।।૫૦।।

सिंहोदये प्रेत मलीन दोषो
अग्निप्रकोपं वमनातिसारम् ॥
दर्भैः कृतं पूतलिका विधानं
भोज्यं कृतंपिंड तिलतर्पणं च ॥ ५१ ॥

સિંહ લગ્નને વિષે પ્રશ્ન આવે તો મલિન એવાપ્રેતનો દોષ જાણવો તેથી કરીને અગ્નિનો પ્રકોપ, ઉલટી તથા અતિસાર ( ઝાડાનો રોગ ) થાય છે; તેની શાંતિના માટે દર્ભથી પુતલા વિધાન કરી બ્રાહ્મણ ભોજન, પિંડદાન તથા તિલનું તર્પણ કરવાથી દોષની શાંતિ થાય છે. ॥ ૫૧॥

कन्याविलग्नेकृतकर्मदोषः

प्रलापमर्छाभ्रमदाहतापम् ॥

षडांगजाप्यं दशमांशहोमं ।

कृताभिषेको खलुदोषनाशः ॥ ॥ ५२ ॥

કન્યા લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો કર્મનો દોષ જાણવો. તેથી કરીને પ્રલાપ ( બહુ બકવાદ ) મૂર્છા, ભ્રમ, દાહ અને પરિતાપ થાય છે; તેની શાંતિના માટે શિવ પંચાક્ષર મંત્રનો જપ, તેનો દશમાંશ હોમ તથા અભિષેક કરાવવાથી નિશ્ચય દોષનો નાશ થાય છે. ૫૨

तुले क्षेत्रपालः कृतोदोषदुष्टो

ज्वरं चांग पीडा तथा नेत्ररक्तम् ॥

घृतैरक्त पुष्पैश्च सिंदुरयुक्तं

द्विजेंद्रायदानं तिलामाष लोहम् ॥ ५३ ॥

તુળા લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો ક્ષેત્રપાળ સબંધી દુષ્ટ દોષ જાણવો. તેથી કરીને તાવ, શરીરને વિષે પીડા તથા રક્ત નેત્ર થાય છે; તેની શાંતિના માટે ઘી, રક્ત પુષ્પ, સિંદૂર, તલ અને લોઢું આ સર્વ દાન બ્રાહ્મણને આપવાથી દોષની શાંતિ થાય છે. ૫૩

वैतालदोषोऽलि लग्नेप्रकुर्यात्
ज्वरं प्रलापो भ्रमनेत्र पीडा ॥
तस्या विधानं करवीर पुष्पं
सताष्टाहुतिर्गुग्गुलस्य प्रकुर्यात् ॥ ५४ ॥

વૃશ્ચિક લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો વૈતાળનો દોષ જાણવો. તેથી કરીને શરીરને વિષે તાવ, બહુ બકવાદ, ભ્રમ તથા આંખોને વિષે પીડા થાય છે; તેની શાન્તિના માટે તેનું વિધાન કરી કરેણના પુષ્પ સહિત એકસોને આઠ ગુગળની આહુતી આપવાથી દોષનો નાશ થઈ જાય છે. ૫૪

महामारि दोषो धनेचैव लग्ने
शीर्षे च पीडा ज्वरोगात्रभंगम् ॥
तस्मात् कृतं पूतलं क्षेत्रपालं
चंडी विधानं कृतदोषनाशः॥ ५५ ॥

)

ધન લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો મહામારીનો દોષ જાણવો. તેથી કરીને માથાને વિષે પીડા, તાવ તથા શરીરનો ભંગ થાય છે; તેની શાંતિના માટે પુતળું કરી, ક્ષેત્ર-પાળની પૂજા કરી તથા ચંડીનું વિધાન કરવાથી થયેલા દોષનો નાશ થઈ જાય છે. ૫૫.

मृगे मार्गिणी रेफणी क्षेत्रपालाः
सदा नेत्र भंगो ज्वरो देहभंगम् ॥
कृतं पूतलं रक्तपुष्पैर्युतं च
कृतस्नान रुद्रीकृतो दोषनाशः ॥५६॥

મકર લગ્નમાં પ્રશ્ન આવ્યું હોય તો માર્ગિણી, રેફણી તથા ક્ષેત્રપાળનો દોષ જાણવો. તેથી કરીને હમેશાં નેત્રને વિષે પીડા, તાવ અને શરીરનો ભંગ થાય છે; તેની શાંતિના માટે પુતળું કરી રક્ત પુષ્પથી પૂજા કરી તથા રૂદ્રાભિષેક કરવાથી દોષનો નાશ થાય છે. ૫૬

घटे पूर्वजो गोत्र देव्यादि दोषो
ज्वरोद्वेग शोकातिसारं तथैव ॥

अलं पिप्पले दियते पिंडदानं
तिलंतर्पणं ब्रह्मभोज्यादिकं च ॥ ५७ ॥

કુંભ લગ્નમાં પ્રશ્ન આવ્યું હોય તો પૂર્વજ અથવા ગોત્ર દેવ્યાદિનો દોષ જાણવો. તેથી કરીને તાવ, ચિંતા, શોક તથા અતિસાર થાય છે; તેની શાંતિના માટે પીંપળે પાણી રેડી, પીંડદાન આપી, તલ તર્પણ કરીને બ્રાહ્મણ ભોજન કરાવવાથી શાંતિ થાય છે. ૫૭

मीने शाकिनी कर्कशो दोषउग्रः
हृदि जाठरे दाहपीडा ज्वरश्च ॥
कृतं पारणं ब्रह्मभोज्यादिकं च
सताष्टाहुतिर्गुग्गुलस्य प्रकुर्यात् ॥ ५८ ॥

મીન લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો કઠીણ શાકિનીનો ભયંકર દોષ જાણવો. તેથી કરીને છાતીએ તથા પેટમાં દાહની પીડા અને તાવ આવે છે; તેની શાંતિના માટે બ્રાહ્મણ ભોજન તથા ઘી સહિત ગુગળની એકસો ને આઠ આહુતી આપવાથી દોષનો નાશ થઇ જાય છે. ૫૮

# ॥ अथ नवग्रहस्तोत्रम् ॥

॥ श्रीगणेशायनमः ॥ जपाकुसुमसंकाशं काश्यपेयं महाद्युतिम् ॥ तमोऽरिं सर्वपापघ्नं प्रणतोऽस्मि दिवाकरम् ॥१॥ दधिशंखतुषाराभं क्षीरोदार्णवसंभवम् ॥ नमामि शशिनं सोमं शंभोर्मुकुटभूषणम् ॥ २ ॥ धरणीगर्भसंभूतं विद्युत्कान्तिसमप्रभम् ॥ कुमारं शक्तिहस्तं तं मङ्गलं प्रणमाम्यहम् ॥३॥ प्रियंगुकलिकाश्यामं रूपेणाप्रतिमं बुधम् ॥ सौम्यं सौम्यगुणोपेतं तं बुधं प्रणमाम्यहम् ॥४॥ देवानां च ऋषीणां च गुरुं काञ्चनसंनिभम् ॥ बुद्धिभूतं त्रिलोकेशं तं नमामि बृहस्पतिम् ॥ ५ ॥ हिमकुंदमृणालाभं दैत्यानां परमं गुरुम् ॥सर्वशास्त्रप्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥ ६ ॥ नीलाञ्जनसमाभासं रविपुत्रं यमाग्रजम् ॥ छायामार्तण्डसंभूतं तं नमामि शनैश्चरम् ॥ ७ ॥ अर्धकायं महावीर्यं चन्द्रादित्यविमर्दनम् ॥ सिंहिकागर्भसंभूतं तं राहुं प्रणमाम्यहम् ॥ ८ ॥ पलाशपुष्पसंकाशं तारकाग्रहमस्तकम् ॥ रौद्रं रौद्रात्मकं घोरं तं केतुं प्रणमाम्यहम् ॥ ९ ॥ इति व्यासमुखोद्गीतं यः पठेत्सुसमाहितः ॥ दिवा वा यदि वा रात्रौ विघ्नशान्तिर्भविष्यति ॥ १० ॥ नरनारीनृपाणांच भवेद्दुःस्वप्ननाशनम् ॥ ऐश्वर्यमतुलं तेषामारोग्यं पुष्टिवर्धनम् ॥ ११॥ ग्रहनक्षत्रजाः पीडास्तस्कराग्नि समुद्भवाः ॥ ताः सर्वाः प्रशमं यान्ति व्यासो ब्रूते न संशयः ॥ १२॥

॥ इति श्री व्यासविरचितं नवग्रहस्तोत्रं संपूर्णम् ॥

તૈયાર છે. | તૈયાર છે.

## કર્મકાંડનો અદ્વિતીય ગ્રંથ.

# પૌરાણિકકર્મદીપિકા.

જોશી વૃંદાવન વિરચિત.

આ ગ્રંથમાં [illegible] માદ્રીયોગ, દશાંશ સ્નાન, ગ્રહશાન્તિ, [illegible] સંસ્કાર, ગૌમુખપ્રસવ, [illegible] દોષશાન્તિ, [illegible] વાહન, મધુપર્ક, [illegible] ત, વ્યતીપાતશાન્તિ, વાસ્તુશાન્તિ, નવગ્રહ- જ્યેષ્ઠાશાન્તિ, મૂળશાન્તિ [illegible] બીજસહિત નવગ્રહોના મંત્રો, મૃત્યુંજય- જપાત્મકપ્રયોગ, [illegible] યાગ, લક્ષહોમપ્રયોગ, એકાદશી ઉદ્યાપન, જપવિધિ, [illegible] ચંડીપ્રયોગ, [illegible] ઉદ્યાપન, ગંગાપૂજન, કાશી- પુરુષોત્તમમાસ [illegible] ની નામાવળી, નિત્યતર્પણ, દશાહશ્રાદ્ધ, દ્વાદશાહશ્રાદ્ધ નથા [illegible] એકાદશાહ શ્રાદ્ધ વિગેરે સહિત [illegible] આપવામાં આવ્યા છે. તેમજ જે ઠેકાણે સમજણ ના પડે તેવા ઠકાણે ગુજરાતી ટીપો આપવામાં આવી છે, તેથી કરીને યજમાનવૃત્તિ કરનારા [illegible] શાસ્ત્રીઓને, વિદ્યાર્થીઓને તથા વિદ્વજ્જનોને [illegible] કરવા જેવો છે.

કીં. એક રૂપિયો. | પટેલ ઝવેરભાઈ ઉમેદભાઈ.

[illegible] ખર્ચ ૩ આના. | બુકસેલર, [illegible] —અમદાવાદ.